# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

શ્રી જૈન પાઠશાળા
પાથા - તળાજા
મુ. ઠળીયા (સૌરાષ્ટ્ર)

કલ્યાણ પ્રકાશન મંદિર
પાલીતાણા

વર્ષ ૯; ફેબ્રુઆરી ૧૯૫૩ અંક ૧૨

તંત્રી: સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક.

**હવે પછીનો જૈનતીર્થ વિશેષાંક તા. ૧૫-૪-૫૩ના રોજ પ્રગટ થશે**

વર્ષ ૯ : ફેબ્રુઆરી : મહા
અંક ૧૨ : ૧૯૫૩ : ૨૦૦૯

# દિવ્ય દર્શન


| લેખ | લેખકનું નામ. | પેજ |
|---|---|---|
| શ્રદ્ધાનું પરિબળ | શ્રી | ૫૬૫ |
| અંતર્મુખતા કેળવો | શ્રી મફતલાલ સંઘવી | ૫૬૭ |
| કર્મનું પ્રાબલ્ય | શ્રી રમણિકલાલ પી. દોશી | ૫૭૦ |
| સાધુ-સાધ્વીના જીવનચર્યા | શ્રી શાંતિલાલ એમ. શાહ | ૫૭૧ |
| કર્મબંધના હેતુઓ | મા. ખુબચંદ કેશવલાલ | ૫૭૩ |
| મહાસાગરનાં મોતી | શ્રી વલ્લભજી ભાણજી મહેતા | ૫૭૫ |
| મનની મીઠાશ | શ્રી કીશોરકાંત ગાંધી | ૫૭૬ |
| મધપૂડો | શ્રી મધુકર | ૫૭૮ |
| શંકા-સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. | ૫૮૧ |
| ધન્ય સાત્ત્વિકતા | પૂ. મુનિરાજ શ્રી જયંતવિજયજી મ. | ૫૮૪ |
| બાલજગત | જુદા જુદા લેખકો | ૫૮૯ |
| આજનું કોંગ્રેસી તંત્ર | શ્રી મનુ સુબેદાર | ૫૯૮ |
| સત્તાનો સદુપયોગ કરો | પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર | ૬૦૨ |
| દ્રવ્યાનુયોગની મહત્તા | પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર | ૬૦૪ |
| દીવો | પૂ. મુનિરાજ શ્રી લલીતવિજયજી મહારાજ | ૬૦૭ |
| જગતનો કર્તા કોણ ? | પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી મહારાજ | ૬૦૯ |
| આપણી આસપાસ | શ્રી હિંમતલાલ લાલજી ચિનાઇ | ૬૧૪ |
| વર્ષની વિદાય વેળાએ | શ્રી સંપાદક | ૬૧૬ |
| વાર્ષિક વિષયાનુક્રમ | કાર્યાલય તરફથી | ૬૧૮ |
| માસિક સમાચાર | કાર્યાલય તરફથી | ૬૨૨ |
| શબ્દોની પલટાતી વ્યાખ્યા | શ્રી ચંદ્ર | ટાઇટલ પેજ ૩ જું |


## ઉ૦પ૦યો૦ગી

દારેસલામના જે જે ભાઇઓને લવાજમ ભરવાનાં હોય તેઓએ અમારા એજન્ટ ભાઇશ્રી દામોદર આશકરણ બહારગામ હોવાથી ભાઇ પ્રભાશંકર કલ્યાણજી પોષ્ટ બોક્ષ નં. ૪૭૬ દારેસલામ આ સીરનામે ભરવાં.

આગામી અંકે નવું વર્ષ શરૂ થતું હોવાથી વિશેષાંક તા. ૧૫-૪-૫૩ ના રોજ પ્રગટ થશે. ૧૫-૩-૫૩ નો અંક બંધ રહેશે.

જાન્યુઆરીના અંકમાં 'કલમ કે દોસ્ત' મંડળના સભ્યોના નામમાં અમૃતલાલ વી. સંઘવી હરસોલ છપાયું છે એના બદલે અમૃતલાલ પી. સંઘવી સમજવું.

બારમા અંકે ઘણા ભાઇઓનાં લવાજમ પુરાં થાય છે તો રૂ. ૫-૦-૦ મનીઓર્ડરથી મોકલી આપવા વિનંતિ છે, વી. પી. કરવામાંનાહક સમય અને નવ આનાનો ખર્ચ વધારે લાગે છે.

વર્ષ દરમીયાન જે જે ભાઇઓએ સહકાર આપ્યો છે, એ બદલ તેઓના આભારી છીએ.

દશમા વર્ષનો પહેલો-બીજો અંક 'જૈનતીર્થ વિશેષાંક' તરીકે પ્રસિદ્ધ થશે, તેને અંગેની જાહેરાત આ અંકમાં પ્રસિધ્ધ થઇ છે, તે જોઇ લેવી. 'વિશેષાંક' માટેની તમારી કૃતિઓ વ્હેલાસર મોકલાવી દેવી.

**લેખો અને ફોટાઓ વગેરે તા. ૧-૩-૫૩ સુધીમાં મોકલી આપશો.**

વર્ષ ૯;   ફેબ્રૂઆરી ૧૯૫૩   અંક ૧૨.

કલ્યાણ

સંપાદક
સોમચંદ.ડી.શાહ.

## શ્રદ્ધાનું પરિબલ.................શ્રી૦

ત્રણ મણ, સાડાત્રણ કે ચાર મણ વજનની કાયામાં રહેલું નાનકડું મન, કેટ-કેટલું શક્તિમાન છે; એ હકીકત કયારેક જીવનમાં પણ અનુભવી શકાય છે. મન વિના જ્યારે કોઇક ન્હાનું પણ કાર્ય આપણા પર પરાણે લાદી દેવામાં આવે છે, ત્યારે ઉત્સાહ રહિત બની આપણે એ કાર્ય ગમે તે રીતે પુરૂં કરી, હાશનો દમ ખીંચીએ છીએ. આ પ્રસંગે આપણને સ્હેજે સ્હમજાઇ જાય છે કે, મન વિના કાંઇ થતું નથી, કારણ કે, કોઈ પણ કાર્ય ત્યાંસુધી વિકટ લાગે છે, જયાંસુધી મન પર એ કામ લીધું ન હોય. માટે જ કહી શકાય કે, માનવ ધારે તો એને માટે કશું અશકય કે દુઃશકય નથી જ.

પણ માનવની ધારણા એટલે શું? માનવના મનનું સામર્થ્ય, તેની દૃઢ સંકલ્પશક્તિ, ઇચ્છાયોગ કે આત્મશ્રદ્ધા; આ જ વસ્તુ માનવને સમર્થ બનાવવા માટે બસ છે. આત્મા અનંત શકિતઓનો સ્વામી છે. અનંતાનંત ચેતન શક્તિઓ એનામાં ભંડારાઈને પડેલી છે. પણ આત્માનો કાબૂ, અંકુશ કે તેનું સ્વામીત્વ આજે તેની પોતાની શકિતઓ પર રહ્યું નથી. પેલું નાનકડું મન, આત્માને નિર્બલ, નિઃસત્ત્વ અને ક્ષણે ક્ષણે પામર દશામાં મૂકી દે છે, પરિણામે તે હતવીર્ય બની, કોઈ પણ શુભ કાર્યને સફળ બનાવી શકતો નથી. વૃત્તિઓની ચંચલતા, સુખશીલ સ્વભાવ, વિષય-કષાયોની પરાધિનતા, મમતા તથા મોહ; આ બધાં પાપતત્ત્વો માનવનાં મનને ચોમેરથી ભરડો લઇને મૂંઝવી નાખે છે, એટલે માનવ, દીન-હીન બની પોતાની સ્થિરતાને ગૂમાવી પાંગળો બની જાય છે.

કોઇ પણ શુભકાર્ય કરવા માટે તૈયાર થતાં પહેલાં આવો આત્મા વિચારે છે; 'મારાથી આ કેમ થશે? હું કેવી રીતે કરીશ? મારૂં શરીર નરમ છે, હું

કરી શકીશ કે નહિ? ભાઇ, આપણાથી આ ન થાય!' આ બધા નિરાશાભર્યાં આંતર ઉદ્દગારોથી માનવ પોતે જ છેલ્લે પાટલે બેસી જાય છે. ૨૫–૩૦ કે ૩૫ વર્ષનો સશક્ત, તંદુરસ્ત, તથા દૃઢ શરીરનો પણ માનવ, મનની નિર્બળતાથી કેટલીક વખતે ૧૦ કે ૧૫ વર્ષના ઉગતા માનવ કરતાં પણ હીન બળવાળો થઇ કશું જ શુભકાર્ય કરવા સજ્જ બની શકતો નથી.

કબૂતરના સ્વભાવની વિચિત્રતા આ પ્રસંગે યાદ આવે છે; 'કબૂતર પાંખોવાળું પ્રાણી છે. પોતાની સ્હામે આવતા ભયને ટાળવા તે પોતાની જાતે સાવધ બની રક્ષણ મેળવી શકે તેમ છે, છતાં સ્હામેથી એને પકડવા માટે આવતી બિલાડીને એ જ્યારે જૂએ કે તરત ઢીલું બની, પોતાની આંખો મીંચી ત્યાંને ત્યાં ઢગલો થઇ એ પડયું રહે છે. પરિણામે બિલાડી એનો શિકાર કરી જાય છે. બિલાડીને આવતી જોઇ કબૂતર જો તે વેળા પાંખો ફફડાવી, હિમ્મત એકઠી કરી ઉડી જાય તો તે પોતાનું રક્ષણ કરી શકવાને સમર્થ છે, છતાં આમ પોતાના હાથે પોતે વિનાશના મુખમાં જઇ પડે છે. આ કેવી વિલક્ષણપ્રકૃતિ!'

માનવજાતને માટે પણ આ જ હકીકત લાગુ પડે છે. પોતાનું હિત સાધવાની, કલ્યાણ કરવાની, તથા જાતના ઉધ્ધાર માટેની એના પોતામાં કેટ-કેટલી અમાપ શક્તિઓ ભરેલી પડી છે. એની તાકાત, જોમ, તથા તેજસ્વિતા અદ્દભૂત છે, છતાં એ જાતે પોતાના હિત માટે પ્રબલ પુરુષાર્થ આચરતો નથી, ને કેવળ મનની નિર્બલતાને વશ થઈ જીવન હારી જાય છે. જીવનને ઉન્નત બનાવનારા તપ, ત્યાગ, સંયમ કે એવા શુભ અનુષ્ઠાનો પ્રત્યે શ્રદ્ધાને ખોઇ બેસે છે. પરિણામે ઇહલોક તથા પરલોકના કલ્યાણપથથી તે ભ્રષ્ટ બને છે.

આજે અશુભ કાર્યોમાં, દુષ્ટ પ્રવૃત્તિઓમાં; વૈષયિક સાધનો કે ઇંદ્રિયસુખોમાં પાવરધા આત્માઓ, આત્મકલ્યાણકર પુન્યપ્રવૃત્તિઓમાં શ્રદ્ધા હારીને નિર્બલ બની બેઠેલા આપણી નજરે પડે છે. 'મારાથી કેમ ન થાય? હું કરી શકીશ જ, મારે કરવું જ છે,' આવી આત્મશ્રદ્ધા પ્રત્યેક માનવે શુભ પ્રવૃત્તિઓ માટે કેળવવાની જરૂર છે. તો શ્રદ્ધાની પ્રબલતાથી આત્માનું વીર્ય જાગે છે. વિઘ્નો, નિર્બલતા. અશ્રદ્ધા, તથા માનસિક અશક્તિ આપ મેળે ટળી જાય છે. શરીરમાં ચૈતન્ય સ્ફૂરે છે. જીવન સ્વસ્થ, સુખી, તથા આનંદમય બને છે. દુઃખો તેને મૂઝવતાં નથી. અંતરાયો, વિક્ષેપોને તે ગણકારતો નથી, અને નિર્ભયપણે જીવન સફળતાના માર્ગે તે ભગીરથ પુરુષાર્થ આચરતો રહે છે. આવા શ્રદ્ધાશીલ માનવને સિધ્ધિ હાથમાં જ રમતી હોય છે, એ નિઃશંક છે.

જીવનને સાચી રીતે જીવી જવા માટે આજે પ્રત્યેક શુભ પ્રવૃત્તિઓમાં આવા શ્રદ્ધાબલની પહેલી જરૂર છે, એ ભૂલવું જોઇતું નથી.

# બંધુઓ ! અંતર્મુખતા કેળવો.

શ્રી મફતલાલ સંઘવી.

સંસારના સર્વ ગ્રન્થોમાં શિરોમણિ એવા જીવનગ્રન્થના પાને-પાને આલેખાયલાં ગંભીર સત્યોને અવલોકવા માટે હે માનવબંધુ ! તું અંતર્મુખતા કેળવ.

વિજ્ઞાનના આ ઝડપી યુગની ઝપટમાંથી ઉગરવા માટે પ્રત્યેક સ્ત્રી-પુરુષે પોતાના રોજના જીવનમાં આત્મનિરીક્ષણને અવશ્ય ગૂંથી લેવું જોઇએ કે જેથી કરીને ભૌતિક જગતના રંગરાગ જોઇને ઘડીભરને માટે ડોલાયમાન બની જતા મનને મજબૂત બનાવવાની જરૂરી તાલિમ મળતી રહે.

દિવસભર મહેનત-મજુરી કરીને, રજની ટાણે નિદ્રાખોળે ઢળતાં પહેલાં આજના ઘણા માનવો મનને હળવું કરવા માટે વર્તમાનપત્રોનું કે એવા જ હળવા સાહિત્યનું વાંચન કરે છે અને પછી સૂઇ જાય છે. પરંતુ તેમની તે રીત બરાબર નથી. કારણ કે નિદ્રાખોળે ઢળતાં પૂર્વે નિદ્રિત જીવનને નિર્મળ અને પ્રફુલ્લ બનાવી શકે તેવા પ્રકારનાજ સૂત્રનું રટણ કરવું જોઇએ કે જેને કારણે મનનો થાક ઉતરે અને રોમરોમે આનંદની લહેર ફરી વળે. નિદ્રા પૂર્વે જો માનવી પોતાના દિવસના કાર્યોનું સૂક્ષ્મ અવલોકન કરી લેવાની ટેવ પાડે તો તેના હાથે દિવસ દરમ્યાન થતાં ઘણાં અપકૃત્યો અટકી પડે. કારણ કે સૂક્ષ્મ અવલોકનને પરિણામે જન્મતી સ્વધર્મ પ્રત્યેની જાગૃતિ ~~માનવીને~~ બીજા દિવસે પ્રથમના કરતાં વધુ યોગ્ય રસ્તે જવા પ્રેરે છે અને સમાજને એ રીતે એક આદર્શ માનવની ભેટ મળે છે.

આપણે બધા બહારની દુનિયાના જે વૈભવો જોઇને અંજાઇ જઇએ છીએ, તેના કરતાં અનંતગણી વૈભવશાળી અંતરની દુનિયા છે, અને અંતરની દુનિયાનો તે વૈભવ બહારની દુનિયાના વૈભવ જેવો ક્ષણજીવી નહિ પરંતુ શાશ્વત સનાતન છે. પરંતુ આજે આપણે બધા શાશ્વત-વૈભવની તે દુનિયાને છોડીને ઇન્દ્રિયોને એશ બક્ષતા બહારની દુનિયાના વૈભવો માણવામાં અણમોલ જીવનધન લૂંટાવી રહ્યા છીએ.

આ સંસારમાં આજે જે ભારોભાર અશાંતિ અને કડવાશ ફેલાઇ રહ્યાં છે, તેનું મૂળ કારણ તો એ જ છે કે, દરેકને પોતાને મનગમતા સંસારની રચના કરવા જેટલું દ્રવ્ય મળતું નથી. આ દુનિયાના આજના બધા ઝગડા ભૌતિક રંગરાગ પૂરતા જ છે. શાણા રાજનીતિજ્ઞો વાતો ભલે 'વિશ્વશાંતિ' અને 'માનવ કલ્યાણ'ની કરતા હોય; પરંતુ અંતરમાં તો તેઓ પણ એજ ઝંખતા હોય છે કે, સંસારની સઘળી સમૃદ્ધિ મારા દેશમાં ઠલવાય અને હું મારી પ્રજાને સુખી કરૂં.

માનવતાનું ગળું ટૂંપાવી રહેલા આ ભૌતિકતારૂપી પિશાચને કબજે કરવાનો સાચો માર્ગ એકજ છે અને તે જીવનને આત્મનિરીક્ષણ દ્વારા પ્રગટતી આત્મપ્રભા વડે સમૃદ્ધ બનાવી, ભૌતિકબળોના અવાસ્તવિક મૂલ્યાંકનોને મીટાવી દેવાં.

એક કોડીની કિંમતની વસ્તુ મેળવવા માટે માનવી, ધર્મના અને ઇશ્વરના સોગંદ ખાય ત્યાં ભૌતિકબળોનું જ શાસન સ્થપાય કે બીજું કંઈ થાય ? પરાકાષ્ઠાએ પહોંચેલા આપણાં બહિર્મુખ-જીવનને જો આપણે આત્મ શાસન નીચે નહિ લાવી શકીએ તો આપણો સર્વનાશ થઇ જશે. કારણ કે જીવનનું

નિર્માણુ વૈભવ માણવા માટે થયું જ નથી. જીવન તો છે પરમ સુંદર જીવનનો સંસારમાં જયનાદ ગજવવા માટે અને પરમ સુંદર જીવન મેળવવા માટે. જ્યારે આપણે બધા તો જીવનનો એના મૂળ હેતુથી વિરુદ્ધ દિશામાં જ ઉપયોગ કરી રહ્યા છીએ અને પછી બૂમો પાડીએ છીએ કે 'અમે દુ:ખી છીએ' તો પછી જીવનદ્રોહી દુ:ખી ન હોય તો શું સુખી હોય ?

પરંતુ અફસોસ કે આજે આપણે આપણા ઘરમાંથી દૂર નીકળી જઇ, બહારની દુનિયામાં આપણું ઘર બનાવવા માટે મિથ્યા પ્રયાસો આદરીએ છીએ. જે આપણું નથી તેને આપણું બનાવવા માટે ખોટા ઝઘડા ઉભા કરીએ છીએ. એક વાત બરાબર શીખી લો કે, વસ્તુનું મૂલ્ય એ જ તેની ઉપયોગિતા. તેનો ઉપયોગ એ જ તેનું મૂલ્ય. બાકી બીજી કશી વિશેષતા તેમાં હોતી જ નથી. સ્થૂલ પદાર્થોના માલિકી-હક્ક માટે લડવું એટલે પવિત્ર જીવનને સ્થૂલ બળોના બોજા તળે નાંખવું.

હે ભાઇ ! સંસાર એ તારૂં ઘર નહિ પર આશ્રમ છે. એની સજાવટ માટે તું મિથ્યા દુષ્કૃતો ન આચર. સંસારની કોઇ વસ્તુનો તું માલિક હતો નહિ, છે નહિ અને થવાનો નથી. તો પછી એને મેળવવા માટે આત્મધર્મ શા માટે ચૂકે છે ?

આ સંસારમાં પવિત્ર જીવનનું ગૌરવ સ્થાપવા માટે આપણે જન્મ્યા છીએ; નહિ કે ક્ષણજીવી વસ્તુઓના ગંજમાં દટાઇ જવા માટે. જીવનનું તે ગૌરવ સ્થાપવા માટે આપણે પ્રતિપળે સાવધ રહેવું જોઇએ.

પ્રભાતમાં પથારી છોડતી વખતે અને રાત્રે નિદ્રા પૂર્વે આપણે આપણા જીવનને વધુ ત્યાગસમૃદ્ધ અને ભાવનાશીલ બનાવવા માટે સંકલ્પ કરવો જોઇએ. જીવનમાં જ્યાં જ્યાં અપૂર્ણતા અને વિસંવાદિતા જણાતી હોય તેને ટાળવા માટે વધુ મક્કમતાપૂર્વક નિયમિત જીવન ગાળવું જાઇએ.

અંતર્મુખતાનો પ્રભાવ અનેરો છે. આપણે બહિર્મુખ બનીને જે આપત્તિઓ વહોરી છે, તે બધી તેના પ્રભાવથી દૂર થઇ શકે તેમ છે. તેને દૂર કરવા માટે અને ઉન્નત ધર્મમય જીવન ગાળવા માટે આપણે અંતર્મુખતા કેળવવીજ જોઇએ. જે દૃષ્ટિ આપણને મળી છે, તે બહારનું જોવા માટે જ નહિ પરંતુ બહારનું જે બધું આપણે જોઇએ તે અંતરમાં પ્રગટાવવા માટે.

અનંત આત્મ-સામર્થ્ય આપણું પ્રગટ થાય અને આપણે દુનિયાને દુ:ખમુક્ત કરીએ એવી અભિલાષા કોને ન થાય ? પણ તે અભિલાષાની પરિપૂર્ણતા ત્યારે જ શકય બને જ્યારે આપણે આત્મ-સામર્થ્યના સાચા અનુરાગી બનીએ. તેની જ આસપાસ આપણું જીવન ગોઠવાય.

નિજ ક્ષુધાની તૃપ્તિ કાજે ઠેરઠેર રઝળતા રાનુ પશુઓની જેમ જો માનવ પણ નિજ ઇન્દ્રિયો સંતોષવા માટે ઠેરઠેર રઝળતો રહેશે તો માનવજાતમાં ભારોભાર પાશવતા ફેલાઇ જશે.

નિસર્ગદત્ત નિજ સ્થાનેથી ડગી ગએલા માનવને પુન: ગૌરવભર્યા નિજ સ્થાન પર અભિષિક્ત કરવાનું સામર્થ્ય જેનામાં છે, તે આત્માની અનંત શક્તિને પામવા માટે આપણે બધા અંતર્મુખદૃષ્ટિ કેળવી બહારની દુનિયાને તેનો મહિમા સમજાવીએ એજ અભ્યર્થના !

# કર્મનું પ્રાબલ્ય

## શ્રી રમણિકલાલ પી. દોશી

અસાર સંસારની અંદર પરિભ્રમણ કરતા આ જીવે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકની ગતિમાં અનેક પરિભ્રમણો કર્યાં. અનાદિકાળથી પુદ્ગલાનંદી જીવ મોહને વશ થઇ માયા અને મમતાના, રાગ અને દ્વેષના ભયંકર કર્મબંધન કરે છે. જે ઉદયમાં આવતાં ભોગવવાં પડે છે.

શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જીવે ૧૭ મા ભવે વસુદેવપણામાં મિથ્યા અભિમાનને વશ થઇને પોતાના પહેરગીરને આજ્ઞા આપી કે, જાવ બે સારા ગવૈયાઓને લાવીને વાદ્ય-સંગીતનો જલસો આરંભો; આજ્ઞાનો અમલ થયો, સંગીતની લહેરો ઉછળી, રાજાએ હુકમ કર્યો કે, જ્યારે હું નિદ્રાને વશ થાઉં, ત્યારે સંગીત બંધ થવું જોઈએ. રાજા પોઢી ગયા. સંગીતનો સ્વાદ પહેરગીરોને એટલો સરસ આવ્યો ને ગવૈયાને કહ્યું કે, રાજા તો પોઢી ગયા છે. તમે સંગીતની લહેરી ચાલુ રાખોને? બીચારા ગવૈયાઓએ ગાયન ચાલુ રાખ્યું. અચાનક રાજા જાગી ગયા, ગાયન ચાલતું જોઇને રાજાએ હુકમ કર્યો કે, 'આજ્ઞા ભંગ કરનારને શિક્ષા થવી જ જોઇએ.' "શય્યાપાલકના કાનમાં ધગધગતું શીસું રેડો." રાજાએ કહ્યું. ધગધગતું શીસું કાનમાં જવાથી તત્કાળ બન્ને શય્યાપાલક મૃત્યુને શરણ થયા. વીર ભગવાનના જીવને અભિમાનમાં ખ્યાલ પણ ન હતો કે, મારે આવું કાર્ય કરવાથી તેની સજા કેવી ભોગવવી પડશે? આપણને અત્યારે રાજા બનાવીને રાજ્ય ચલાવવા આપે તો આપણને કેટલું અભિમાન આવી જાય! 'બસ હવે હું જોઇ લઊં કોની તાકાત છે કે મારા સામું એક શબ્દ પણ બોલે. હું એટલે કોણ! મારી આજ્ઞા દરેકે માનવી જ જોઇએ.' આવા મિથ્યા અભિમાનથી ફુલાઇને માનવી કેવા કર્મના કારમા બંધનો બાંધે છે.

મહાવીરસ્વામીના ૧૭મા રાજાના ભવમાં જે શીસું ગાયકોનાં કાનમા રેડાવ્યું તે શય્યાપાલક ૨૭મા ભવમાં ગોવાળીયા તરીકે ઉત્પન્ન થયા. પ્રભુને પોતાના બળદોને સોંપીને ચાલ્યા ગયા. કામ પતાવીને પાછા આવે છે તો બળદો ન મળે. બળદોને નહી જોતા ગુસ્સાથી પ્રભુના કાનમાં ખીલા ઠોકે છે. છતાં પ્રભુ એક પણ શબ્દ બોલતા નથી. જે કર્મ ભગવાન જેવાને પણ ન છોડે તો પછી ડગલે ને પગલે બંધાતા કર્મબંધન શું આપણને છોડશે? કોઈ દિવસ એકાંતમાં વિચાર કર્યો છે કે, હું કોણ? મારો જન્મ કયાં? કયાંથી આવ્યો? કયાં જવાનો? આ લોક શું પરલોક શું? સવારના આઠ વાગે ઊઠ્યો દાતણ કર્યું ના કર્યું ચા આવી ચાને ન્યાય આપ્યો છાપું વાંચ્યું ન્હાઇ–ધોઇ તૈયાર થયા ૧૦ વાગતા દેરાસર જઇ આવ્યો. ભોજન પતાવીને કામ-ધંધે લાગ્યો, રાતના આઠ વાગે થાકયો–પાકયો ઘરે આવ્યો એક કલાક બહાર ફરી આવી રાતના દશ વાગે સુતો વળી પાછો સવારે ઊઠયો અને રોજીંદો કાર્યક્રમ ચાલુ થયો. ઘાંચીના બળદની જેમ જીવન વીતાવ્યું આમાં આત્માના ઊદ્ધારની, જીવની, કર્મની કોઇ વાત કરવા બેસે ત્યારે શું જવાબ આપે? 'ભાઇ! આપણને ફુરસદ કયાં છે? એ તો બધું મહારાજ સાહેબ માટે છે. ઠીક છે આપણે તો સંસારી છીએ, સંસાર લઇને બેઠા, છીએ. એટલે દરેક વસ્તુનો વિચાર કરવો પડે.' ખરેખર! માનવ–જીવનમાં સ્વ-પર આત્મ કલ્યાણની વાતો દુર્લભ થઈ જાય છે, તેવા કપરા–કાળમાં આત્માને શાંતિ કયાંથી મળે? મહારાજ સાહેબ જ્યારે માનવજીવનને દુર્લભ કહે ત્યારે આ પુદ્ગલાનંદી જીવ સંસારનો પક્ષ લઇને તેનીજ વાતોમાં મશગુલ રહે. પ્રભુ મહાવીર પ્રાતઃ–

# સાધુ–સાધ્વી સમાજની અલૌકિક જીવનચર્યા.

શ્રી શાંતિલાલ મણિલાલ શાહ. અમદાવાદ.

૧ તેઓ કદાપિ કોઇપણ જીવની હિંસા કરતા નથી, કરાવતા નથી કે કરનારને અનુમોદન આપતા નથી.

૨ તેઓ કદાપિ જુઠું બોલતા નથી, બોલાવતા નથી કે બોલનારને અનુમોદન આપતા નથી.

૩ તેઓ કદાપિ ચોરી કરતા નથી, કરાવતા નથી કે કરનારને અનુમોદન આપતા નથી.

૪ તેઓ કદાપિ અબ્રહ્મ સેવતા નથી, સેવરાવતા નથી કે સેવનારને અનુમોદન આપતા નથી.

૫ તેઓ કદાપિ પરિગ્રહ રાખતા નથી, રખાવતા નથી કે રાખનારને અનુમોદન આપતા નથી.

---

સ્મરણીય ગૌતમસ્વામી મહારાજને વારંવાર કહેતા કે, હે ગૌતમ! અનંતા વર્ષોના વહાણા વાયા પછી તને માનવજીવન અને વીતરાગનો ધર્મ મળ્યો છે અને તે પણ ભરસમુદ્રમાં પાણીના ટીપા જેવો સૂક્ષ્મ અને ક્ષણીક, માટે ઘડીનો પણ પ્રમાદ ન કર. અનાદિના કુસંસ્કારોથી આત્મા કેટલો જડ થઇ ગયો છે! ધર્મની વાતો કરવામાં આવે ત્યારે જવાબ આપે કે 'હમણા શું છે' વૃદ્ધાવસ્થામાં ધર્મ જ કરવાનો છે ને! બિચારા જીવને ભાન નથી કે, ભવિષ્યના ખોટા ખ્યાલના સર્જેલા સ્વપ્નાઓ આંખ મીચાતા આથમી જશે અને આ જીવ સંસારી કાવાદાવામાં, વિષય અને કષાયના બંધનથી ભારે થએલો ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરતો રહેશે. આ ભવોની પરંપરા ટાળવા માટે શ્રી જિનેશ્વર ભગવંતોએ બતાવેલો અહિંસા, સંયમ અને તપના ઉત્કૃષ્ટ માર્ગનો અમલ કરીને આત્મકલ્યાણ સાધે તો કેવું સારૂં?

૬ તેઓ કદાપિ રાત્રિભોજન કરતા નથી, કરાવતા નથી કે કરનારને અનુમોદન આપતા નથી.

૭ તે મહાત્માઓ કોઇ પણ પ્રકારના વાહનોનો ઉપયોગ કરતા નથી, ગમે તેટલા દૂર દેશાવર જવું હોય તો ય પગે ચાલીને જ જાય છે.

૮ ગમે તેવા ટાઢ–તડકામાં પણ ખૂલ્લા પગે અને ખૂલ્લા માથે જ વિચરે છે, પગરખાં કે શિરોવેષ્ટન આદિનો ઉપયોગ કરતાં નથી.

૯ સંયમની આરાધના માટે, શરીર નિર્વાહ પૂરતું લેવાનું અન્ન, તે પણ કોઇને જરાય મન ન દુભાય, ઉલટું પ્રસન્નતાપૂર્વક આપે, તે રીતેજ ગ્રહણ કરે છે, તેથી તેઓની ભિક્ષાચર્યાને 'ગૌચરી' કે 'માધુકરીવૃત્તિ' કહેવામાં આવે છે. વળી તેઓ પોતાને એક વખત ભોજન થઈ શકે તેથી વધુ ગ્રહણ કરી રાખતા નથી, તેથીજ તેઓ 'કુક્ષિશંબલ' કહેવાય છે.

૧૦ ગમે તેવા સંયોગોમાં પણ ભિક્ષા, ગૃહસ્થને ઘેર જાતે જઇને જ ગ્રહણ કરે છે, ગૃહસ્થ પાસે મગાવતા નથી. તેઓની ભિક્ષા ૪૨ દોષોથી રહિત હોય છે.

૧૧ રાત્રે કદિ પણ ઉપાશ્રયની બહાર જતાં નથી, લાઇટનો ઉપયોગ કરતા જ નથી.

૧૨ વરસતા વરસાદમાં ગમે તેવું અગત્યનું કાર્ય હોય તો પણ જતા નથી. સતત વરસાદની હેલીમાં ઘણીવાર ઉપવાસો કરી લે છે.

૧૩ દરેક મુનિ મહારાજ દરરોજ સવારે મોડામાં મોડા ચાર કે છેવટે પાંચ વાગે તો ઉઠીજ જાય છે, અને પોતાની ધ્યાન–સ્વાધ્યાય આવશ્યકાદિ ક્રિયાઓ કરે છે.

૧૪. ગમે તેવી માંદગીમાં પણ ઉભયટંક આવશ્યક, દેવવંદન, ગુરુવંદન, કે પ્રતિલેખન આદિ ક્રિયાઓ કર્યા સિવાય રહેતા જ નથી.

૧૫ કોઇ પણ જાતનો બદલો લેવાની ઇચ્છા વિના જગતના મનુષ્યોને ધર્મ અને શાન્તિ પમાડે છે. અને સર્વ દુઃખોથી મૂકાવાનો માર્ગ બતાવી મુકિત પમાડે છે.

૧૬ જૈનદર્શન પૃથ્વી–પાણી–પાવક–પવન–અને પાદડામાં પણ જીવ છે એમ માનતું હોવાથી તે તે જીવોની પણ હિંસા જેમાં થતી હોય તેવા વર્તમાન વિજ્ઞાનની શોધથી પ્રાપ્ત થયેલા સાધનોનો (મોટર–ટ્રેન–એરોપ્લેન– ટેલીફોન–રેડીઓ– લાઉડસ્પીકર–વાયરલેસ–ટેલીવીઝન–વિજળીના પંખા વિગેરેનો) જરા ય ઉપયોગ, તે મહાત્માઓ કરતા જ નથી.

૧૭ કોઇ તેમની નિંદા કરે, ગાળ દે કે મારે તો પણ તેઓ તેનો કાંઇજ પ્રતિકાર કરતાં નથી. તેનું (મારનારનું) પણ હિત થાય તેમ જ ચિંતવે છે. પોતાને સહન કરવું પડે છે, તેમાં પણ પોતાના કર્મનો ક્ષય થાય છે, અને સામાને તેમાં નિમિત્ત હોવાથી ઉપકારી માને છે.

૧૮ તેઓ આખો દિવસ જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપ આદિ આત્માના ગુણોના વિકાસ માટે જ પ્રયત્નશીલ રહે છે. જગતના જીવોને મુકિતમાર્ગમાં ગુણપ્રાપ્તિ માટે સહાયક થવું એજ સાધુઓનો આદર્શ હોય છે.

૧૯ તેઓ સર્વ પ્રવૃત્તિ, આ લોકના કે પરલોકના કોઇપણ પૌદ્ગલિક સુખની ઇચ્છા રાખ્યા શિવાય કેવળ એક મોક્ષનાજ હેતુથી કરે છે, તેથી તેઓ મુધાજીવી કહેવાય છે.

૨૦ સર્વ સાધુઓ અને સાધ્વીજીઓ, પ્રતિક્ષણ શ્રી જિનેશ્વરદેવની અને ગુરુમહારાજની આજ્ઞા મુજબ જ વર્તે છે. દેવ–ગુરુની આજ્ઞા સિવાય જવું–આવવું આદિ કોઇપણ ક્રિયા કરતાજ નથી, અરે શ્વાસ લેવા જેવી શીઘ્ર બનતી ક્રિયાઓ કે જેમાં આજ્ઞા માગવા જેટલો અવકાશ રહેતો નથી તે માટે તો પ્રભાતમાં જ बहुवेल संदिसाहु बहुवेल करशुं એ આદેશો માગીજ લે છે. આવું કઠોર આજ્ઞા-પ્રધાન જીવન જીવે છે. આ તો માત્ર બાહ્ય પ્રવૃત્તિનું જ વર્ણન થયું.

આવા ઉત્તમ સુસાધુઓ વિશ્વને આશિર્વાદરૂપ અને કલ્યાણકારી હોય તેમાં શું આશ્ચર્ય છે. આથીજ હંમેશા પ્રભાતમાં પચીસ લાખ જૈનો 'नमो लोए सव्वसाहूणं' કહી મસ્તક નમાવે છે.

---


# વિવિધ પૂજા સંગ્રહ

જેમાં નવપદજીની વિધિ, શ્રી વીરવિજયજી કૃત પૂજાઓ, બારવ્રતની પૂજા, પંચકલ્યાણક પૂજા, સત્તરભેદી પૂજા, અને નવપદ આરાધનની પૂજાઓ વગેરે છે.

પાકું પુઠું, મોટા ટાઇપ, સારા કાગળ, ૪૦૦ પેજ છતાં મૂલ્ય રૂા. ત્રણ. પોષ્ટેજ અલગ.

## સ્નાત્ર મહોત્સવ

મુંબઈ શહેરમાં હમેશાં સંગીત સાથે સ્નાત્રપૂજા, શાંતિકળશ અને અષ્ટપ્રકારી પૂજા સવારના સાત વાગે શ્રી લાલબાગ મોતીશા શેઠના દહેરાસરે ભણાવાય છે, તો દરેક ભાઇઓને પધારવા વિનંતિ છે.

**શ્રી લાલબાગ સ્નાત્ર મંડળ**

ખેતવાડી, ૩ જી ગલી ડાહ્યાભાઇ ઘેલાનો માળો
૧ લે માળે, મુંબઈ ૪.

**શા. ચંદુલાલ જે. ખંભાતવાળા**

**શા. સોહનલાલ મલુકચંદ વડગામવાળા**

ઓ. સેક્રેટરીઓ.

# કર્મબંધના હેતુઓ.

માસ્તર ખુબચંદ કેશવલાલ. વાવ

## [૧] મિથ્યાત્વ.

(૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) કષાય અને (૪) યોગ એ કર્મબંધના મુખ્ય ચાર હેતુ છે અને તેના ઉત્તરભેદ સત્તાવન થાય છે. તે મુળ ચાર બંધહેતુ પૈકી પ્રથમ હેતુ મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે.

(૧) આભિગ્રહિક (૨) અનાભિગ્રહિક (૩) આભિનિવેશિક (૪) સાંશયિક અને (૫) અનાભોગિક.

૧ પોત-પોતાના શાસ્ત્રોથી નિયંત્રિત થઇ ગયેલ છે વિવેકરૂપી આલોક જેઓનો અને પરપક્ષનો પ્રતિક્ષેપ કરવામાં દક્ષ એવા પાખંડિઓનું જે મિથ્યાત્વ તે "આભિગ્રહિક" મિથ્યાત્વ છે.

૨ સઘળાય દેવો વંદ્ય છે. પણ નિંદ્ય નથી અને એજ પ્રમાણે સઘળાય ગુરુઓ અને સઘળાય ધર્મો આરાધ્ય છે, આવા પ્રકારની જે માન્યતા તેનું નામ અનાભિગ્રહિક નામનું મિથ્યાત્વ છે.

જેઓ યથાસ્થિત વસ્તુને જાણતા હોવા છતાં પણ દુરાગ્રહથી વ્યાપ્ત થયેલી મતિવાળા હોય તેઓનું આભિનિવેશિક મિથ્યાત્વ છે.

૪ દેવ, ગુરુ અને ધર્મના વિષયમાં આ સત્ય છે કે આ સત્ય છે ? એવા સંશયવાળાનું મિથ્યાત્વ તે સાંશયિક મિથ્યાત્વ છે.

૫ વિચારશૂન્ય એકેંદ્રિય આદિને અથવા વિશેષ જ્ઞાનથી વિકલ હોય તેને જે મિથ્યાત્વ હોય છે, તે મિથ્યાત્વનું નામ "અનાભોગિક" છે.

હવે બીજી રીતે વિચારીએ તો (૧) લૌકિક મિથ્યાત્વ અને (૨) લોકોત્તર મિથ્યાત્વ એમ બે પ્રકાર પણ મિથ્યાત્વના છે.

૧ જેનો આદર્શ આધ્યાત્મિક પ્રગતિમાં સહાયક ન હોય પણ પ્રતિકૂળ હોય એવા હિંસાદિ દોષ યુક્ત કુદેવને "સુદેવ" માને.

જેના ઉપદેશથી અને વર્તનથી આધ્યાત્મિક પ્રગતિનું પતન થાય તેવા કુગુરુને સુગુરુ તરીકે માને.

અને જેના આચરણથી આધ્યાત્મિક અભ્યુદય સાધી શકાય નહિ એવા હિંસા.અસત્ય વિગેરે કુધર્મને સુધર્મ તરીકે માને.

તે લૌકિક મિથ્યાત્વ કહેવાય છે. અથવા ટૂંકમાં કહીએ તો કુદેવ, કુગુરુ અને કુધર્મને વિષે સુદેવ, સુગુરુ અને સુધર્મપણાની બુદ્ધિ તેને લૌકિક મિથ્યાત્વ કહેવાય છે.

૨ પરતીર્થિકોએ સંગૃહિત કરેલ શ્રી જિનબિંબનું અર્ચન આદિઃ અને આ લોકના અર્થે શ્રી શાન્તિનાથસ્વામી અને શ્રી પાર્શ્વનાથસ્વામી આદિની ઇચ્છિત આપનાર તરીકે પ્રસિદ્ધિને પામેલી પ્રતિમાઓની માનતા આદિ કરવું અને લોકોત્તર લિંગને ધારણ કરતા પાસત્થા આદિને વિષે ગુણપણાની બુદ્ધિથી વંદન આદિ કરવું એ અને આ લોકના ફલને માટે "ગુરૂની સ્તુપ" આદિને વિષે યાત્રા અને ઉપયાચિત આદિ કરવું યા તો તેવા લૌકિકસુખની અભિલાષે વ્રત-નિયમ-તપ-જપ આચરવાં તેને લોકોત્તર મિથ્યાત્વ કહેવાય છે.

આ પ્રમાણે અનેક પ્રકારનાં મિથ્યાત્વ છે. તે પૈકી એક પણ મિથ્યાત્વ આદરવા યોગ્ય નથી. સઘળાય પ્રકારનાં મિથ્યાત્વ પરિહરવાને જ લાયક છે.

આ મિથ્યાત્વ તે મિથ્યાત્વમોહનીયના ઉદયથી જીવને હોય છે. તેનાથી જીવ હિતાહિતનો વિવેક ભૂલી અહિતાચરણમાં પ્રવૃત્ત

હોય છે. જીવાદિ નવતત્વના જ્ઞાન રહિત હોય છે અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરાવી ઘોર કષ્ટો અપાવનાર મિથ્યાત્વ જ છે. અંતર્મુહૂર્ત જેટલા ટાઇમમાં પણ મિથ્યાત્વ-દશાથી કદાપિ રહિત નહિ થનાર આત્માની ભવિષ્યમાં સંસાર-પરિભ્રમણની કંઇ સીમાજ નથી. જ્યારે તેટલો ટાઇમ પણ એકવાર મિથ્યાત્વથી રહિત થઇ જનાર આત્માને સંસાર પરિભ્રમણના કાળની અવધિ વધુમાં વધુ "અર્ધ પુદ્ગલ પરાવર્તન" કાળ સુધીની છે. આવું જાણી મોક્ષાર્થી આત્માએ મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યક્ત્વપ્રાપ્તિમાં ઉદ્યમવંત થવું જોઇએ. કારણ કે મોક્ષપ્રાપ્તિને યોગ્ય વ્રત-નિયમ-તપશ્ચર્યા-ત્યાગ આદિ અનેક ક્રિયાઓ આત્મા મિથ્યાત્વવાસિત હોતે છતે સર્વ વ્યર્થ છે. જેથી તે અનુષ્ઠાન ક્રિયાઓની સફળતા તો મિથ્યાત્વના ત્યાગ હોતે છતે જ થાય છે. આત્મામાંથી મિથ્યાત્વનો અભાવ હોતે છતે નરક અને તિર્યંચ પ્રાયોગ્ય કર્મપ્રકૃતિઓનો બંધ વિરામ પામે છે. મિથ્યાત્વથી રહિત એટલે સમ્યક્ત્વધારી આત્માની ઓળખાણ માટે સડસઠ બોલો શાસ્ત્રમાં દર્શાવેલ છે. તેને સવિસ્તર જાણવાના અર્થીએ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી રચિત સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય વાંચી કંઠસ્થ કરવી જરૂરી છે. તેમાંના સમ્યક્ત્વનાં પાંચ લક્ષણો આ પ્રમાણે છે.

(૧) આસ્તિક્ય ૨ અનુકંપા ૩ નિર્વેદ ૪ સંવેગ ૫ ઉપશમ.

૧ આસ્તિક્ય-જે આત્માએ રાગદ્વેષને સર્વથા જીત્યા છે એવા વીતરાગ, તારક તીર્થના સ્થાપક છે. શ્રી જિનેશ્વરે જે કહેલ છે તે સાચું, તેજ શંકા વિનાનું એમ માનવું તે આસ્તિક્ય છે. શ્રી મહાવીર જિન હતા. એ જિન ન હોત તો આપણે એમને એ ન માનત. આપણે નામના પૂજારી નથી પણ જેઓમાં જિનપણું હોય તેઓના પૂજારી છીએ, જેઓએ કર્મનો તમામ કચરો ખાલી કરી અનંત જ્ઞાન અનંત દર્શનાદિ નિજ સ્વરૂપ પ્રાપ્ત કર્યું તેનું કહેલું તે બધું એ સાચું, જરા પણ શંકા વિનાનું આવી માન્યતા એનું નામ આસ્તિક્ય. બાકીના ચાર હોય યા ન પણ હોય પણ આ પહેલું લક્ષણ તો સમ્યગ્દ્રષ્ટિમાં હોવુંજ જોઇએ; આ ન હોય તો બધું નકામું.

૨ અનુકંપા-દ્રવ્ય અનુકંપા અને ભાવ અનુકંપા. દ્રવ્યાનુકંપા કરે ત્યાંએ ભાવાનુકંપાનો ઝરો વહે. ભાવાનુકંપા એટલે સામાને ધર્મહીન દેખી દયા આવે, અને તેને માર્ગમાં લાવવાનો પ્રયત્ન કરે.

૩ નિર્વેદ એટલે સંસારને કેદખાનું માનવું. સમ્યગ્દ્રષ્ટિ આત્મા સંસાર ને કારાગાર માને. સંસારથી નીકળવાની ભાવના ધરાવે.

૪ સંવેગ એટલે સંસારની અરુચિ અને મોક્ષની રુચિ. શ્રી ઉપાધ્યાયજી મહારાજા કહે છે કે "સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક"

૫ ઉપશમ-મોક્ષની સાધનામાં ગમે તેવા વિઘ્નો આવે તેને પરમ શાંતિથી સહે તેનું નામ ઉપશમ. આ સમ્યક્ત્વ જેનામાં આવે તે જૈન. અને તે એક મોક્ષસુખને જ ઇચ્છે છે. આ લક્ષણો હોય તો જગતમાં જૈનપણું બતાવી શકીએ. સહવાસમાં આવનાર ઉપર છાપ પાડી શકીએ. આ એક—એક લક્ષણ એવું છે કે સંસાર પરિભ્રમણના બધા હેતુઓનું માત્ર આ પાંચ લક્ષણોથી જ ખંડન થઇ જાય છે. આસ્તિક્ય વડે નાસ્તિકતાનું, અનુકંપા વડે નિર્દયતાનું, નિર્વેદથી સંસારનું સંવેગ વડે સંસારના સુખોનું અને ઉપશમથી કષાયોનું ખંડન થઇ જાય છે.

# મહાસાગરમાં મોતી

શ્રી વલ્લભજી ભાણજી મહેતા.

**સ**મયે જાગ્યો નહીં અને પછી વલોપાત કરવો એ તો રાંડયા પછીનું ડહાપણુ નિરર્થક છે.

**ખ**રી બહાદુરી તો સંયમ કે શીલમાં છે પણુ નહીં સ્વાંગ કે શણુગારમાં. સિંહનું ચામડું ઓઢયે કંઇ સિંહ થઇ જવાતું નથી.

**છ**બી કેવી પડશે તેની ચિંતા તારે ન કરવી માત્ર તારે તો ઠીક સંભાળીને સ્થિર અને શાંત બેસવું.

**વા**ણી વિલાસ માટે નથી પણુ વિકાસ માટે છે. વાણીની સાર્થકતા અંતરશમનમાં છે, નહીં બહિર્ગમનમાં. તેમજ બુદ્ધિની કૃતાર્થતા આત્માની ઓળખમાં છે, નહીં પાંડિત્યમાં કે પ્રસંશાની પ્રાપ્તિમાં.

**અ**વાજ સુધારો, પડઘો એની મેળે સુધરી જશે

**સા**ચી પ્રીતિ માણુસને ભોગમાં નહીં પણુ યોગમાં દોરે છે, લૌકિકમાં નહીં પણુ અલૌકિકમાં પ્રેરે છે.

**સ્વા**ર્થ એવો વિચિત્ર અંધાપો છે કે, માણુસને તે સાચું દેખવા દેતો નથી, પોતે ખુદ સ્વાર્થી છે એનું એને ભાન થવા દેતો નથી અને બીજા બધા સ્વાર્થી છે એવું એને ભાન નિત્ય રહે છે.

**મા**ણુસને ઐશ્વર્ય કે પ્રભુતા ખૂબ જોઇએ છે પણુ તે મેળવવા ઊંધા રસ્તા લે છે, ઐશ્વર્ય કે પ્રભુતા પ્રેમથીજ મળે છે પણુ નહીં જોહુકમી, ભય કે અત્યાચારથી.

**તું** જગતનો બે દિવસનો મુસાફર છે. તારો માલ વેચી ખાલી થઇ તારા પંથે પડજે.

**સ**જ્જનની સંકડાસ સારી અને દુર્જનની મોકળાશ ભૂંડી.

**તા**રી વિશેષ પડતી જરૂરીઆતો તને મૂંઝવે છે, નહીં વસ્તુ કે વ્યકિતનો અભાવ. તારી જરૂરીઆતો ઓછી નહીં થાય ત્યાં સુધી તને કોઈ સુખ કે શાંતિ આપી શકશે નહીં અને તારા નિત્યના બળાપા રહેવાનાજ.

**તા**રૂં કોઇ નથી એમ તું કહેતો ફરે છે પણુ તારા અંતરને પૂછી જો કે તું કોઇનો થયો છે ?

**સ**ત્તા કે હઠથી માણુસનું અંતર જીતાયું લાગે પણુ તક આવ્યે સામાનો અંતરરોષ અગ્નિજવાળા પેઠે ભભૂકી ઉઠશે.

**સ**ત એ જીવનનું સત્ત્વ છે અને સત્ત્વ નીકળી ગયા પછી જીવન મૃત્યુથીએ દુઃખકારી, શુષ્ક અને વ્યર્થ બને છે.

**પો**તાને આધીન થવું ગમતું નથી છતાં માણુસ બીજાને આધીન બનાવવા ઈચ્છે છે, કોશીશ કરે છે. એને એટલુંએ ભાન નથી કે, જ્યારે પોતાને આધીન થવું ગમતું નથી ત્યારે બીજાને આધીન થવું કેમ ગમે ? આધીન થયા વિના સ્વાધીનતા પ્રાપ્ત થતી નથી.

**ત**ત્ત્વજ્ઞાન એ સ્વયં ભૂષણુરૂપ છે. એને બીજા જ્ઞાનના શણુગારની જરૂર નથી. બલ્કે એ બીજા જ્ઞાનને શણુગારે છે.

**અ**સત્‌માંથી સત્‌માં લઇ જાય; તમસ્‌માંથી જ્યોતિમાં દોરે અને મૃત્યુમાંથી અમૃતના આરે ઉતારે તેનેજ આત્મવિદ્યા કહે છે, તેને જ બ્રહ્મવિદ્યા, પરા વિદ્યા અને મધુવિદ્યા કહે છે.

**અં**કુશ કે જાગૃતિ ન રહી તો અંતરપાતાલમાં છુપાયેલી વાસના વિષયાકારે ઉભી

# મનનની મીઠાશ

શ્રી કિશોર ગાંધી.

ફક્ત ફૂલ જેવાં રૂપરંગ હોય તેની જગતમાં કશીયે કિંમત નથી, પણ તેની અંદર ગુલાબ જેવી સુવાસ પણ હોવી જ જોઇએ ના?

ખેડૂત ખેતી કરીને જગતને જીવાડે પણ પોતાનાં બાળકોને જીવાડવા જેટલું ધાન તેની કોઠીમાં ન હોય. ઉદાર માણસોનું પણ એવું જ.

દુર્ગણો ફકત ગરીબાઇમાં જ છે એવું કાંઈ નથી. શ્રીમંતાઇમાં પણ દુર્ગણોના મૂળ ઉંડે ઉંડે સુધી પહોંચેલા છે. ગરીબના દુર્ગુણો ગરીબાઈમાં ઉછરે છે. અને શ્રીમંતોના શ્રીમંતાઇમાં. ગરીબ મજૂર બાર આના વાળી દારૂની બાટલી પીને મન મનાવે છે, ત્યારે શ્રીમંત વેપારી ઉચ્ચકોટિનો ફ્રાન્સનો દારૂ વાપરી મન પ્રફુલ્લિત કરે છે.

ગાયને ગધેડાં જોડે બાંધી હોય તો તે ભૂંકતા તો ન જ શીખે પરંતુ લાત મારતા તો જરૂર શીખે. સોબતની આટલી અસર.

દુઃખ વિના સુખ નથી. એમ માનીને દુઃખ સહન કરવું તે સારામાં સારો રસ્તો છે.

આપણી શકિતનો વિચાર કર્યા વિના કાર્યો કરવાથી આપણે અથવા આપણાં સગાંસ્નેહીઓના વર્તુલને વધુ શોષવાનું રહે છે. કારણ કે, આપણે વાવેલાં કડવાં–મીઠાં ફળોનાં વૃક્ષોનાં કડવાં–મીઠાં ફળ જાણે–અજાણે આપણાં બાળકોને અથવા આપણાં પરિચયમાં આવેલા માણસોને ચાખવા જ પડે છે.

અણુમોતે કોઈ મરતું નથી. અકાળે મૃત્યુ મિથ્યાભ્રમણા છે. એક દિવસનું બાળક પણ અકાળમૃત્યુ પામતું નથી. તે દેહનાં તેના કર્મ ભરાઇ ગયા તે તેના મૃત્યુનો અર્થ છે.

જે માણસનું જીવન હંમેશ પારકાનું ભલું કરવામાં જ વ્યતીત થાય છે, તે માણસ મૃત્યુ પામે તો પણ જીવતો રહે છે. કારણ કે અનેક દુઃખી હૃદયોમાં તેણે પોતાનું સ્થાન જમાવી દીધું હોય છે.

તરવાની જે માણસમાં તમન્ના છે અને તરી જવાની જેનામાં શ્રદ્ધા છે, તે માણસ એક દિવસ તે માન્યતાને લીધે તુંબડાથી પણ સાગર તરી જશે. પણ જે માણસમાં તમન્ના કે પોતાની શકિતનો વિશ્વાસ નથી. તે કદાચ સ્ટીમર જેવા વાહનથી પણ તરવા અસમર્થ બનશે. શ્રદ્ધામાંથી જન્મતું બળ બટકણું નથી.

અહંકાર આવે એટલે વિકાસ વિદાય લે છે.

---

થઇ મન સાથે ઇન્દ્રિયોને ખેંચી જીવાત્માને રાગ–દ્વેષના જડબામાં જકડી દે છે. જેટલી ગફલત તેટલી અવનતિ.

કીર્તિ ખાતર કરાતા કર્મ કે વ્યવહાર મૃગજળ જેવા રૂપાળાં લાગે પણ અંતરનો રંગ કે રસ ન હોવાથી તે લાંબા ટકતા નથી. એમાં માત્ર મીઠી પ્રિય વાણીનું જ જમા–ખર્ચ હોય છે, અને ન–છુટકે ધનાદિનો વ્યય હોય.

સર્પ સાણસામાં આવે ત્યારે નરમ બને છે. તેમજ દુર્જન મુશ્કેલીમાં આવે ત્યારે સરલ–સીધો લાગે પણ અંકુશ કે દાબ જતાં તે પોતાનો જાતિસ્વભાવ છોડશે નહીં.

પાત્રતા વિનાને પારસમણિ પણ કામનો નથી. તેમજ અધિકાર વિનાને દીધેલું ઐશ્વર્ય આડે માર્ગે લઇ જાય છે.

તરસ્યાને પાણી પીવાનું કહેવું પડતું નથી અને જે તરસ્યો નથી તેને પાણી દીધે પીતો નથી. માટે વાણી વ્યર્થ કાં વેડફી નાખવી?

સબળ અને નિર્બળ બન્ને દોષો તો જુએ છે, પણ ફેર એટલો કે એક જુએ છે પોતાના અને બીજો પારકાના.

મુશ્કેલીઓ આવે છે ત્યારે એકલી નથી આવતી પણ સમુહમાં આવે છે. બીનઅનુભવી માણુસ મુશ્કેલીઓના અચાનક હલ્લાથી ગભરાઇ જાય છે. પણ જે મનુષ્ય સમજણમાં આવ્યા પછીથી તરત હંમેશા મુશ્કેલીઓ વેઠતો આવે છે તે કદિ મુશ્કેલીથી એકદમ ગભરાઇ નહિ જાય.

જે મનુષ્ય પોતાની જાતને ડાહી માને છે તેની સાથે દલીલો કરવી તે કૂતરાની પૂંછડી સીધી કરવા બરાબર છે.

ઉધાર આપેલા પૈસા મેળવવા મુશ્કેલ હશે પણ ઉધાર લીધેલા પૈસા પાછા આપવા એ એથીયે વધુ મુશ્કેલ છે.

અનુભવ મેળવવા દેશ દેશ, શહેર શહેર કે શેરીએ શેરીએ રખડવું પડતું નથી. પણ અનુભવ મેળવવા માટે હૃદય ખુલ્લું રાખવું પડે છે. સુખી જીવન કરતાં દુઃખી અને ઓશીયાળા જીવનમાં માનવ સામે અનુભવોની પરંપરા ખડી થાય છે.

સગા સ્નેહીઓમાં ત્રણ પ્રકાર છે.

(૧) શિયાળામાં તમને છત્રી આપી ઉનાળામાં તે પાછી માગી લ્યે.

(૨) શિયાળામાં તમને છત્રી આપી ઉનાળામાંતમને તે છત્રી વાપરવા દે પરંતુ ચોમાસાની શરૂઆતમાં તે પાછી માગી લ્યે.

(૩) શિયાળામાં અથવા ઉનાળામાં તમને છત્રી ન આપે પરંતુ ચોમાસામાં તમારો હાથ છત્રી વિનાનો ખાલી જોઇને અથવા તમને વરસાદમાં પલળતા જોઇને તરત તમને છત્રી આપે.

ત્રીજા પ્રકારના સગાસ્નેહી ઉચ્ચ કક્ષાના છે કારણુ કે પહેલા પ્રકારના સગા જ્યારે તમારે મદદ ( વસ્તુ )ની જરૂર ન હોય ત્યારે મદદ આપવાની વાતો કરે પરંતુ ખરી મુશ્કેલીના વખતે તે તમારી મદદે ન આવી શકે. બીજા પ્રકારના સગાસ્નેહી જ્યારે તમારે મદદ (વસ્તુ) ની બહુ ઓછી જરૂર હોય ત્યારે તમને મદદ કરે અને ખરી મુશ્કેલીના વખતે આપેલી (વસ્તુ) મદદના બદલાની માગણી કરે. જ્યારે ત્રીજા પ્રકારના સગાસ્નેહી તમો સુખી હોય ત્યારે તમારી પાસે બહુ ઓછા ડોકાય પરંતુ તમારી ખરી મુશ્કેલીના વખતે તરત શકય મદદ કરે.

---


## મીસ્ત્રી ચીનુભાઈ એન્ડ કું.

અમારે ત્યાં જૈન દહેરાસરો તથા મંદિરોનું સોના-ચાંદીનું કામ જેવું કે, આંગી, મુગટ, સિંહાસન, રથ, ઇન્દ્રધ્વજાની ગાડી વગેરેનું કામ સુંદર અને સંતોષપૂર્વક કરી આપવામાં આવે છે.

ઠે. પારેખ પોળ, ઉંઝા [ ઊ. ગૂ. ]

તા. ક. અમારા માનવંતા ગ્રાહકોને એક વખત પધારવા તથા અમને પૂછાવવા વિનંતિ છે.

## જિન પ્રતિમાજીના— લેપ માટે પૂછાવો !

અમોએ સૌરાષ્ટ્ર, ગુજરાત, દક્ષિણુ, મારવાડ, અને કચ્છના ઘણા શહેરોમાં લેપનું કામ સંતોષપૂર્વક કરી આપ્યું છે. શેઠ આણંદજી કલ્યાણજી પાલીતાણા પેઢીમાં અને તેમના હસ્તક ચાલતાં ઘણાં કામો કરી સર્ટીફીકેટ મેળવ્યાં છે.

પેઇન્ટર ઝવેરભાઇ ગોવીંદ

,, શામજી ઝવેરભાઇ

ઠે જગુમિસ્ત્રીની શેરી પાલીતાણા.

# મધપૂડો

ઉપજાતિ–છંદ:–જાઓ ભલે જીવન આશ સર્વે, ઉત્પાત થાઓ ઉપહાસ થાઓ; થાઓ તિરસ્કાર વિનાશ થાઓ, ન એક થાજો પ્રભુ પ્રીતિ નાશ.

૨૦ નીલકંઠ.

## ચિન્તનિકા.

જીવન સંઘર્ષ ભુજંગ બની જ્યારે ચોતરફથી ભરડો લઇ રહ્યો છે ત્યારે હસતાં હસતાં સહવું, અને સહતાં–સહતાં હસવું એ જીવન જીવવાની ખુબી છે.

વિશ્વમાં શાંતિ, સદ્‌ભાવ તથા વિશ્વાસથીજ સ્થાપી શકાશે, વિશ્વાસઘાતથી કે દુર્ભાવથી નહિંજ.

કાંટે કાંટો ભલે નીકળતો હોય, હીરો હીરાને ભલે કાપતો હોય, પણ વેર તો પ્રેમવડે જ શમે છે, વેરથી નહિ તે નહિજ.

સૌંદર્ય તરવા માટે છે. મારવા માટે નહિ. એનો ઉપયોગ તરાપા તરીકે થવો જોઇએ, તીર તરીકે નહિ.

તમે કહો છો; 'દુઃખ જીરવવું કઠીન છે,' હું સ્હામે પૂછું છું 'શું સુખ પચાવવું ત્યારે સહેલું છે ?

માનવસ્વભાવની આ વિચિત્રતા જૂઓ ! એ પોતાની સફળતાને પોતાની હુંશિયારીનું પરિણામ માને છે, અને પોતે નિષ્ફળ જાય છે, ત્યાં તે સંયોગોને આગળ કરે છે.

તમન્ના અને તાકાત વચ્ચે તફાવત આટલો. તમન્ના સ્વપ્નો સેવે છે. તાકાત એને સિધ્ધ કરે છે.

માણુસાઇ—માનવતા મહાદેવીનાં ચીર સાથે ચેડાં થયાં કરશે, ત્યાં સુધી સંસારમાં કુરૂક્ષેત્રની યુધ્ધભૂમિ રચાયાજ કરશે.

શ્રી નાથાલાલ દામાણી.

મન મોતી ઓર દૂધકા, તીનો એક સ્વભાવ;<br>
ફાટે પીછે ના મિલે, કોટિ જતન બનાવ.

## શોધ અને બોધ.

અમેરિકામાં હમણાં પ્રમુખપદ માટેની જે ચુંટણી થઇ, તેમાં ૧૫ ક્રોડ ડોલરનું ખર્ચ આવ્યું. અને ચુંટણીમાં રીપબ્લીકન પક્ષના ઉમેદવાર જ. આઇઝન હોવર ચૂંટાયા છે. પૈસાનો ધુમાડો તો આનું નામ !

રોકડા દશ લાખ રૂા. ગણુતા જો એક એક લઇને તેને સતત ગણુવામાં આવે તો ૧૧ દિવસ–રાતમાં તે ગણાય, આટલો સમય તેને લાગે છતાં આજે કોટ્યાધિપો પણ પૈસાથી ક્યાં કંટાળે છે ?

પૂના–દક્ષિણ મહારાષ્ટ્રમાં એક દૈનિક છાપાના માલિકે પોતાના પત્રને વહેંચવા માટે ફેરીયા જોઇએ છે'. ની જાહેરાત કરતાં; ફેરીયા માટેની ૧૧૫ અરજીઓ તેના ટેબલ પર આવેલી. તેમાં ૧ ડબલ ગ્રેજ્યુએટ અને અને અનેક અંડર ગ્રેજ્યુએટ યુવાનો હતા. આજની કેળવણી કેટ–કેટલી અપંગ છે, તેનો આ જીવતો–જાગતો પુરાવો જ કહી શકાય ને ?

પેપ્સુ–પંજાબ અને આસામના પ્રદેશ બાદ કરતાં હિંદમાં દર બાર મિનીટે એક મોટર અકસ્માત થાય છે. રોજના ૭ માણુસો મરે છે, ૬૭ ને ઇજા પહોંચે છે. તેર ડ્રાઇવરો પર કેસ ચાલે છે આ તે મોટરકાર કે મોત કાર !

ભારત સરકારના સેક્રેટરીયેટમાં ૬૦ મોટરો તેમજ તેની સાથે જોડાયેલી ૨૩ મોટરો આ રીતે કુલ ૮૩ મોટરો, મધ્યસ્થ સરકારના ખર્ચે આજે નભાવવામાં આવે છે. અત્યારસુધી આ મોટરો ખરીદવા તેમજ મરામત વગેરેનો કુલ ખર્ચ ૮ લાખ ૨૬૬૭૨ રૂા. નો થયો છે.

સત્તા એ તો સાચે મૃત્યુલોકનું સ્વર્ગ છે, એ ખોટું નથી.

તાજેતરમાં બી. ઓ. એ. સીનું જેટ એર લાઇન કોમેટે વિમાને, લંડનથી મુંબઇ સુધીના ૬૪૮૦ માઇલને માત્ર ૧૧ કલાક, ૫૩ મિનીટમાં કાપ્યા હતા. વધુમાં વધુ તે ૪૦ હજાર ફુટની ઉંચાઇએ ઉડયું હતું. આ રીતે તેણે કલાકના ૫૦૦ માઇલનો રેકર્ડ નોંધાવ્યો છે. યાંત્રિક પ્રગતિનો આ યુગ જેટલો જડવાદમાં આગળ ધપી રહ્યો છે, એટલો જો ચેતનવાદમાં આગળ વધે તો કેવું સારૂં ?

મજુરદિનની ઉજવણી અમેરીકામાં ત્રણ દિવસના કાર્યક્રમ દ્વારા ઉજવાઇ હતી, તે દરમ્યાન ૬૦૦ અકસ્માતો થયા હતાં આનું નામ વિજ્ઞાન!

જયોર્જ ડિકસન નામનો ૩૯ વર્ષનો ઇજનેર સ્ટોકલેન્ડ સરહદ પરથી લંડનના સેંટપોલના દેવળ સુધી ૯૩ કલાક ૪૨ મિનીટમાં ૩૬૫ માઇલ ચાલીને આવ્યો ૧ મિનિટ થોભ્યો હતો પણ રસ્તામાં તે કયાંયે બેઠો નથી ન માની શકાય તેવી આ વાત છે. છતાં લંડનના દરેક અખબારોએ તેમ જ રૂટરની પ્રેસ સર્વિસે આ હકીકત પ્રામાણિકપણે જાહેર કરી છે. પૂર્વકાલની જે પગપાળા મુસાફરીની કે સાધુઓના વિહારની વાતો સાંભળીએ છીએ. તેની પ્રતીતિ કરાવનારી આ વાત માનવાને કદાચ મન ના પાડે, પણ શ્રધ્ધા હા પાડે તેવી છે.

પંચવર્ષીય યોજના માટે જે બજેટ નકકી થયું છે, તેનો આંકડો ગજબ છે. આયોજન પ્રધાન નંદાજી કહે છે કે, ૨૦ અબજ અને ૬૯ ક્રોડ રૂા. યોજનામાં ખર્ચાશે. 'ભૂખ્યા રહીને દીવાળી ઉજવો' ના જેવી આજે તો આ વાત બની રહી છે, એમ બેશક કહી શકાય.

હીંદનુ પહેલ-વહેલું ટેકનીકલર ચિત્ર 'આન' કે જેની પાછળ ૫૦ લાખ રૂા૦ નું પાણી કરાયું છે, તે ચિત્રે, મુંબઇના લીબર્ટી સીનેમામાં ૨૪ અઠવાડિયામાં રૂા ૮૨૭૪૭૫ની આવક આપી. દેશના બીજા શહેરોમાં જે કમાણી થઇ તે જુદી. જે દેશ મોજ-શોખ, વિલાસ અને નાચ-નખરાના નશાની પાછળ લાખ્ખો ખર્ચી શકે છે. એ દેશમાં બેકારી છે. એમ કોણ કહી શકે?

પં૦ ક૦ વિ. ગણિ.

## તમે જાણો છો?

ઇલેકટ્રીક પાવરની ઝડપ એક સેકન્ડમાં એક લાખ ૮૬ હજાર માઇલની હોય છે. મલાયામાં ઉગતો વાંસ એટલો ઝડપથી ઉગે છે કે, માણુસ તેને જોઇ શકે છે, દરરોજનો તે ૧૬ ઇંચ ઉગે છે......છાપેલી ચોપડી ઇ૦ સ૦ ૧૭૭૪ માં યૂરોપમાં કેસ્ટને પહેલ વહેલી બહાર પાડી હતી...સ્ટીમર કવીનમેરી એટલી બધી મોટી છે કે, તેમાં ૩૦ હજાર લાઇટો છે, અને વાયરીંગકામ ચાર હજાર માઇલનું છે ..ઇંગ્લેન્ડના કિનારા પર સ્ટીલબેક નામની માછલીઓ માળા બાંધે છે...અમેરિકામાં યુદ્ધ પછી ૨૨ ટકા ટેકસ વધ્યો છે...હિંદમાં પેટ્રોલની વપરાશ માથા દીઠ ત્રણ ગેલનની હાલ છે, ઇગ્લાન્ડમાં ૧૦૪ ગેલન અને અમેરિકામાં ૫૭૮ ગેલનની છે...હિંદમાં એક વરસમાં ૧૨ અબજ ૭૦ લાખ બીડીઓનું ઉત્પાદન થાય છે. તેની કિંમત ૬૩ ક્રોડ થાય છે...ભારતમાં અત્યારે કુલ ૧ લાખ ૮૫ હજાર ટેલીફોન છે, એટલે ૧૯૦૦ માણુસે એક અને અમેરિકામાં ૪ માણુસ દીઠ એક છે...અમેરીકામાં ૨ ક્રોડ ૧૭ લાખ માણસો ખોટાં દાંત વાપરે છે...આ બધું અમેરિકા જેવા મૂડીવાદી દેશને ભલે પાલવે...ઇંગ્લેન્ડમાં જુગારની પાછળ ૧૦ અબજ રૂા. તથા એટલાજ માદકપીણાઓ માટે ત્યાંની પ્રજા ખરચે છે....હિંદમાં આજે ૧૬૫ ખાંડના કારખાના છે, આ બધા કારખાનામાં કામ કરનારા ૨૪ લાખ માનવો છે...હિંદમા કાચની બંગડીઓ માટે ૫૦ હજાર કામદારો રોકાયા છે. તે ૩ કરોડ રતલ બંગડીઓ તૈયાર થાય છે.

## તેઓ શું કહે?

ભારતીય લશ્કરના નિવૃત્ત સર સેનાપતિ જનરલ કે. એમ૦ કરીઆપ્પાએ મદ્રાસની કોલેજમાં વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કહ્યું કે, આજના ફીલ્મી ચિત્રો દારૂ, તથા જુગારની બદીથીયે વધારે ખરાબ હોય છે. તેમાં કેટલીયે માનવશકિતનો દુર્વ્યય કરે છે'.

બનારસમાં વિનોબા ભાવેએ જણાવ્યું હતું કે, 'આજે સીનેમાએ લોકોનાં મનમાં વિકાર ઉત્પન્ન કરી વિકૃતિ કરવાનું કામ કર્યું છે. આથી જનતામાં તંદુરસ્ત સાહિત્યની માંગ ઓછી થઇ છે.'

બેલ્જીયમના કેન્સર નિષ્ણાત ડૉ૦ એચ૦ જે૦ એફ૦ મૈસીને જણાવ્યું છે કે, અનેક પ્રકારના ધૂમ્રપાનમાં સિગારેટનું પાન ખૂબજ હાનિકારક છે. કારણકે, ફેફસાના કેન્સરનો વ્યાધિ સિગારેટનાં ધૂમ્રપાનથી ચોકકસ થાય છે, એમ છેલ્લામાં છેલ્લું સંશોધન જણાવે છે.'

## વિચાર માધુરી

જયારે સદ્વિચાર અટકી પડે છે, ત્યારે મન વિકાર ચક્રમાં અટવાય છે.

થોડાં નાણાં વડે જો તમને સુખ માણતાં નહિ આવડતું હોય, તો ઢગલાબંધ લક્ષ્મી પણ તે આપી શકવાની નથી.

આપણા સામાજિક દોષો શબ્દોના ધાથી નહિ ધોવાય, પણ સ્વાર્થત્યાગના પાણીથી ધોવાશે.

તમે તમારી જાતને સમજી લો, પછી બીજાને સમજતા વાર નહિ લાગે !

જરૂરીયાતો વધારવી તે અસંયમ છે જે જીવનમાં અનિતિનો વધારો કરે છે. જરૂરીયાતો ઘટાડવી તે સંયમ છે, જેના પરિણામે જીવન નીતિમય બને છે.

જેઓ હારની કબર પર જિતની ઇમારત રચી શકે છે. તેઓ જ સંસારમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરી મહાન બની શકે છે.

મૂર્ખ માનવીનું મન એનાં મોમાં રહે છે. બુદ્ધિમાન માણસનું દિલ એની વિવેકિતામાં રહે છે.

અશક્તિમાંથી જન્મેલો ક્રોધ પોતાને જ બાળી મૂકે છે. અ૦

### માનવતાનો દીવડો.

તાજેતરમાં રાજકોટ મુકામે એક હોટેલમાં ત્યાંના કામ કરતા નોકરને કોઇ ચાહ પીવા આવનાર માણસનું રૂ. નું પાકીટ મલ્યું. એ વખતે કોઇ ત્યાં જોનાર ન હતું, છતાં તેણે પ્રામાણિકપણે તે પાકીટ પોતાના હોટલમાલિકને આપ્યું, માલિકે તપાસ કરી તે પાકીટ જેનું હતું, તેને આપી દીધું. પાકીટમાં રૂા. ૪૭૦ની નોટો હતી. ગરીબ હોવા છતાં પારકા ધનને હાથ નહિ અડાડનાર તે હોટેલબોયની પ્રમાણિકતા આજના અનીતિમય જીવનમાં કેટ-કેટલી આદર્શ કહેવાય !

**વાહ રે ભૂસ્તરશાસ્ત્રી ?** ન્યુયોર્ક પાસેના એક ગામમાં એક કારખાનાવાળાને વધુ પાણીની જરૂર હતી. એણે એક ભૂસ્તરશાસ્ત્રીને બોલાવ્યો. તેણે કારખાનાની આજુબાજુ જગ્યા તપાસીને કહ્યું; આ જગ્યાએ ખોદશો તો ધોધમાર પાણી નીકળશે અને બન્યું પણ તેમ ત્યાં કોદાળીના થોડાક ઘા કરતાં જ જમીનમાંથી ધોધમાર પાણી મલ્યું, પણ બીજે દીવસે આખા ગામને મળતું પાણી બંધ થઇ ગયું, કારણ તે ખોદકામ પાણીના નળનો પાઇપ તૂટી ગયો હતો, તે તેનું એ પાણી હતું.

---


## શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન સેવા સમાજ-પાલીતાણાની

[ સ્થાપના : ૧૯૮૩ ]

# દાનવીર શ્રેષ્ઠિવર્યોને નમ્ર અપીલ

નમ્ર વિનંતિ જે પવિત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રાએ પધારતાં અત્રે ફાગણ શુદિ ૧૩ની છ-ગાઉની પ્રદક્ષિણામાં શ્રી સિદ્ધવડ મુકામે અમારી સંસ્થાના મોટા પાલમાં ચતુર્વિધ સંઘની **છાશ, દહીં, ઢેબરાં, શેલડીનો રસ, મેવો, મીઠાઈ** વગેરેથી ભક્તિ થાય છે, તો દરેક જૈન યાત્રાળુ ભાઇ-બ્હેનોએ આ શુભકાર્યમાં સારી એવી રકમ આપી અમૂલ્ય લાભ લેવા વિનંતિ છે.

તૈયાર ભાતું વગેરેની વ્યવસ્થા કરાય છે. દર વર્ષે મુંબઇ, અમદાવાદ, ભાવનગર આદિ અનેક શહેરના ભાઈ-બ્હેનોએ સહકાર આપેલ છે. જેમનો સંસ્થા આભાર માને છે.

ગયા વર્ષમાં જે ભાઇ-બ્હેનોએ અમને સહકાર આપ્યો છે તેઓ આ વર્ષે પણ સહકાર આપશે એવી નમ્ર વિનંતિ છે.

લિ૦

પાલીતાણા (સૌરાષ્ટ્ર)

શ્રી લબ્ધિસૂરિજી જૈન સેવા સમાજ
મંત્રી મોદી મણીલાલ ફુલચંદ

# શંકા અને સમાધાન

**સમાધાનકારઃ-પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**
**[ પ્રશ્નકારઃ-શાહ મોહનલાલ છોટાલાલ : ધાર્મિક શિક્ષક : બોરસદ ]**

**શં૦** અષ્ટાપદના સ્થાન બાબતમાં સુકૃતસંકીર્તન ગ્રંથનું પં, વલ્લભજીએ કરેલ સમશ્લોકી ભાષાન્તર જે બુદ્ધિપ્રકાશ માસિકવાલી વર્નાકયુલર સોસાયટીએ છપાવેલ છે તેની ફુટનોટમાં અયોધ્યાથી ૧૯૨૦૦ માઈલ ઈશાનમાં છે એ સ્થાન હાલમાં બેહરીંગની સામુદ્રધુની ને ગ્રીનલેન્ડની નજીક આવે છે. ત્યાં કાયમ બરફ છે. વસુદેવહિન્ડિમાં અયોધ્યાથી ઉત્તરમાં ૧૨ યોજન કહેલ છે. એ પ્રમાણાંગુલથી મળતી આવે છે. તથા અષ્ટાપદની પૂજાકારનું મંતવ્ય એથી જુદું નીકળે છે. તથા અત્યારના અનુમાનિકો હિમાલય પાછળ તિબેટ પ્રદેશમાં માને છે, તો એ સંબંધમાં પ્રત્યક્ષ પ્રામાણિક મંતવ્ય કયું છે ?

**સ૦** શ્રી અષ્ટાપદ પર્વત અયોધ્યાથી ૧૨ યોજન ઉત્તરદિશામાં છે અને આ ઉલ્લેખ પ્રામાણિક છે. પરંતુ હાલની અયોધ્યા એ વાસ્તવિક અયોધ્યા નથી પણ સ્થાપના અયોધ્યા છે. એટલે તે સ્થાપના અયોધ્યાના હિસાબે કોશો અને માઇલોના હિસાબો ગણવા તે **મૂલં વિના કુતઃ શાખા** જેવું છે. બાકી તો હિમાલય પર્વતની અંદર બરફથી અવરાએલ અષ્ટાપદ પર્વત હોવાનો વિશેષ સંભવ છે, આ વિષયમાં પ્રત્યક્ષ પ્રમાણ હોઈ શકે નહિ.

**શં૦** ઉત્સેધાંગુલથી વીરપ્રભુનું આત્માંગુલ બમણું છે. પરંતુ તે ઉત્સેધાંગુલને હાલના ચાલુ માપ પ્રમાણે ગજ, ફુટ, યાર્ડ, હાથ કે ઈંચથી કેટલા પ્રમાણમાં છે ?

**સ૦** વીર પ્રભુનું આત્માંગુલ ઉત્સેધાંગુલથી ડબલ છે, અને ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ ૪૦૦ ગુણ છે. તે ઉત્સેધાંગુલથી ગજ, ફુટ, વાર આદિ બને છે. ૨૪ અંગુલનો ૧ ગજ, દોઢ ગજનો એક વાર આદિ ગણિતથી જાણી લેવું.

**શં૦** ચૈત્યવંદનભાષ્યમાં ભાષ્યકાર શક્રસ્તવ, પ્રણિધાનત્રિક, તેમ શ્રુતસ્તવ અને સિદ્ધસ્તવ દેવવંદનમાં નામસ્તવ સાથે કહે છે તો હાલમાં તે ક્રમ કોણે, કયા સ્થળે અને કયારે ચાલુ કર્યો ? જેમાં પ્રથમ એ ભાષ્ય સમય પછીનાં મુખ્યત્વે રચાયેલ ચૈત્યવંદન અને સ્તવન વપરાય છે એ ભાષ્યકારના કયા કથનથી ?

**સ૦** આ બૃહત્ દેવવંદન અંગે સમજવું, અને આ બધું વિધિ પ્રમાણે બોલાય છે. ફક્ત તમારે અનુભવ મેળવવાની ખાસ જરૂર છે. ચૈત્યવંદનો અને સ્તવનો બોલાય છે તે પરંપરાગમ વિહિત છે.

**શં૦** જંકિંચિસૂત્ર દેવવંદનભાષ્યમાં આવતું નથી તો કોણે, અને શાથી બનાવ્યું ? તથા દેવવંદનમાં દાખલ કર્યું ?

**સ૦** આ સૂત્ર પરંપરાગમ છે. અને ભાષ્ય કરતાં પણ જુનું છે.

**શં૦** જાવંતિ ચેઇઆઇ સૂત્ર પછી ખમાસમણ દેવાનું શું પ્રયોજન ? પ્રથમ જે ત્રણ ખમાસમણ દેવાય છે ત્યાં એક વધારે કેમ ન કહ્યું ? અને ત્યાંજ દેવાનું કહ્યું ?

**સ૦** વિધિવિધાનમાં જે સ્થાને ખમાસમણ આવતું હોય તે ખમાસમણને પહેલા વધારે દઇ પાછળ ઠેલાય નહિ. તેમજ આગળ આવતા ખમાસમણમાં ભેળવાય પણ નહિ જે સ્થાને જે ખમાસમણનું વિધાન હોય તેને તે ઠેકાણે દેવાય કારણ કે આ માર્ગ કેવલજ્ઞાની પ્રરૂપિત છે, આમાં અલ્પજ્ઞની બુદ્ધિ કામ ન કરી શકે, એટલે આજ્ઞાગ્રાહ્ય વિષયમાં વ્યામોહ કરવો નહિ.

**શં૦** પચ્ચક્ખાણ ભાષ્યમાં નીવીયાતા પાસેની ગાથા નં. ૩૮ માં '**વરસોલાઇ**' શબ્દ જે ચીજ માટે વપરાયો છે, તે ચીજ હાલમાં કયા નામે પ્રચલિત છે ? અથવા તે કેવી રીતે બનાવાય છે ?

**સ૦** '**વરસોલાઇ**' એટલે છેદ પાડી દોરો પરોવી હારડારૂપે કરેલા કોપરાં, ખારેક, સિંગોડા વિગેરે '**વરસોલા**' કહેવાય છે તથા '**आदि**' શબ્દથી સાકરનાં દ્રવ્યો, તે સાકર, ખાંડ, સાકરીઆ ચણા, સાકરીઆ કાજુ વિગેરે. તેમજ અખોડ,

બદામ વિગેરે સર્વ જાતિના મેવા વિગેરે દ્રવ્ય પણ **'વરસોલાદ્ય'** શબ્દથી જાણવું.

**શં૦** જૈન શ્રેયસ્કર મંડળ મ્હેસાણા દ્વારા પ્રકાશિત જીવવિચાર પ્રકરણમાં વિશેષાર્થ જે પાછળ આપેલ છે તેમાં પ્રત્યેક વનસ્પતિકાયના વર્ણનમાં બિલાડીના ટોપને પ્રત્યેક ગણ્યો છે અને પ્રકરણકાર મૂળ ગાથામાં સાધારણ જણાવે છે તો તેમાં અમારી થતી સમજફેર બતાવશો ?

**સ૦** બિલાડીનો ટોપ સાધારણ વનસ્પતિકાય કાય અને બીજે સ્થાને પ્રત્યેક વનસ્પતિકાય લખ્યું છે તે બરાબર છે કારણ કે તે મતાંતર છે. તત્ત્વ કેવલીગમ્ય સમજવું.

**શં૦** મુહપત્તિના પચ્ચીસ બોલને ડાબા-જમણા કે છતા-ઉંધા હાથનો શો સંબંધ છે ?

**સ૦** મુહપત્તિના ૨૫ બોલમાં હાથ ઉંધો કરવાનો આવતો નથી પણ સીધા હાથે પલેવાય છે. ડાબા-જમણા હાથ માટે તે તે વિષયના ડાબા-જમણા સ્થાનો મુકરર થએલા હોય છે, તે માટે તેમ કરાય છે એમ સમજવું.

**શં૦** પરવાળા અને ચાકને આપણું શાસ્ત્ર પૃથ્વીકાય કહે છે. જ્યારે રીવીઝન કમિટિની વાંચનમાળા બીજી પાઠ ૪૩માં ચાક માટે સમુદ્રમાં જીવડાથી બનેલ અને પરવાળા માટે એ વાંચનમાળાની છઠ્ઠી ચોપડીમાં ૧૦-૧૧ પાઠમાં ત્રસજીવોના અર્થમાં એમ સમુદ્રમાં વર્ણવેલ છે તો એમાંથી સત્ય કયું ? આપણું શાસ્ત્ર સાચું ઠરાવવા કઇ દલીલો છે ?

**સ૦** પરવાળા અને ચાકને આપણું શાસ્ત્ર પૃથ્વીકાય કહે છે. તે વાસ્તવિક છે કારણકે આપણો સિદ્ધાંત સર્વજ્ઞ વીતરાગ ભગવાનનો કહેલો છે. રાગ, દ્વેષ અને મોહના કારણે ખોટું લખાય, પ્રભુમાં એ ત્રણમાંથી એક પણ દૂષણ નથી. વલી એ ત્રણ ન હોય અને સંપૂર્ણ જ્ઞાન ન હોય છતાંય ખોટું બોલી જવાય છે, પણ પ્રભુ સર્વજ્ઞ છે. માટે સર્વજ્ઞ અને વીતરાગના સિદ્ધાન્તમાં જે લખ્યું છે તેજ ખરૂં છે અને તેને સત્ય ઠરાવવા સર્વજ્ઞતા અને વીતરાગતા એ બે હેતુઓ કાફી જ છે. વલી ચાક અને પરવાળા સમુદ્રમાં થાય તેથી તેનું પૃથ્વીકાયપણું દુર થતું નથી. જેમ સમુદ્રમાં ત્રસકાયમાં ગણાતી છીપના પેટમાંથી નીકલેલું મોતી પૃથ્વીકાય ગણાય છે, તે મુજબ પરવાલા અને ચાક માટે સમજી લેવું.

**શં૦** પરમાર્હત્ મહારાજા કુમારપાળ ને મંત્રીશ્વર વસ્તુપાલ યુગલબંધુના પછીના ભવો સીમંધર આદિથી જાણેલા તેમના ચરિત્રોમાં આવે છે. તો મહારાજાધિરાજ સંપ્રતિ બાબતમાં કયા ગ્રંથે તેમની ગતિને મોક્ષગમન સંબંધી શો ખુલાસો છે ?

**સ૦** સંપ્રતિ મહારાજાના વિષયમાં દેવને આધીન શ્રી સીમંધરસ્વામીજી પાસે પૂછાવવાની વિગત જોવામાં આવતી નથી અને તેનું કારણ તેવી જિજ્ઞાસા તેમના સમયમાં કોઇને થઇ ન હતી.

**શં૦** શ્રીપાલનરેશે શ્રી સિદ્ધચક્રની આરાધના કરી એ વાત તત્સંબંધી ચૈત્યવંદન, સ્તવન, થોયો, સજ્ઝાયો અને ચારિત્રમાં વાંચ્યાં ને સાંભલવામાં આવે છે, પણ કયા આગમગ્રંથોમાં કયા પાઠથી છે, તે સમજાવશોજી ?

**સ૦** પરંપરાગમથી સમજી લેવું તેમજ આગમમાં ઘણા ખરા ચરિત્રો શ્રી જ્ઞાતાસૂત્રમાંથી નીકલવાનો સંભવ છે. કેમ કે ઘણી ખરી કથાઓ તેમાંથી નિર્ગત છે, માટે શ્રી જ્ઞાતાસૂત્રમાંથી શ્રી પાલચારિત્રનો પ્રાદુર્ભાવ માનવામાં આવે તો વાંધો દેખાતો નથી.

**શં૦** શ્રૃંગીમચ્છ ને અંડગોળીઆ માણુસો છેલ્લા પાંચસો વર્ષમાં કોઇએ જોએલ હોઇ તેની નોંધ લીધેલ હોય તો તેના શબ્દોમાં જણાવશોજી ?

**સ૦** શ્રૃંગીમચ્છ અને અંડગોળીઆ જુદા છે. એને ૫૦૦ વર્ષમાં કોઇએ જોયા હોય તેવી નોંધ જોવામાં આવી નથી.

**શં૦** **નમોઽર્હત્તુ વર્ધમાનાય** અને **વિશાલલોચન**ની છેલ્લી ગાથાઓના રાગનું નામ શું છે ?

**સ૦** તે બે ગાથાનો રાગ વંશસ્થ છે.

**શં૦** પ્રાકૃતભાષા સ્ત્રીઓ, બાળકો આદિ માટે ઉપયોગી છે એ પ્રસિદ્ધ કથન છે તો **યસ્યાઃ ક્ષેત્ર** સંસ્કૃતમાં હોઇ તે ગાથા રોજ દૈવસિક પ્રતિક્રમણમાં વાપરે છે જ્યારે પુરૂષો તે પ્રસિદ્ધ કથનથી વિપરીત જઇ એ સ્થળે જિસે **ખિત્તે** ની સ્તુતિ દૈવસિક પ્રતિક્રમણમાં રોજ વાપરે છે એમ વિપરીતતા કોનાથી, શાથી, અને ક્યારે શરૂ થઇ ? એનો ખુલાસો દેશોજી.

શં૦ વાંદણાં દેતી વેલા ત્યાગીઓ ડાબા ઢીંચણે મુહપત્તિ મૂકે છે જ્યારે મુહપત્તિના ૫૦ બોલ વાપરતાં ઢીંચણ અધમાંગ હોવાથી મુહપત્તિ ન અડાડવી પણ ચરવલા કે ઓઘાથી સ્પર્શ કરાવી બોલ વાપરવાના છે, એક સ્થળે ઢીંચણ ને અધમાંગ ગણવું તો પછી શી રીતે કે શાથી અધમાંગ મટી જાય છે ?

સ૦ ઢીંચણ અધમાંગ હોવાથી એને મુહપત્તિ ન અડાડવી એવો ઉલ્લેખ છે નહિ.

શં૦ બૃહત્સંગ્રહણીમાં કહેલ ચંદ્રવિમાનનું માપ ત્યાંના દહેરાસરોના માપથી નાના આંકડામાં છે, તો તે કેવી રીતે બંધબેસતું કરવું ?

સ૦ તમે વૈમાનિક ચૈત્યવિસ્તારના માપને જોઈ ભ્રમમાં પડયા છો, જ્યોતિષ દેવલોકના ચૈત્યના માપ બતાવ્યા નથી એટલે એક યોજનના એકસઠીયા ૫૬ ભાગનું ચંદ્રવિમાન અને ૪૮ ભાગનું સૂર્યવિમાન બૃહત્ સંગ્રહણીમાં બતાવ્યું છે, તે માપ કરતાં જિનાલયનું માપ વધારે છે જ નહિ, પરંતુ તે વિમાનના માપથી તેનું માપ નાનું છે એમ સમજવું.

સ૦ આ વિપરીતતા નથી પણ સીધો અને સરળ માર્ગ છે. બુદ્ધિમાં વિપર્યય હોય તેને વિપરીતતા માલુમ પડે. વળી ચાલુ માર્ગ પૂર્વપરંપરાથી ચાલ્યો આવતો હોય ત્યાં આમ કોણે કર્યું એમ કહેવું એ અધિક પડતું ડહાપણ ડોળવા જેવું છે અને આવી વસ્તુઓને પરંપરાગમથી માન્ય રાખવી એજ અત્યુત્તમ છે.

શં૦ વિજયરામચંદ્રસૂરીશ્વરજીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજીએ રચેલ નમસ્કારમહામંત્ર-માહાત્મ્ય ગ્રંથ પ્રથમ આવૃત્તિમાં મહાનિશિથનો પાઠ આપી નમસ્કારમાં ૧૧ પદ બતાવેલ છે. તો તેમાંથી તે બે પદ કયા ને કયારે કોણે શાથી ઓછાં કરેલ છે તે ખુલાસો દેશોજી.

સ૦ શ્રી નવકારમંત્રના પદ ૯ અને અક્ષર ૬૮ અનાદિથી છે. અને પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણિની ચોપડીમાં જે ૧૧ લખ્યા હોય તે નવથી વધારીને નહિ પણ નવની અંદરથીજ વિવક્ષાભેદે ૧૧ ગણાવવામાં આવ્યા હોય એમ સંભવે છે અને તેથી પણ વધારવા હોય તો **विभक्त्यन्तं पदं** એ ન્યાયે વધી શકે છે માટે વ્યામોહ કરવો નહિ.

---


## નૂતન પ્રકાશનો આજેજ મંગાવો !

સ્વ. આ. શ્રી **સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજનાં આચારાંગ સૂત્ર, ષોડશક પ્રકરણ, અને સ્થાનાંગ સૂત્ર આદિનાં વ્યાખ્યાનો તેમજ વ્યા. વા. આ. શ્રી **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજનાં જાહેરપ્રવચનો આધ્યાત્મિક લેખો એટલે-

૧ **સુખે જીવવાની કળા.** [વ્યાખ્યાનો અને જાહેર પ્રવચનો] ૧-૮-૦

૨ **ઢંઢેરો** અથવા **ગુરુમંત્ર** [આચારાંગ અને ષોડશકનાં વ્યાખ્યાનો.] ૩-૦-૦

૩ **મહાવ્રતો અને આધ્યાત્મિક લેખમાળા.** [સ્થાનાંગસૂત્રનાં વ્યાખ્યાનો અને લેખો] ૬-૦-૦

—: લખો :—

**શાહ રતનચંદ શંકરલાલ**

ઠે. ભવાની પેઠ પુના-૨.

**સોમચંદ ડી. શાહ**

**પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]



## દહેરાસરો માટે સ્પેશીયલ અગરબત્તી

દહેરાસરો, મંદિરો અને ધાર્મિક સ્થળોમાં જેની સુવાસ જુદીજ તરી આવે છે, તે ઉમદા અને કિંમતી પદાર્થોમાંથી બનાવેલી.

# દિવ્ય અગરબત્તી

ઘણુંજ સુંદર વાતાવરણ સર્જે છે, આપ પવિત્ર અને સુવાસિત અગરબત્તી મંગાવી ખાત્રી કરો ! અમારી બીજી સ્પેસીયાલીસ્ટો.

**દિવ્યસેન્ટ, કાશ્મીરી, શાંત, ભારતમાતા**

નમુના માટે લખો.

**ધી નડીઆદ અગરબત્તી વર્કસ**

ઠે. સ્ટેશનરોડ, નડીઆદ.

સોલ એજન્ટ.

**શાહ નાગરદાસ ખેતસીદાસ**

ઠે. અમદાવાદી બજાર, નડીઆદ.

# ધન્ય દૃઢતા ! ધન્ય સાત્વિકતા !

( વર્તમાનયુગની રોમાંચક સત્ય કહાની )

## પૂ૦ મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજ.

આજે આ પ્રસંગને વીત્યે લગભગ ત્રણ દશકા થવા આવ્યા. દીક્ષાની અભિલાષા ધરાવનાર સોળ વર્ષની પુણ્યવાન બાળા, જ્યારે પોતાના ઇષ્ટસિદ્ધિના માર્ગે આગળ ધપવાનો મક્કમ દિલે નિર્ણય કરે છે, ત્યારબાદ તેના એ આત્મકલ્યાણના પથ પર અંતરાયો કેવી રીતે શરૂ થાય છે. ખુદ તેના સગા ભાઇ, માતા, તથા શ્વશુરપક્ષના સ્નેહીઓ તેના પર ઘોર જુલમો, અત્યાચારો, તથા સીતમોની ઝડીઓ કેવી રીતે વરસાવે છે ! તેની છાતી પર ચઢી જાય, અર્ધી રાતે તેની આંખો કઇ રીતે આંચકી લે છે ! આ બધી કરૂણ, ગજબ અને દુઃખદ સત્ય ઘટના કોઇપણ જાતની અતિશયોક્તિ વિના, અહિં રસિક રીતે રજૂ થઇ છે.

ખૂબી તો એમાં એ છે કે, જ્યારે એક ભાઇ પોતાની પુણ્યવાન સગી બ્હેન પર ઘોર સીતમો ગૂજારે છે, જ્યારે એ જ માતાના પુત્રો બીજા બે ભાઇઓ તે બાળાના માર્ગમાં અનેક રીતે સહાયક બને છે.

આ ઘટનામાં આવતી વ્યક્તિઓ હાલ જીવંત છે. આ મુમુક્ષુ બાળા, હાલ સાધ્વી તરીકે વિદ્યમાન છે, ઘટના સત્ય હકીકતોના આધારે સરલ ભાષામાં કોઇપણ વ્યક્તિના નામોલ્લેખ વિના અહિં મૂકી છે.

સર્વ જીવો કર્મ વશ છે, એમ માની કોઇ પણ આત્મા પ્રત્યે તિરસ્કાર કે અસદ્દભાવ ઉપજાવવા માટે આ કથા અહિં મૂકી નથી, પણ જૈનશાસનમાં વર્તમાનકાલે પણ ધર્મની ખાતર, ટેક ખાતર અનેક આપત્તિઓ સહીને ધર્મને તથા પ્રતિજ્ઞાને ટકાવી રાખનારા પુણ્યવાન આત્માઓ વિદ્યમાન છે, આમ જાણી સહુ કોઇ ધર્મારાધનામાં દૃઢતા પ્રાપ્ત કરે ! એજ એક અભિલાષા આ ઘટનાને પ્રસિદ્ધ કરવામાં રહેલી છે.

પાલનપુર નજીક જિનેશ્વરના પ્રાસાદ, પાઠશાળા, આદિ પવિત્ર ધામોથી શોભતા એક ગામમાં સ્થાનકવાસી કુટુંબ વસતું હતું. તેમાં છ ભાઇઓ અને ત્રણ બ્હેનો હતી. નાની બ્હેન એક વખત ગુરુમહારાજની વાણી સાંભળવા ઉપાશ્રયે ગઈ, ત્યાં સંસારના ચિતારનો ખ્યાલ આપતું મધુબિન્દુનું દૃષ્ટાંત ચાલતું હતું. તે સાંભળી તેણીના હૃદયમાં વૈરાગ્યના અંકુરા જાગ્યા. દિન-પ્રતિદિન જિનવાણીના શ્રવણથી તેની વૈરાગ્યભાવના વૃદ્ધિ પામવા લાગી, તે બાળાએ પોતાની શુભ ભાવના પોતાના પિતાની આગળ પ્રગટ કરી. પિતાશ્રીએ કહ્યું; તું ભણી-ગણીને તૈયાર થા, પછી દીક્ષા અપાવીશું. ત્યારબાદ થોડા વખતમાં તેના પિતા કાળ કરી ગયા. પાછળથી માતા તથા મોટાભાઇએ તે બાળાનું વેવીશાળ કરી નાખ્યું. સાસરીઆ તરફથી દાગીના કપડા આવ્યાં પણ આ મુમુક્ષુ બાળાએ તે પહેરવાની ચોકખી ના પાડી. તેને માટે ઘણી ધમાલ થવા છતાં આ આત્મા મક્કમ રહ્યો. છેવટે માતા ધમકી આપી કહેવા લાગી કે, કાંતો તું મરી જા, અગર તો અમે મરી જઇએ, વગેરે ઘણું કહ્યું ત્યારબાદ તે બાળાએ વિચાર કર્યો કે, આપણે મરવું કે કોઇને મારવા નથી. કલેશની શાંતિ માટે નવકારમંત્રનાં સ્મરણપૂર્વક તે વખતે દાગીના પહેર્યા, પણ દીક્ષાની ભાવના તેને પ્રબલપણે હોવાથી અવરનવર તેને કુટુંબીજનો તરફથી ઘણું સહન કરવું પડતું. એક વખતે તેને ઓરડામાં પૂરવામાં આવી, આથી તે બાળાએ પોતાના કુટુંબીજનોને લગ્ન કરવાનો ખોટો વિશ્વાસ આપ્યો.

આ મુમુક્ષુ બાળાએ એવો નિશ્ચય કરી લીધો કે, લગ્નનો પ્રસંગ આવી પડે તો કુવા વગેરેમાં પડી આત્મભોગ આપવો પડે તો આપવો પણ સંસારના સંબંધમાં કદી પણ જોડાવું નહિ. આ પોતાનો આત્મનિશ્ચય ગુરુ મહારાજે આદિને પણ જણાવ્યો. ગુરુ મહારાજે યોગ્ય શ્રાવકને સહાય કરવા માટે ભલામણ કરી.

આ આત્મનિશ્ચયની પડોશીને ખબર પડી. તેથી તે બાળાને બોલાવીને કહ્યું કે, તેવા પ્રસંગે તારે તેવું કરવું યોગ્ય નથી.

બન્ને ઠેકાણે તૈયારીઓ થવા માંડી. આથી યુવતી મૂંઝવણમાં મૂકાઇ છેવટે પાલનપુરમાં તેસીલદાર (ન્યાયાધીશ) રહેતા હતા, તેનો આશરો લેવાનો તેણે વિચાર કરી દેવદર્શનનું બહાનું કાઢી તેમને ત્યાં જઇ પોતાની આત્મકથા તેણે કહી. તેમણે આશરો પણ આપ્યો. ગામમાં શોધખોળ ખૂબ ચાલી. તેસીલદારે તેના વાલીઓને બોલાવીને કહ્યું 'તમારી છોકરી મારા ઘરમાં છે, તેને સમજાવીને લઇ જાઓ' તેસીલદાર વગેરેએ તેને ઘણી સમજાવી, પણ તેને તો પોતાનો આત્મનિશ્ચય જે હતો તે પ્રગટ કર્યો કે, હવે તો હું દીક્ષા લીધા વગર ઘરે જવાની નથી. આમ વાતચીતમાં સાંજ પડી જવા આવી. છેવટે સાંજના ઘણા લોકોની સાક્ષીએ કચેરીમાં દાગીના ઉતારીને આપી દીધા. ત્યારબાદ તેસીલદાર પાણી પીવા ગયા તે વખતે છોકરીને ઉપાડવાની કોશીષ કરી, પણ છોકરીએ બૂમ પાડવાથી તેસીલદાર વગેરે આવી જવાથી તેઓ ફાવી શકયા નહિ. પછી તો છોકરીની રજા સિવાય અંદર કોઈ આવી શકે નહિ, તેવા તેમની પાસેથી તેસીલદારે જામીન લીધા. આ બધી હકીકત પાલનપુર કોર્ટમાં મોકલવામાં આવી.

તે ન્યાયી તેસીલદાર પાસે તે બાળાના સંબંધીઓ ન ફાવ્યા ત્યારે પાલનપુર અધિકારીઓમાં લાગવગ લગાવવી શરૂ કરી. દશ હજાર રૂપીઆ ખર્ચીને પણ તે છોકરીનો કબજો મેળવવા ચારે બાજુથી સાસરીઆ પક્ષ તરફથી પણ મહેનત શરૂ થઇ.

તેસીલદારને આ વાતની ખબર પડતાં તેઓ ઘણા ચિંતાતુર થયા. બીજા સરકારી અમલદારોએ તેમને ઘણી હિંમત આપી. એક મુસલમાન ફોજદારે ત્યાં સુધી કીધું કે, 'હું હજુર પાસે જઇને છોકરીનું રક્ષણ કરાવીશ. માટે તમે બેફીકર રહો.'

છોકરીના સંબંધીએ પાલનપુર નવાબ પાસે જઇ દશ હજારની ભેટ કરીને કહ્યું કે, 'અમને આ છોકરી સોંપાવો.' ત્યારે નવાબ સાહેબે કહ્યું કે, આ છોકરી અમારી બેટી સમાન છે. એ અલ્લાને ભજવા જાય છે, તો અમે એને શા માટે રોકીએ? એ તો સારૂં કામ કરે છે,' ઇત્યાદિ કહેવાથી વિલા મોઢે પાછું જવું પડયું.

અમદાવાદના એક વકીલ કે જે તેસીલદારના ભાઇબંધ હોવાથી તેમને ત્યાં આવ્યા હતા. તેમને આ બધી વાતથી વાકેફ કર્યા. આ બધી હકીકત સાંભળી વકીલે કહ્યું કે, આ બેનનું કામ વગર ફી'એ હું માથે લઇને કરીશ. પછી તેણે પાલનપુર જઇ નવાબસાહેબ-દિવાન વિગેરેને મળી બધી વાત સમજાવી. અને આ મુમુક્ષુ બાળાને એક જૈન ગૃહસ્થને ત્યાં રાખવાની રાજય તરફથી ગોઠવણ કરાવી. બાદ બાળાને પોલીસની સગવડપૂર્વક પાલનપુર લાવી જૈન ગૃહસ્થને ત્યાં રાખવામાં આવી. બાળાની ઉંમર એ વખતે સોળ વર્ષની હોવાથી કાયદાની દૃષ્ટિએ અઢાર વર્ષ પહેલાં મા-બાપની રજા સિવાય દીક્ષા ન લઇ શકે, આવી સામાવાળાઓની ફરીઆદ હોવાથી આ ગોઠવણ થઇ હતી.

રાજય તરફથી છ છ દિવસે બાળાની ખબર કાઢવામાં આવતી હતી કોઇ પણ મુશ્કેલી હોય તો તેને પૂછવામાં આવતું જેને ત્યાં બાળાને રાખવામાં આવી હતી, તેને પણ ખબર આપવામાં આવી કે બાળાનો વાંકો વાળ પણ ન થવો જોઇએ.

આ સંયમાભિલાષી બેનના બે ભાઇઓ. તેની શુભભાવનામાં જરાએ અંતરાય કરનારા હતા નહિ. તેઓ તો પાલનપુર આવી બ્હેનને કહી ગયા, કે આપણી ઇજ્જત વધે તેમ કરશો. કોઇ પણ વસ્તુની જરૂર હોય તો ખુશીથી જણાવશો. જો મારી સાથે પરદેશ આવો તો તમારી ઇચ્છા હશે તેમ કરીશું. આ ભાઇઓ પહેલેથી બેનની દીક્ષાની ભાવના જાણતા હોવાથી સગપણમાં પણ સંમત હતા નહીં, તેમજ સંબંધીઓ તરફથી બેનને રંજાડવામાં આવતી હતી. તેનું તેઓને બહુ દુઃખ થતું હતું.

બધા ભાઇઓ એક માતાના પુત્રો હોવા છતાં પરિણતિ ભિન્ન હતી પૂર્વની જેવી આરાધના કરી હોય તેવી પ્રાણીની મતિ શુભાશુભ હોય છે.

જ્યારે આ બાળાની આ રીતે પાલનપુરમાં રાખવાની ગોઠવણ થઈ ત્યારે તેની માતા તથા બીજા ભાઇઓ પાલનપુર રહ્યા, તેમજ તેના સાસરીયા પક્ષનાં પણ ત્યાં રહીને અનેક પ્રકારની ખટપટ કરવા લાગ્યા.

કેસ લડવા માટે બે હજાર રૂપીઆનો વકીલ પણ કર્યો. જેને ત્યાં છોકરી રાખવામાં આવી હતી, ત્યાં પણ લાગવગ લગાવવી શરૂ કરી. ત્યાં આવીને બાળાને ઘણી સમજાવવા માંડી, પણ આ મુમુક્ષુબાળા પોતાની ભાવનામાં મક્કમ હતી. તેથી તેણીએ ઘેર આવવાની ચોકખી ના પાડી. આથી તેઓ શેઠના માણુસોને ફોડી છોકરીને ઉપાડી જવાની ગોઠવણ કરવા લાગ્યા. આ વાતની તે બાળાને ખબર પડી. કે તરત તેણીએ હજુરમાં ખબર આપી જેથી પાપ ખુલ્લું થઇ ગયું. તેઓ ફાવી શકયા નહિ પાછળથી રાજ્ય તરફથી બાળાને આશ્રમમાં રાખવાની વાત થતી હોવાથી તેણીની માતા વગેરે કુટુંબીજનોને આ વાતનું ઘણું દુઃખ થતું હતું. આથી, દક્ષિણમાં રહેતા આ બાળાના શુભકાર્યમાં સહાયક એવા તેણીના બે ભાઇઓની પાસે રહેવા જવાનું નક્કી કર્યું.

બાદ આ બાળા મુંબઇ થઇ પોતાના બે ભાઈઓ પાસે જતી હતી, ત્યારે પણ જેની સાથે સગપણ કર્યું હતું તેના તરફથી લગ્નને માટે બાળાને ઘણી હેરાન કરવામાં આવી. પાછી પણ આ બાળા જ્યાં ભાઇઓની પાસે રહેતી હતી ત્યાં જઇને પણ તે લોકોએ લગ્ન માટે બાળાને ચાર ચાર મહિના સુધી ઘણી હેરાન કરી. પણ તેમાં તેઓ ફાવ્યા નહિ. ત્યારપછી તેઓએ તેની માતા તથા બીજા ભાઇઓને ઉશ્કેર્યા. આથી તેની માતા તથા ભાઇ માંદગીનું બહાનું કાઢી જ્યાં આ પવિત્ર બાળા ભાઇ-ઓની સાથે રહેતી હતી ત્યાં આવી અને કહ્યું કે, તારે મહા માસમાં દીક્ષા લેવાની હશે તો અમે ખુ-શીથી અપાવીશું. અમે હાલમાં માંદા છીએ એટલે હમણાં અહીં રોકાઇશું. આ વાત ભદ્રિક બાળાએ સાચી માની તેમની સાથે રહી એક મહીના સુધી ચાકરી કરી.

જાણે તેણીનું અશુભજ ન સુચવતી હોય તેવી ભયંકર કાળી રાત્રીએ બાર વાગે જયારે તે પવિત્રબાળા નિદ્રાધિન અવસ્થામાં હતી, ત્યારે જાણે તેની પૂર્વ-ભવની વૈરિણીજ ન હોય તેવી રાક્ષસી જેવી બનેલી માતા તથા ભાઇ તેણીની છાતી ઉપર ચઢી બેસી, મોંમાં ડુચો મારી, તીક્ષ્ણ ચપ્પુવડે તેણીની જમણી આંખમાં નિર્દયરીતે ઘા કરી આંખ ફોડી બહાર કાઢી નાખી. નસ પણ તૂટી ગઇ, તે વખતે ઘા લગભગ બે ઈંચ ઉંડો પેસી ગયો. તથા બીજા પણ આંખ, મોઢા ઉપર લગભગ ચપ્પુના પચાસ ઘા કર્યા. તથા ગુપ્ત-ભાગમાં પણ દશ-પંદર ઘા કર્યા. તેમજ ખાંડણી, દસ્તા અને ઇંટોથી જેટલો માર મરાય તેટલો નિર્દય રીતે માર્યો. અમાનુષી વર્તન કરવામાં કાંઇ કમીના ન રાખી. મારતા જાય અને કહેતા જાય કે, "તારા સહાયક ભગવાન કયાં ગયા ? તારા ગુરુ હવે બચાવશે. તારે દીક્ષા લેવી છે કેમ ? લે દીક્ષા લે" એવા એવા અનેક કટુવચનો બોલતા જાય અને નિર્દય રીતે મારતા જાય. આવા ભયંકર દુઃખના પ્રસંગે પણ આ પવિત્ર મુમુક્ષુબાળા નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા-પૂર્વક એકજ ભાવના ભાવતી હતી કે, જો મારી એક આંખ પણ સારી રહેશે તો પણ હું સંયમ તો લઇશ જ. મારે કોઇ પણ ભોગે લગ્ન તો કરવા જ નથી. બાકી જીંદગીની છેલ્લી ઘડી સુધી હું ચારિત્ર લીધા વગર રહેવાની જ નથી.' આ જ ભાવનાને આ આત્મા ભાવતો હતો, અને સામા આત્માની દયા ચિંતવતો હતો. તે વખતે આ પવિત્ર બાળાનો દશેક વર્ષનો નાનો ભાઇ પણ ત્યાં હતો, તેણે આ જુલમ થતો જોઇ એકદમ બૂમો પાડવા માંડી. તેનો અંતર-આત્મા કકળી ઉઠયો. તેને પણ આ દુષ્ટ આત્માઓએ એવી ધમકી આપી કે, જો તેં જરા પણ બૂમ પાડી તો તારી પણ આવી દશા થશે. આ નિર્દય આત્મા-ઓએ તે પવિત્ર આત્માને તે રાત્રીએ બારથી ચાર સુધી ( ચાર કલાક ) જે ત્રાસ આપ્યો છે, તે લેખિ-નીમાં ઉતારી શકાય તેમ નથી, બીજા આત્માનો તો પ્રાણુજ નીકળી જાય.

પાપી ભાઇનું જાણે પાપકર્મ બાકી રહી ગયું હોય નહિ ? તેથીજ તેણે તે પવિત્ર બાળાને પૂછયું કે, તને આંખે દેખાય છે ? તેણીએ કહ્યું કે, એક આંખે થોડું થોડું દેખાય છે તરત જ તે દુષ્ટ આત્માએ કહ્યું કે, તેની બીજી આંખ પણ ફોડી નાંખો. આવા સંયમના મુખ્ય સાધનના નાશ કરવાના શબ્દો સાંભળી પવિત્ર બાળાએ વિચાર કર્યો કે, જો આંખ જતી રહેશે તો ચારિત્ર નહિ લઇ શકાય. આથી તેણે પરમાત્માનું સ્મરણ કરીને કહ્યું કે, 'જો તમારે મને પરણાવવી હોય, તો હું પરણીશ પણ આંખ ફોડશો નહિ. મને માર મારી, મારી હત્યા કરશો નહિ.'

આ પાપી આત્માઓને હજી ત્રાસ આપવાનો બાકી રહી ગયો હોય નહિ ? આથી તે બાળાને ઠંડા પાણીથી સ્નાન કરવાની ફરજ પાડી. બાળાની સ્થિતિ તો એક ડગ પણ ભરાય તેવી હતી નહિ. છતાં મારના ભયથી તેણે તે વખતે સ્નાન કરી લીધું. વળી તેઓએ કહ્યું કે, સવારે તને બીજાઓ પૂછશે તો તું શું કહીશ ? તેણીએ કહ્યું કે, મને તાવ આવ્યો છે, એમ કહીશ. બાદ તે પાપી આત્માઓ આવો ભયંકર જુલમ વરસાવી, વહેલી સવારે ગાડી ઉપર ભાગી છુટયા.

સવારે જ્યારે તેના સ્નેહી ભાઇ તેની તપાસ કરવા તે જ્યાં સુતી હતી ત્યાં આવ્યા, ત્યારે બેનની આ હાલત જોઇ, તેની તો છાતી ફાટી જવા માંડી. તરતજ તેણે પોતાના શેઠને બોલાવવા માણસ મોકલ્યો. શેઠ પણ સમાચાર મળતાની સાથેજ ત્યાં આવી પહોંચ્યા. બાઇની ભયંકર સ્થિતિ જોઇ, તરત જ ગાડી કરી દવાખાને લઇ ગયા. ડૉકટરે પણ તરત જ આંખનું ઓપરેશન કરી લીધું, અને ત્યારબાદ બાઇને ઘેર લાવ્યા.

ક્રમશઃ


## जिनमंदिरोके उपयोगी

रथ, हाथी, इन्द्रध्वजा, गाडी, पालखी, भंडार पेटी, शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके उसके पर सोने-चांदीके पतरे (चद्दर) लगानेवाले.

चांदीकी आंगीओ और पंचधातुकी प्रतिमाजी और परिकर बनानेवाले. चांदीका चद्दर आपके यहां आके लकडे पर लगा देते है.

ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज सकते है.

लीखो या मीलो.

**मिस्त्री त्रिजलाल रामनाथ**

मु. पालीताणा [सौराष्ट्र].

ता. कः–मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ सकते है.

## જૈનમંદિર ઉપયોગી કારીગરીવાળાં ઉપકરણો

ચાંદી અને જરમન સીલ્વરનાં પતરાં જડીત રથ, સિંહાસન, સમવસરણ, બાજોઠ, ભંડાર, પાલખી, સ્વપ્નાં, વિગેરે તમામ પ્રકારનાં ઉપકરણ બનાવનાર.

: : પ્રખ્યાત શિલ્પીઓ : :

**મીસ્ત્રી ચીમનલાલ અંબાલાલની કું.**

હીરાબાગ, ખત્તરગલી, સી. પી. ટેન્કઃ મુંબઈ–૪.

**સમેતશીખર વગેરેની યાત્રાએ જતાં આ પુસ્તકને સાથે રાખો.**

## સમેતશીખર યાને જૈન—તીર્થભૂમિઓ

[ ચિત્રોના આલ્બમ સાથે : કિંમત રૂા. ૨–૦–૦ ]

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ઠે. હેરીસ રોડ, ભાવનગર.




## આવો મિત્રો ! વાતો કરીએ !

**'બાલજગત'** આજે બે વર્ષ પૂરા કરે છે. બે વર્ષમાં બાલજગતે ઠીક-ઠીક પ્રગતિ સાધી છે. બાલલેખકોને એણે લખવામાં ઉત્સાહિત કર્યા છે. અનેક ઇનામી યોજનાઓ દ્વારા કાર્યાલયના ખર્ચે બાલમિત્રોને વિવિધ પારિતોષિકો અપાયાં છે. નિબંધ હરિફાઈ યોજીને કલમકે દોસ્ત મંડળના સભ્યોને બાલજગત દ્વારા પોતપોતાની લેખિનીને ચમકાવવાનો સુઅવસર મળ્યો છે.

આ બધી અમારી સિદ્ધિઓ કેવળ અમારા મહત્ત્વની ખાતર અમે જણાવી રહ્યા છીએ એમ રખે કોઈ માને ! અમે જે કાંઈ કરી રહ્યા છીએ, તેમાં તમારા બધાયનો સહકાર તમારી મમતા અને હૂંફ અમારે માટે પ્રેરણારૂપ છે, એમ અમે માનીએ છીએ. એક હાથે તાળી કદિ પડી જાણી છે ?

હજુ ઘણું ઘણું કરવાની અમારી હોંશ છે. નિબંધ હરિફાઇ તથા 'એ શું કરે' ની જેમ દર મહિને નિયમીત રીતે એક ચિત્ર વાર્તા, કોયડાઓ, બુદ્ધિના ખેલ તથા ચિત્ર દ્વારા વાર્તા હરિફાઇ ઈત્યાદિ આગામી વર્ષે બાલજગતમાં રજૂ કરવા વિચાર છે. ધીરે ધીરે અમે એમાં સફલ થઇશું, તેવી અમને આશા છે. તમે પણ તમારો સહકાર અમને આપતા રહેજો.

મિત્રો ! આ વર્ષની શ્રેષ્ઠ વાર્તા, નિબંધ કે લેખ ઈત્યાદિ માટે ચાલુ વર્ષના બીજા-ત્રીજા અંકમાં અમે જે જાહેરાત કરી હતી, તે મુજબ શ્રેષ્ઠ લેખ માટેનાં ઇનામોની જાહેરાત આગામી અંકમાં અમે કરીશું.

તમને એક વાત ફરી અમારે આ તકે જણાવવી જરૂરી છે કે, શ્રેષ્ઠ લેખો નિબંધો, વાર્તા વગેરે સાહિત્યકૃતિઓ અમે તમારી પાસે જે મંગાવીએ છીએ, એનું કારણ તમે દિન-પ્રતિદિન સારૂં લખતા શીખો, તમારી બુદ્ધિને કામ મળે, તમારૂં વાંચન વિશાલ બને, તેમ જ તમારામાં વિચારશક્તિ ખીલે , આ માટે અમે ઇનામી હરિફાઈ યોજીને કાર્યાલયના ખર્ચે પારિતોષિકો વ્હેંચીએ છીએ.

જૈન સમાજ કે ઈતર સમાજના કોઇપણ બાલ સાહિત્યના માસિકો, પાક્ષિકો, અઠવાડીકો દૈનિકો વગેરેમાં આવી ઇનામી યોજના હોતી નથી. કેવળ 'કલ્યાણ' માસિકે પોતાના ખર્ચે એક પાઇનું પણ વળતર લીધા વિના આ રીતે લેખકોને ઉત્તેજન આપવા, હરિફાઈઓ ચાલુ રાખી છે. પણ આનો લાભ લેવા ઇચ્છનાર બાલમિત્રોએ પોતાના હાથે, પોતાની સમજણ મુજબ લેખો લખી મોકલવા જોઇએ. કોઇની પાસેથી, કે બીજા દ્વારા લેખો લખાવીને પોતાનાં નામપર લેખ ચઢાવવામાં છેતરપીંડી ગણાય છે. આમ કરવામાં અનેક પ્રકારના અનર્થો જન્મે છે. માટે ભૂલે-ચૂકે આવી રીત કોઇ ન અજમાવે એ ઇચ્છનીય છે. 'કલમકે દોસ્તમંડળ'ના બાલસભ્યો માટે ગતાંકમાં રૂા. ૩૧ ના છેલ્લા ઇનામવાળી નિબંધ હરિફાઇ યોજી છે. તે તમે સહુએ જોઇ લીધી હશે ? નિબંધનો વિષય '**જો હું સ્વતંત્ર ભારતનો વડો પ્રધાન હોઉં તો**' આ છે. આ વિષયપર ફુલસ્કેપ પાંચ પેજનો નિબંધ લખવાનો છે. કાગળની એક બાજુયે, હાંસીયો

પાડીને, સ્પષ્ટ અક્ષરોમાં, શાહીથી આ લેખ તા. ૧૫–૩–૫૩ સુધીમાં લખી મોકલવાનો છે. લેખ બાલસભ્યોએ જ પોતાનાં હાથે, પોતાની કલ્પના, સમજશકિત તથા વાંચનના આધારે તૈયાર કરવાનો છે. લેખ પર લેખકનું નામ, વય, અભ્યાસ, તથા સભ્યનંબર લખી મોકલવાનો છે. 'આ લેખ મેં મારી જાતે લખ્યો છે.' એ રીતે સત્ય હકીકત પણ તેમાં જણાવી દેવી જોઇશે.

બાલ બંધુઓ ! આગામી સંયુક્તાંક માટે તમે તમારી શ્રેષ્ઠકૃતિઓ અવશ્ય મોકલાવી આપો ! સારો નિબંધ, સારી વાર્તા, સારૂં પ્રવાસ વર્ણન, જૈનતીર્થ વિષેનો મૌલિક લેખ ઈત્યાદિ અમને તા. ૨૫–૩–૫૩ સુધીમાં મોકલાવી દેશો !

ગત નિબંધ હરિફાઈમાં જેમનો નિબંધ પ્રથમ વર્ગમાં ગણાયો હતો ને જેમણે રૂા. ૫ નું પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું, તે ભાઇ રમેશચંદ્ર ઠાકોરલાલનો 'રૂા. પાંચ લાખ મારી પાસે હોયતો' નો નિબંધ સુધારા વધારા સાથે અહિં પ્રસિદ્ધ થયો છે. તે જોઇ લેશો.

ચાલો મિત્રો ! ત્યારે હવે આપણે સંયુક્તાંકમાં મલીશું !

卐

## ચ૦મ૦કા૦રા

### હું પણ શીખું છું...!

'મારી પત્ની હારમોનિયમ શીખે છે, મારી પુત્રી સારંગી શીખે છે અને મારો પુત્ર તબલાં શીખે છે.' વકીલે કહ્યું.

'એમ...? ઓહો !...અને તમે ?' મિત્રે પૂછ્યું.

'હું એ દુઃખ શાંતિથી સહન કેમ કરવું એ શીખું છું.'

卐

### કાયદેસર...!

'કયાં ગયા હતા ?' સાહેબ બરાડયા.

'વાળ કપાવવા, સાહેબ !' કારકુને જવાબ આપ્યો.

'પણ...ઓફીસના ટાઇમે ?' સાહેબનો પિત્તો ગયો.

'હા જી, એ વાળ પણ ઓફિસના ટાઇમે જ ઊગેલા !' કારકુને ઠંડે પેટે કહ્યું.

卐

### સંગીતનો પ્રભાવ...!

**ડોકટર–**(કલાકાર મિત્રને)–સાંભળ્યું ને દોસ્ત ! જયારથી મારી પત્ની રેડિયો ઉપર ગાવા આવી છે ત્યારથી હજારો રેડિયો સેટ વેચાવા લાગ્યા છે.

**કલાકાર મિત્ર–**સાચી વાત છે. મેં પણ મારો રેડિયો એ કારણે આજે જ વેચી નાખ્યો !

卐

### આદતનું જોર !

એક પ્રધાનને ત્યાં મળવા જનાર ગૃહસ્થને પ્રધાનના ઘરમાં બધી વસ્તુઓ બંધ જોઇ નવાઇ લાગેલી. વાતવાતમાં ખુલાસો પૂછતાં જવાબ મળ્યો કે, 'પ્રધાનને ઉદ્દઘાટન અને અનાવરણની એવી આદત પડી ગઇ છે કે, છેવટે આ બધી બંધ અને ઢંકાયેલી વસ્તુઓને એમના હાથે ખુલ્લી કરાવીને એમની એ આદત પોષવી પડે છે !

卐

### દૃષ્ટિભેદ...!

**પતિ–**જો તેં મોડું ન કર્યું હોત તો આ ટ્રેઇનને આપણે માત્ર નજર સામે સરી જતીજ ન જોઇ રહ્યા હોત ! એમાં આપણે બેઠા હોત !

**પત્નિ–**પણ તમે મને ખાલી ઉતાવળ ન કરાવી હોત, તો બીજી ટ્રેઇનને માટે આપણે અહીં આટલું થોભવું ન પડતને !

卐

## પ૦રિ૦મ૦લ

### જીવનનાં વ્હેણ...

જીવનને આપણે વહેતા પ્રવાહની ઉપમા આપીએ છીએ, અને આપણે પ્રત્યેક ક્ષણે એ વહેણના અનુભવ

રીએ છીએ. આ પ્રવાહને કઇ દિશામાં વહેવડાવવો તે નક્કી કરવું હોય તો છેવટ કયાં પહોંચવાનું છે, એ નક્કી કરી જ લેવું જોઇએ. એ વિના વહેણની દિશા જ કેમ નક્કી કરી શકાય ? આખરી મુકામની ખબર ન હોય તો માર્ગો ઘણા હોય છતાં આપણે પગલું માંડી શકીએ નહિ. કારણ કે વિરુધ્ધ દિશામાં એ માર્ગ નહિ જતો હોય તેની ખાતરી શી ?

એટલે જીવનનું ધ્યેય તો પહેલે પગલે જ નક્કી કરી લેવું પડે છે. એક વાર ધ્યેય નક્કી થાય તો પછી આપણા હાથમાં જીવનની દરેક પ્રવૃત્તિને કસી જોવાની કસોટી આવી જાય છે. આવી કસોટીનો પત્થર આપણી પાસે હોય તો આપણા જીવન માટે સોનું શું અને કથીર શું તે નક્કી કરતાં વાર લાગતી નથી.

卐

## આજનું નવીન દર્શન

○ કાયદો અને નીતિ એ હંમેશાં સામાએ પાળવાની વસ્તુ બને છે.

○ રાજકીય પુરુષ પણ પ્રયોગવીર હોય છે. પ્રજારૂપી ઊંટની પીઠ ભાંગનાર છેલ્લા તણખલાની શોધ એ એમનો ખાસ વિષય છે. [જીવન વિકાસમાંથી]

卐

### 'કલમ કે દોસ્ત' મંડળની

હરિફાઈ માટેનો શ્રેષ્ઠ નિબંધ.

## 'મારી પાસે રૂપિયા પાંચ લાખ હોય તો'

જીવન એટલે કર્મ, અને કર્મ એજ સાચો યજ્ઞ. માટે પૃથ્વી ઉપર જ્યારથી મનુષ્યે જન્મ લીધો ત્યારથી તે ખરાબ અગર સારાં કર્મો કરવાનો જ છે. મેં આ પૃથ્વી ઉપર જન્મ લીધો એટલે મારે પણ કર્મો કરવાનાં છે. ઘણા માણસો જીવતા છતાં મરેલાં છે, અને ઘણા મરેલાં છતાં જીવતા હોય છે. મારે તો જીવતાં છતાં મરેલા નથી રહેવું પણ જીવતા રહેવું છે. મારી આશાઓ તો મોટી છે પણ સફળ કરવી યા ન કરવી એ તો ભવિતવ્યતાને આધીન છે, છતાં મારી પાસે પાંચ લાખ રૂપિયા હોય તો હું નીચે પ્રમાણેની યોજનાઓમાં વાપરૂં.

સૌથી વધારે વિચારણીય પ્રશ્ન તો આજે એ છે કે, જૈન સમાજના મધ્યમ વર્ગના લોકો આજે પોતાનો સમય કેવી રીતે પસાર કરી રહ્યા છે, તે ખૂબ વિચારણીય છે, એક સંસ્કૃત કવિ કહે છે કે, **बुभुक्षितः किं न करोति पापम् ?** ભૂખ એવી વસ્તુ છે કે, જે મનુષ્યને પાપને માર્ગે લઇ જાય છે. આજે આપણા સમાજની સ્થિતિ પણ આવી છે. માટે જૈનસમાજના આગેવાનોએ આ પ્રશ્ન જલ્દીથી વિચારવો ઘટે. નહિ તો આ વર્ગ છિન્ન-ભિન્ન થઇ જશે અને તેથી સમાજની કેડ ભાંગી જશે.

હવે મારી પાસે પાંચ લાખ રૂપિયા હોય તો સૌથી પહેલાં હું એક શરાફી પેઢી ઉર્ફે બેન્ક કાઢું. એમાં હું મારા પાંચ લાખ રૂપિયા મૂકું અને આ રકમ માત્ર નજીવા વ્યાજથી જૈનોને ધીરૂં આથી જૈન શ્રીમંતો પણ પોતાની રકમ બીજી બેંકોમાં ન મૂકતાં આ બેંકમાં મૂકે. આથી જૈનોનો નાણાંભીડનો સવાલ ઓછો થશે અને મારા પાંચ લાખ રૂપિયાથી પાંચ ટકાના વ્યાજ લેખે લગભગ ૨૫૦૦૦ રૂપિયા વ્યાજ આવે અને તે નીચે જણાવેલા કાર્યોમાં વપરાય.

આ રૂપિયાથી તીર્થોની રક્ષા કરૂં. આજની સરકાર આપણા દેવદ્રવ્યમાં હાથ નાખી રહી છે, તેને માટે જરૂરી વ્યવસ્થા કરૂં. તે ઉપરાંત પ્રાચીન દેરાસરોના જીર્ણોદ્ધાર તથા દુનિયામાં પ્રખ્યાત એવા કળા-કૌશલ્યવાળા દેરાસરોની રક્ષા માટે પૈસાની જરૂર પડે તે માટે માટે ૪૦૦૦ રૂપિયા તીર્થરક્ષા માટે વાપરૂં.

જૈનસમાજમાં વિધવાઓની સ્થિતિ ઘણી ખરાબ છે. દરિદ્રતા નીચે ચગદાયેલા આપણા સાધર્મિક ભાઇઓ વિધવાઓને શી રીતે મદદ કરી શકે ? ખરેખર ! આજે કેટલીયે વિધવાઓને પોતાનું પેટ ભરવું પણ મુશ્કેલ છે. આની તરફ જૈનસમાજના આગેવાનોનું બહુ દુર્લક્ષ છે, તે ખરેખર શોચનીય છે. અને કેટલીયે વિધવા બ્હેનો જીવન જીવવા પુરતું જીવી રહી હશે. આ નિવારણ માટે વિધવાશ્રમ સ્થાપવાની જરૂર છે. આ આશ્રમમાં વિધવાઓ ધાર્મિક અભ્યાસ, ગૃહઉંદ્યોગ કરી પોતાના આત્માનું કલ્યાણ કરે, અને જે આશ્રમમાં રહેવા ન માગતી હોય તેને ગુપ્ત રીતે મદદ કરવી જોઇએ આની પાછળ હું રૂપિયા ૫૦૦૦ ખર્ચ કરૂં.

આ ઉપરાંત જૈનધર્મના પ્રાણુસમાન સાહિત્યની રક્ષા કરવી જોઈએ, અને જૂનાં સાહિત્યનું સંશોધન કરી નવાં પુસ્તકો છપાવી દેશ-પરદેશમાં ફેલાવો કરવો જોઇએ. જૈનસમાજ પાસે આજે અમૂલ્ય ગ્રંથો છે. તેનો ફેલાવો કરી પરદેશમાં જૈનધર્મનો પ્રચાર કરવો જોઈએ. આ માટે પૈસાની જરૂર છે. તેની પાછળ હું રૂ. ૩૦૦૦ નો ખર્ચ કરૂં.

આ ઉપરાંત એક ધર્મ પ્રચારક સંસ્થા કાઢવી જોઇએ. આજે જૈનોની વસ્તિ થોડી છે, જ્યારે પહેલાના વખતમાં કરોડોની હતી. માટે ધર્મ-પ્રચારક સંસ્થાની ખાસ જરૂર છે, અને તેમાંથી એક બે મુખ-પત્રો નીકળે. આ પત્રોમાં જૈનધર્મને લગતા સારા લેખો લખી ઈતરને આકર્ષણ થાય આ માટે પણ પૈસાની જરૂર ખરી. તેને માટે વાર્ષિક રૂ ૩૦૦૦નો હું ખર્ચ કરૂં.

કેળવણી એ આપણા સમાજનું આવશ્યક અંગ છે. સમાજનું ભાવી આજના આપણા બાળકો ઉપર અવલંબે છે. જો આપણે આપણા ધર્મનો દુનિયાના દેશોમાં ફેલાવો કરવો હોય તો આજના આપણા બાળકોને વ્યવહારિક અને ધાર્મિક કેળવણી અને જૈનધર્મની ફિલસૂફી શીખવાડીશું તો આગળ ઉપર તેઓ જૈનસમાજના ઉદ્ધારક બનશે. કેળવણી માટે પણ પૈસાની જરૂર તો છે. તે માટે હું વાર્ષિક રૂ ૪૦૦૦નો ખર્ચ કરું.

આ સમયમાં સ્ત્રી-શિક્ષણે સાધારણ પ્રગતિ કરી છે. આજે આપણે જોઈએ છીએ કે, આપણા આ સંસારમાં કલેશ-કંકાસ દેખાય છે, તેનું કારણ તેની અજ્ઞાનતા છે. જો તેણીને સારૂં જ્ઞાન આપવામાં આવે તો તે આદર્શ ગૃહિણી અને આદર્શ માતા બની શકે. આ માટે હું રૂ ૩૦૦૦ વાર્ષિક વાપરૂં.

આ ઉપરાંત તીર્થસ્થાનો હોય ત્યાં ધર્મશાળા ઉપરાંત ભોજનશાળાની જરૂર ખરી. આજે કેટલાયે યાત્રાળુ તીર્થસ્થાનોની મુલાકાત લે છે પણ ધર્મશાળા અને ભોજનશાળાને અભાવે મુશ્કેલીમાં મુકાય છે. આ સંકટ દૂર કરવા રૂ. ૩૦૦૦નો હું વાર્ષિક ખર્ચ કરૂં.

ઉપર મુજબની યોજનાઓ પ્રમાણે મારી પાસે પાંચ લાખ રૂપિયા હોય તો હું આ રીતે ધર્મ-રક્ષા, તીર્થરક્ષા તથા જૈનસમાજની આર્થિક સ્થિતિની વિષમતા ટાળવા શકય કરૂં! અંતે શ્રી શાસનદેવ પાસે પ્રાર્થના કરૂં છું કે, ધર્મનો સંગીન પ્રચાર સંસારભરમાં થાય તેવી શકિત, સંપત્તિ અને સહકાર અમને પ્રાપ્ત થાઓ!

**શ્રી રમેશચંદ્ર ઠાકોરલાલ શાહ.**

卐

## બુદ્ધિને અજમાવો.

### નવાં ઉખાણાં

વાચા વિણુ વાતો કરે, જળ વીણુ વરસી જાય;
કાજળ વિણુ કામણુ કરે, જોઈ મુનિવર પણ ચળી જાય. ૧
બત્રીસ ભાઇની બહેનડી, સદાય બાળાવેશ;
રંગે લાલ રતુમડી, એને અંગે ન મળે કેશ. ૨
માથા વિનાનો એ ફરે, એની ધડ વિનાની કાય;
તો ય ગ્રહે રવિ-ચંદ્રને, એનો કદીય નાશ ન થાય. ૩
ઢાળ ભણી દોડી જતી, થંભી નહિ પળવાર;
આશભરી યુવતી સમી, એ પિયુને મળવા ધાય. ૪
જાણે ઝરણું વહી રહ્યું, અક્ષર કાઢે અપાર;
સુધરેલા સમાજમાં, લખવાનું હથિયાર. ૫
બાળક સમ બોલી રહું, બાળકનું હું દોસ્ત;
મુજ વિણુ બાળક બહાવરાં, એને નિતનો રે અફસોસ. ૬
ઉનાળે છાંયો કરે, ચોમાસે ચોપાસ;
માલિકની રક્ષા કરે, મારગડે એ ખાસ. ૭
જગવિતીની જાણુ, જેનાથી નિત થાય;
પરભાતે જો ના મળે, તો ચા પણુ બગડી જાય. ૮
વૃક્ષોને પર્ણો ઘણાં, પર્ણતણી મુજ કાય;
સુકાય પર્ણો વૃક્ષનાં, મુજ પર્ણો ન સુકાય. ૯
પાંખ વિના ઉડી રહે, ઝડપી વાહન હોય;
પણુ એમાં બેઠા થકી, અકસ્માત ભય હોય. ૧૦

જવાબો મેળવી લો!

૧ આંખ, ૨ જીભ, ૩ રાહુ, ૪ નદી, ૫ ફાઉન્ટનપેન, ૬ રમકડું, ૭ છત્રી, ૮ છાપું, ૯ ચોપડી, ૧૦ વિમાન.

卐

## છૂટાં ફૂલડાં

મિત્રો ! કોઇની ભૂલ તરફ કદિ પણ હસશો નહીં, કારણ કે તમારી પોતાની ભૂલ તેના કરતાં વધારે હાસ્યને પાત્ર હશે.

મિત્રો ! જ્યારે તમે બોલો તે પહેલાં તમો વિચાર કરો.'

બંધુઓ ! તમો પૈસાની જેટલી ઇચ્છા રાખો છો, તેના કરતાં સૌથી શ્રેષ્ઠ ગુણો પ્રાપ્ત કરવાની વધારે ઇચ્છા રાખો.

મિત્રો ! તમને કોઇ પણ રોગ થાય છે ત્યારે તમે કેટલાય ઉપાય કરો છો, પરંતુ રોગ ન થાય તેવો ઉપાય પહેલેથી કરો એ વધારે સારૂં છે.

બંધુઓ ! કોઇપણ તમારા ગુન્હામાં આવે ત્યારે તેમને માફી આપો અને ગમ ખાતાં શીખો.

બંધુઓ ! આપણને એમ લાગતું હશે કે, આ વસ્તુ સારી છે ને આ વસ્તુ ખરાબ છે, પણ તે તેમ નથી, કારણ કે તમારા મનના વિચારો તમને વારંવાર ફેરવે છે.

મિત્રો ! જો તમે સારૂં પુસ્તક વાંચો તો સારા વિચારો આવે ને જે માણસ જે જગ્યાએ વસે છે તે ઉપરથી તે કેવા વિચારનો છે ? તે તરત જ જણાઈ આવે છે.

મિત્રો ! તમો કોઈને કાંઇ પણ વસ્તુ ન આપી શકો તો સૌ પ્રત્યે અંતઃકરણપૂર્વક પ્રેમ તો જરૂર દર્શાવો.

સંગ્રા૦ વનેચંદ પી. મહેતા

卐

## કહેવતો.

ડુબતો માણસ તણખલું પકડે છે.

વખત ઉપર એક પાઇ પણ એક રૂપિયા જેટલું કામ આપે છે.

નાની શરૂઆતથી ઘણાં મોટા કામોનો અંત આવે છે.

જે માણસ હંમેશાં તાજ પહેરતો હોય તેને હંમેશાં અશાંતી રહે છે.

થોડી વિદ્યા એ બહુ ભયંકર વસ્તુ છે.

શ્રી વનેચંદ પોપટલાલ મહેતા.

બાલક ! તને શું ગમે,

## મઝા કે કઝા ?

ઉભો રહે બાલુડા !<br>
ક્ષણભર ખોટી થા !<br>
અને ધર્મ શું છે તે,<br>
આજ સાંભળતો જા !

રે, ઝુલણ હાથીડા !<br>
ધીરે ધીરે જા !<br>
આત્માને લે ઓળખી,<br>
પડશે ખૂબ મઝા.

હો, ન્હાનકડા પંખીડા !<br>
ગીત પ્રભુનાં ગા !<br>
આત્માને ના ઓળખે,<br>
ખમશે ખૂબ કઝા.

હો, બટુકડા જોગીડા !<br>
ઝટ ઉઠ, જાગી જા !<br>
ઉંઘી જશે જો કદી,<br>
પડશે ખૂબ સજા.

શ્રી પન્નાલાલ જ. મસાલીઆ

卐

## ફુટેલી હાંડલી

સમી સાંજનો ટાઇમ છે. નાના એક ગામડાની વાત છે. ત્યાંના એક વાણીયા વેપારીનું નામ જગજીવનદાસ. એક દિવસ જગજીવનદાસને સમી સાંજે બહારગામ જવાનું થયું, પણ શેઠને એમકે સાંજના કોણ જાય સવારે જશું, પણ કામ બહુ અગત્યનું હતું એટલે ગયા વિના છુટકો ન હતો. શેઠતો ઉપડયા. ગામથી જ્યાં બે-ચાર ગાઉ જાય છે, ત્યાં તો શેઠને બાબરો ભૂત ભટ્યો. શેઠને ખબર તો ખરીકે આટલામાં

બાબરો ભૂત રહે છે, તેથી તે સાવચેત હતા. બાબરા ભૂતે કહ્યું; ઘણા દિવસથી હું ભુખ્યો છું, એમાં તું મલી આવ્યો. એટલે તો સોનામાં સુગંધ ભળી. બસ હવે તો હું તને ખાઇ જ જાઉં ! શેઠે વિચાર કર્યો કે, 'આની સાથે બળના કરતા કળથી કામ લેવામાં જ મજા છે' એટલે શેઠે તો કહ્યું, 'ભાઇ ! હજુ મારે મારા ચાર દીકરાના વિવાહ કરવાના છે' ઘરે હજુ બધું કામ બાકી છે. કામ પતિ ગયા પછી મને તું તારે ખાજે. ભૂતે વિચાર કર્યો કે, આ વાણિયો કામ કરતા ઘણી-વાર લગાડશે, માટે લાવને હું જ કામ કરી દઉં એમ વિચાર કરીને તેણે શેઠને કહ્યું કે હું તમારૂં કામ કરી દઉં પણ એક શરતે કે, હું કામમાંથી નવરો થાઉં કે તરતજ ખાઇ જઇશ. શેઠે કહ્યું ભલે એમ કરજે, ભૂતે તો શેઠને ઉપાડયા અને જે કામ કરવાનું હતું તે બધું એકદમ પતાવીને શેઠને તો ઘરે લાવ્યો. ભૂતને કામ કરતાં કેટલી વાર ? હવે શેઠને વિચાર આવ્યો કે, શુ કામ બતાવવું. તેમણે તો ઓર્ડર આપવા માંડયા કે મારો અને મારા ચાર દીકરાના એમ પાંચ બંગલા સાત માળના બનાવી દે, ભૂતે તો તરત જ બનાવી દીધા, પછી શેઠે કહ્યું કે તેમાં દુનિયાભરની ચીજો લાવીને મુકી દે, કે કોઇપણ ચીજ મારે બહાર લેવા જવી ન પડે, તે પણ ભૂતે કરી દીધું. હવે શેઠે કહ્યું, બંગલા ફરતો એક સુંદર બાગ બનાવી દે, તે પણ ભૂતે બનાવી દીધો. હવે શેઠ મૂંઝાયા કે કામ શું બતા-વવું ? જે કામ બતાવીએ તે તરતજ કરી નાંખે છે. હવે જો કામ નહિં બતાવું તો મારી નાંખશે, પણ શેઠ તો હતા ચતુર, તરત જ એક યુકિત શોધી કાઢી. શેઠે કહ્યું 'એક પાતાળ કુવો ખોદીને તેના કાંઠા ઉપર એક મોટામાં મોટો વાંસડો મુક અને તેના ઉપર હું આપુ તે હાંડલી મુક અને ત્યાંથી તે ઠેઠ તળીયા સુધીની એક નીસરણી મુક અને ડોલ સાથે નીસરણી ઉતરીને ડોલ ભરવી અને ઉપર આવી આ હાંડલી ભરવી હાંડલી ભરાઇ જાય ત્યારે મારી પાસે આવજે, બીજુ કામ બતાવી દઇશ. ભૂતના મનમાં એમ થયું કે એક નાનકડી હાંડલી ભરવી તેમાં શું, તે તો રમતનું જ કામ છે. ભૂતે તો કુવો વગેરે ખોદી નાંખ્યું અને કહ્યા પ્રમાણે વાંસડો અને નીસરણી પણ ગોઠવી દીધાં. ભૂત તો હરખમાં આવી ગયો અને હાંડલી લેવા શેઠ પાસે આવ્યો. શેઠે તો ફુટલી હાંડલી આપી. ભુત તો હરખમાં હોવાથી સાજી છે કે ફુટલી તે કયાં જોવા નવરો હતો. તેણે તો કુવામાં ઉતરી અને ડોલ સાથે ઉપર ચડી હાંડલીમાં પાણી નાંખવા લાગ્યો, પણ હાંડલીમાં કયાંથી પાણી જ રહે, તે તો ફુટલી હતી. તેથી ભૂત તો આખો દિવસ ચડ-ઉતર કરવાથી થાકી ગયો પણ હાંડલી ન ભરાણી, કારણ કે જેવો તે પાણી નાંખે તેવું પાણી ફુટલી હાંડલીમાં બહાર નીકળી જાય. હવે તો તે શેઠ પાસે ગયો અને કહેવા લાગ્યો કે, બધું કામ તો થયું પણ આ કામ તો મારાથી નથી થતું મારે તમને મારવાય નથી ને કામ કરવુંય નથી ને બાબરો ભૂત જતો રહ્યો. આ ઉપરથી આપણે સાર એ લેવાનો છે, કે આપણા આત્મારૂપી શેઠ અને મનરૂપી ભૂત એને કાંઇ આપતા રહેવું, સારા વિચારો, સારી ક્રિયાઓ જેથી મન બીજા નિરર્થક પાપો બાંધતું અટકે.

શ્રી નવીનચંદ્ર રતિલાલ-વઢવાણશહેર

卐

## આદર્શ જીવનની ચાવી

આદર્શ જીવન જીવવું, એટલે શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞા મુજબ વર્તવું.

સાધર્મિક ભાઈનું વાત્સલ્ય કરવું, દીનને ખાવા અનાજ, પીવાને પાણી, ઓઢવાને વસ્ત્ર આપવું, આંગણે આવેલાને અપશબ્દો કહી ધિક્કારવા નહિ, નીતિથી મેળવેલી લક્ષ્મીનો આ રીતે સદ્વ્યય કરવો, સહુ સાથે હળીમળી વર્તવું, કોઇની ઇર્ષ્યા કે તિરસ્કાર કરવો નહિ, બીજાઓને બંધુતુલ્ય ગણવા એ આદર્શ જીવન જીવનારે સૌથી પહેલા સ્વીકારવું જોઇએ.

પૂર્વના મહાભયંકર કર્મ રોગને લીધે ઘણા દુ:ખી થાય છે, પીડાય છે, મૂંઝાય છે, શોક કરે છે તેઓને ધીરજ આપવી, શાંતિ આપવી. ધર્મારાધના કરવા કહેવું એ પણ આદર્શ જીવન જીવવાની ઇચ્છા રાખના-રને ઘણું જરૂરી છે.

ક્રૂર, કૃતઘ્ન, દુરાચારી અને અભિમાની જીવને ઠેકાણે લાવવા સતત પ્રયત્ન કરવા. છતાં ન સમજે તો તેની નિંદા ન કરવી પણ એમાં રહેલા ગુણોના ગુણગાન ગાવા, એના પ્રત્યે તિરસ્કારની વૃત્તિ રાખવી

નહિ, એ પણ આદર્શ જીવન જીવવા માટેની એક ચાવી છે.

ગુણાનુરાગ કેળવવો. બીજામાં રહેલા ગુણોનાં વખાણ કરવાં, તેની નિંદા કરવી નહિ, એ પણ એક આદર્શ જીવન જીવનારમાં રહેલો મહાગુણ છે,

લક્ષ્મીને મોજશોખમાં વેડફવી નહિ, નીતિથી મેળવેલી લક્ષ્મીને ધર્મકાર્યમાં વાપરવી. જો જો, ભૂલ્યા તો પલકમાં લક્ષ્મી ચાલી જશે અને શેરીએ શેરીએ ભીખ માંગતા થવું પડશે.

સામાયિક, પ્રતિક્રમણ પૌષધ, દેવદર્શન, પૂજા, ચઉવિહાર, નવકારશી વિગેરે ધર્મકાર્યો અવશ્ય કરવા, કારણ ધર્મ વિના સર્વ નકામું છે.

આદર્શ જીવન જીવનાર વિશ્વમાં વંદાય છે, પૂજાય છે, અને વિશ્વમાં ઉચ્ચ સ્થાનને પામે છે.

આદર્શ જીવન જીવનાર કોઇનુ બુરૂં કરે નહિ, કોઇને દુઃખ દે નહિ, કોઇની સાથે ઝઘડા કરે નહિ, સહુ સાથે હળી-મળી વર્તે, અને વિશ્વના બધા પ્રાણીઓને મિત્ર તુલ્ય ગણે, તેના દુશ્મનો હોયજ નહિ એટલે શાંતિથી ધર્મધ્યાન કરે તેના ધર્મકાર્યમાં બાધા પહોંચે નહિ અને એ રીતે પોતાના આત્માનું કલ્યાણ કરી શકે અને ધીરે ધીરે સર્વ પાપકર્મોનો ક્ષય કરી મોક્ષના અનંત સુખને પામે.

**શ્રી કુંદનમલ એસ. જૈન.**

卐

## મંત્રાધિરાજનો મહિમા

અને

## શ્રદ્ધાનું બલ.

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. જે વેળા ધર્મ ન હતો પામ્યો તે વખતની આ વાત છે. તેને એક વખત વિચાર આવ્યો કે હું એક સુંદર ચિત્રશાળા બંધાવું. આમ વિચાર થતાં તેને દેશ-દેશાવરથી સલાટો બોલાવ્યા, અને કામે ચઢાવી દીધા. થોડા વખતમાં મકાન પુરૂં થયું અને તેમાં ચિત્રો ચિત્રાવવાની તૈયારી થતી હતી, પણ એવામાં તે મકાનનો દરવાજો તૂટી પડયો, અને કડીયા ફરી કામે લાગ્યા, ફરી તૂટયો અને ફરી કામે લાગ્યા. એમ થયા જ કરે એટલે શ્રેણિકે જોશીને બોલાવ્યા અને જોશ જોવડાવ્યો, જોશીએ જોશ જોતાં કહ્યું કે, કોઇ બત્રીશ લક્ષણો પુત્ર યજ્ઞમાં હોમાશે તો જ આ દરવાજો પુરો થશે. આ પછી રાજાએ આખા ગામમાં ઢંઢેરો પીટાવ્યો અને કહ્યું કે, જે પોતાનો બત્રીશ લક્ષણો પુત્ર આપશે તેને ભારોભાર સોનામહોરો મળશે.

આ વાતની તેજ નગરમાં રહેતા ઋષભદત્ત અને તેની પત્ની ભદ્રા, તેના ચાર છોકરા અને એક છોકરી સાથે રહેતા, તેને ખબર પડી. તેઓ ગરીબ હતાં. તેમાં એક પુત્રનું નામ **અમર** હતું, તે નાનપણથી જિજ્ઞાસુ હતો. તેને સાધુ મુનિરાજના ઉપદેશો સાંભળવાનો શોખ હતો. એક વખત એક જ્ઞાની મુનિરાજ આવ્યા છે, એ વાતની ખબર પડતાં અમર તેમનો ઉપદેશ સાંભળવા ગયો. સાધુ મહારાજે ઉપદેશમાં કહ્યું કે, 'નમસ્કાર મંત્ર સકળ શાસ્ત્રોનો સાર છે, અને જે સાચા ભાવે સ્મરે તેનાં દુઃખ ટળે ! પછી ઉપદેશ પૂરો થતાં અમરે મુનિરાજને કહ્યું કે, મને નમસ્કાર મંત્ર શીખવો, પછી સાધુએ તેને નમસ્કાર મંત્ર શીખવ્યો.

હવે અહીં અમરની માતા ભદ્રાને અમર ઉપર હેત ઓછું હતું તેથી ભદ્રાએ રાજાના ઢંઢેરામાં પોતાનો પુત્ર આપવાનો વિચાર કર્યો, અને રાજાને કહેવડાવ્યું કે હું મારો પુત્ર આપીશ એટલે રાજાએ સિપાઇ સાથે સોનામહોરો મોકલી અમરને લેવા મોકલ્યો. અમરે ઘણું પોતાના માતા-પિતાને કહ્યું તો પણ માતાનો વિચાર હોવાથી કોઇ અમરને બચાવી ન શકયા, અને બધા પાસેથી એકજ જવાબ મળતો કે, તારી માતાનો વિચાર છે એટલે અમે શું કરીએ ?.

આખરે અમર ત્યાં જાય છે અને અમરને ત્યાં હોમવાની તૈયારી થાય છે ત્યાં તેને નમસ્કાર મહામંત્ર યાદ આવ્યો અને તે એક ચિત્તે નવકાર ગણવા માંડયો અને યજ્ઞમાં હોમ્યો કે તરત જ અગ્નિ શાંત થઇ ગયો અને તેને રાજા અને પ્રજાએ નમસ્કાર કર્યો. અને રાજા ઉંધે માથે લટકતો થઇ ગયો, પછી રાજાએ કહ્યું કે, માંગો, માંગો, તમારે જે માંગવું હોય તે માંગો. ત્યારે અમરકુમારે જવાબ આપ્યો કે, 'મારે કંઇ જોઇતું નથી. અમરકુમારને સંસાર પ્રત્યે વૈરાગ્ય

આવ્યો હતો એથી અમરકુમાર સંયમી બની અનશન કરે છે'.

આ બાજુ અમરને તેની માતાને ખબર પડે છે કે અમર મરણ પામ્યો નથી, તેથી તે વિચારમાં પડી રાજા મારૂં ધન પાછું લઇ લેશે એમ માની તે અધી રાતે રાક્ષસ જેવી બની હાથમાં છરી લઈને જંગલમાં જાય છે અને અમરનો અંત આણે છે, પછી ભદ્રા ઘેર જાય છે ત્યારે રસ્તામાં સિંહણ મળે છે અને તેના જીવનનો અંત આણે છે.

અમરકુમાર કાઉસગ્ગ ધ્યાને ઉભેલા હોવાથી તેઓ દેવલોકમાં જાય છે અને તેની માતા પાપધ્યાનમાં રહી મરણ પામી તેથી તે નરકમાં જાય છે.

હે નાથ ! અમરકુમાર જેવી શ્રદ્ધા મળજો અને અમરકુમાર જેવું મનોબળ મળજો.

શ્રી ચંદ્રસેન મગનલાલ નાણાવટી.

卐

## જે જેનો સ્વભાવ

સુલતાનગંજ નામનું શહેર ગંગા નદીને કાંઠે હતું. ગંગાના પ્રવાહમાં એક શિવનું મંદિર છે. યાત્રીકો વીગેરે ખાસ કરીને ગંગામાં સ્નાન કરવા ત્યાં ખૂબ આવે છે અને ભીડ પણ બહુ રહે છે.

એક દિવસ એક સાધુ ગંગા નદીમાં નાહી રહ્યા હતા. તેની આજુ-બાજુ બીજા કેટલાક માણસો પણ નહાતા હતા. નદી પ્રવાહ તે જગ્યાએ જરા ઝડપી હતો, તે વખતે એક અડધો મરેલો વીંછી પાણી ઉપર તરતો-તરતો સાધુની પાસે નિકળ્યો. વીંછીના આવી દશા જોઇ સાધુને દયા આવી અને તે વીંછીને બચાવવા માટે વીંછીને હાથમાં લઇ જમીન તરફ વળ્યો તરત જ વીંછીએ ડંખ માર્યો. સાધુમહારાજનો હાથ ધ્રૂજ્યો ને વીંછી ફરીવાર પાણીમાં પડયો ને ડૂબવા લાગ્યો. સાધુએ બીજીવાર વીંછીને હાથમાં લઇને એ કીનારા તરફ ચાલ્યો. વીંછીએ ફરી ડંખ માર્યો, ફરીવાર સાધુનો હાથ ધ્રૂજ્યો અને ફરીથી વીંછી પાણીમાં પડયો, આમ ઘણી વાર થયું. વીંછી ડંખ મારતો રહ્યો ને સાધુ જમીન તરફ ચાલવાનો પ્રયત્ન કરતા રહ્યા.

આજુબાજુના માણસો આ દૃશ્ય જોઇ રહ્યાં હતાં.

એક માણસે પૂછ્યું : "કેમ મહારાજ ! વીંછીના ડંખની આપને પીડા નથી થતી કે શું ?"

સાધુએ કહ્યું : કેમ નહિ ? પીડા તો થાય જ ને !

"તો પછી આપ શા માટે વખતો-વખત વીંછીને હાથમાં લીધા કરો છો ? ડંખ મારવો એ તો વીંછીનો સ્વભાવ છે, એ તમે નથી જાણતા ?"

"હા, એ હું જાણું છું."

'તો આપ તેને વારંવાર શા માટે હાથમાં લ્યો છો ?'

જવાબમાં સાધુ હસીને બોલ્યા : "લ્યો ભાઇ, તમે જ કહ્યું ને કે ડંખ મારવો એ તો વીંછીનો સ્વભાવ છે, તો તે મરતે સમયે પણ પોતાનો સ્વભાવ ભૂલતો નથી તો હું આટલી એક નાની પીડાથી મારો સ્વભાવ કેમ છોડું ?"

'તો વીંછીનો ડંખ સહન કરવો એ મનુષ્ય સ્વભાવ છે ? પેલાએ જરા ગુસ્સે થઇ જવાબ આપ્યો !"

ફરીવાર પાણીમાં પડેલા વીંછીને ઉપર લાવતાં સાધુ બોલ્યા : "ના, મનુષ્યનો સ્વભાવ છે દયા કરવી, દુઃખી જીવનું દુઃખ દૂર કરવું અને એમ કરતાં જો કંઇ પણ મુશ્કેલી નડે તો સહન કરવી."

શ્રી કીશોર વી. ઉદાણી-જામનગર

卐

## એ જ સાચું જ્ઞાન.

બાળકને વિવેકી, વિનયી, નમ્ર અને દયાળુ બનાવે એ જ સાચું જ્ઞાન.

ઉધ્ધતાઇ, અદેખાઇ, નિર્દયતા વગેરેને દૂર કરાવે એ જ સાચું જ્ઞાન.

દેહ અને આત્માની ભિન્નતાનું ભાન કરાવે એ જ સાચું જ્ઞાન.

આત્મા પોતે જ શુભ-અશુભ કર્મોનો કર્તા અને ભોક્તા છે, તેનું ભાન એ જ સાચું જ્ઞાન.

જનતાને આત્માની ઉન્નતિનો સાચો માર્ગ બતાવે એ જ સાચું જ્ઞાન.

ધર્મનું આચરણ કરે, કરાવે અને અનુમોદન કરે એ જ સાચું જ્ઞાન.

પ્રત્યક્ષ બનતી હિંસા અટકાવી અહિંસાની અઘોર આરાધનાદ્વારા જગતના પાપ દબાવે એ જ સાચું જ્ઞાન.

મુક્તિ અને મોક્ષ, સ્વર્ગ અને નરકનો ભેદ સમજાવે એ જ સાચું જ્ઞાન.

ઊંડા અંધારેથી ઉચ્ચ ગતિએ લઇ જાય એ જ સાચું જ્ઞાન.

તન, મન અને ધનનો સદુપયોગ કરવાદ્વારા જીવનદીપક ઉજાળે એ જ સાચું જ્ઞાન.

બુઝાઈ ગયેલા ભાવદીપકને સમતારૂપી તેલનું સીંચન કરી પ્રગટાવે એ જ સાચું જ્ઞાન.

માનવીમાં માનવતા, શ્રીમંતાઇમાં દાનાઇ, માલિકમાં ઉદારતા, ધર્મમાં શ્રધ્ધા, કર્મમાં પુરૂષાર્થનું ભાન કરાવી જીવન જ્યોત પ્રગટાવે એ જ સાચું જ્ઞાન.

**શ્રી રમણલાલ કે. શાહ–વાપી**

卐


## ક્રાઉન [CROWN BRAND GUARANTEED PURE] બ્રાન્ડ

એલ્યુમિનિયમની વિશુદ્ધતા, બનાવટની ઉત્તમતા, ઘાટની લોકપ્રીયતા, ઉત્પાદનની કળા છતાં પણ દામની કિફાયતતા.

સમજુ સન્નારીઓ એટલા માટે ક્રાઉન બ્રાન્ડનાં જ વાસણો ખરીદવાનો આગ્રહ રાખે છે.

ભેટ અને શણગાર માટે રંગીન વિવિધ વસ્તુઓ અમારી પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા મેળવી ચૂકી છે.

એલ્યુમિનિયમની સુટકેસો આજે ઘરઘરનો વપરાશ બની ચૂકી છે,

**જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ.**

૩૧, નેતાજી સુભાષરોડ, કલકત્તા.

: : શાખાઓ : :

મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી, એડન, રંગુન.

## અમારાં ઉપયોગી પ્રકાશનો

**પ્રાચીન સજ્ઝાયમાલા :** પ્રચલિત, ઉપયોગી પ્રાચીન સજ્ઝાયોનો નૂતન સંગ્રહ, પાકું પૂઠું, દ્વિરંગી જેકેટ છતાં મૂલ્ય ૧–૬–૦

**ભક્તિસુધા તરંગિણી :** પૂજામાં બોલવાનાં નૂતન શૈલીનાં ભાવવાહી પદો, ગહુંલીઓ, સ્નાત્રપૂજા વગેરેનો સુંદર સંગ્રહ, ૫૫૫ કાગળ પર સારી છપાઇ, મૂલ્ય ૦–૧૨–૦

**શત્રુંજય મહાતીર્થ ગુણમાલા :** તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રામાં ઉપયોગી સ્તવનો, સ્તુતિઓ. ~~ચૈત્યવંદનો તેમજ~~ શત્રુંજયનો મહિમા, સ્વરૂપ, વર્ણન ૧૦૮, ૧૭, ખમાસમણા વગેરેનો અપૂર્વ સંગ્રહ, મૂલ્ય ૬ આના.

લખો : **શ્રી જૈન સાહિત્ય પ્રચારિણી સભા.**
C/O. દોશી પ્રી. પ્રેસ : દીવાનચોક : જુનાગઢ

બાલ, યુવાન, પ્રૌઢ તથા વૃધ્ધ સહુને એક સરખી રીતે ગમી જાય તેવું રૂપકો, દૃષ્ટાંતો, તથા બોધકથાઓદ્વારા માનવતાનાં મંગલતત્ત્વનું

**એક અપૂર્વ પ્રકાશન**

## મંગલ દીપ

લેખક : **પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર**

ક્રાઉન સોળ પેજી : ૧૦૪+૧૨ પેજ

: ચાર કલર–કલાયુક્ત જેકેટ :

મૂલ્ય ૧–૦–૦ : પોસ્ટેજ અલગ

તમારા માટે એક નકલ આજે જ વસાવો !

—: પ્રાપ્તિસ્થાન :—

**જૈન સાહિત્ય પ્રચારિણી સભા**
C/O. દોશી પ્રી. પ્રેસ : દીવાનચોક : જુનાગઢ
સોમચંદ ડી. શાહ પાલીતાણા.

# આજનું કોંગ્રેસી રાજયતંત્ર.

શ્રી મનુ સુબેદાર

**કોંગ્રેસ સરકારનું રાજ્યતંત્ર આર્થિક દૃષ્ટિયે કેટ-કેટલું વિસંવાદી ગણત્રીયે ચાલી રહ્યું છે? તેમજ હિંદભરમાં બહુ ગવાયેલી પંચવર્ષીય યોજના કેવી પોકળ છે.! એ હકીકત હિંદના જાણીતા અર્થશાસ્ત્રી શ્રી મનુ સુબેદાર અહિં રજૂ કરે છે, જે હિંદના રાજકારણમાં રસ લેનાર પ્રત્યેક વિચારકને માટે મનનીય છે, એથી 'અખંડ આનંદ' માસિકના સૌજન્ય અને આભાર સાથે 'કલ્યાણ'ના વાંચકો માટે અહીં રજૂ થાય છે.**

હિંદુસ્તાનને પરદેશી રાજ્યસત્તામાંથી છૂટું કરી સ્વતંત્રતા મેળવવામાં કોંગ્રેસની સંસ્થાએ જે ફાળો આપ્યો છે, તે જોતાં આ સંસ્થાનો નાશ થાય એમ કોઇપણ ન ઇચ્છે, પણ કોંગ્રેસના સૂત્રધારોજ જો આવો વિનાશ લઇ આવે. અથવા તો એને આવતો રોકી ન શકે તો શું કરવું? આ સવાલ પ્રજાના મોટા હિતનો છે, અને એની ચર્ચા થવાની જરૂર છે.

ખુદ કોંગ્રેસના આગળ પડતા સભાસદોની અંદર ઊભી થયેલી નાઉમેદી અને નાખુશી ફરી ફરી ફુટી નીકળે છે અને દર ચાર-છ મહિને મહાસમિતિની બેઠકમાં પં. નહેરૂ હાથ ફેરવે એટલે બધું પતી ગયું અને શમી ગયું, એવી કોંગ્રેસી પત્રોમાં જાહેરાત કરવામાં આવે છે. પ્રધાનો અને મંત્રીઓની સંખ્યામાં, કેંદ્રમાં જ નહિ, પણ બધે ઠેકાણે મોટો વધારો કરવામાં આવ્યો છે. કમિશનો કમિટી અને ડેપ્યુટેશન અને એલચીખાતામાં મહાસભાવાદીઓ [કોંગ્રેસીઓ] રહી ગયા હતા, તેમને મૂકી દેવાયા છે; અથવા તો એક પદવીમાં પોતાનું કાર્ય બહુ સારી રીતે પાર નથી પડયું, તેમાંથી છૂટા થયેલાઓને તેઓ છૂટા થાય એટલે તેમને કયાંક ગોઠવી દેવા જોઇએ એ હિસાબે તેમને ગોઠવી દેવાયા છે.

'સર્વોદય' અને સેવાનાં સૂત્રો જેટલાં વધુ પડતાં બોલાય છે, તેટલાં પ્રયોગમાં મુકાતાં નથી. સેવાની ભાવના કોંગ્રેસના અંતરંગ વાડાઓમાં જ હોય, એની બહારના માણસોમાં જ દેશપ્રેમ અને ત્યાગ અધુરો અને ઉપલકિયો છે એવી ખોટી ભાવના પ્રદેશના પ્રધાનો અને તેમના ખુશામતખોરો સેવી રહ્યા છે. સેવાની રીતે જગતના કાર્યો થાય એ તો ઘણી જ ઉંચી વાત પણ દુનિયાનું મોટે ભાગે કામ વ્યવહારની રીતે અને પોતાનાં જીવન સાધનો ઉભા કરવાની કોશિશમાં બને છે, એ સત્ય શા માટે વિસારી મૂકવામાં આવ્યું છે? પોતાના પ્રદેશની, પોતાના પક્ષની અથવા તો પોતાના ખાતાની જરૂરી વિગતો સિવાય પ્રધાનોમાં અને બહારના કોંગ્રેસી રાજપુરૂષોમાં બીજું જાણવાની કે વિચાર કરવાની વૃત્તિ ઓછી દેખાય છે. સમગ્ર દેશના સવાલોનો ગંભીર વિચાર આયોજન કરતું હશે કે કેન્દ્રનું નાણાંખાતું કરતું હશે કે પ્રધાન મંડળની કોઇ સમિતિ કરતી હશે, એવી પ્રજાની સામાન્ય માન્યતા છે. પણ પરિણામ શૂન્ય અને પરસ્પર વિરોધિ વાતો ઊભી થાય છે, તેમજ સામાન્ય વર્ગનું જીવન ધોરણ ગંભીર રીતે મુશ્કેલીમાં મૂકાતું જાય છે, તે જોતાં નિઃસ્વાર્થપણે અને કુશળતાથી જનહિતના પ્રશ્નોની બારીક તપાસ થતી લાગતી નથી.

આપણા દેશમાં સાધન સંપત્તિવાળા અને વ્યવહારૂ વ્યવસ્થાની શક્તિવાળા માણસોની સંખ્યા પ્રથમથી જ ઓછી છે. તેમાંથી આજે કોંગ્રેસ એક પછી એક જૂથને પોતાથી અલગ કરી રહી છે. વેપારીઓના નામની તો કોંગ્રેસી સંસ્થાઓમાં અત્યંત ઘૃણા છે, એટલે કાર્યદક્ષતા વગરના કોંગ્રેસી રાજકીય પુરૂષો અને પ્રધાનો એક તરફ અને બીજી બાજુથી જેમના ઉપર કામનો બોજો ઘણો વધુ પડતો થઇ ગયો છે, તેવા ઇંડિયન સિવિલ સર્વિસના અમલદારો પાસેથીજ કામ લેવાની ગણતરી થાય છે.

કોંગ્રેસી એટલે કાયમી ખાદી પહેરનારા અને એક-બે-ત્રણવાર જેલમાં જઇ આવેલા, આ ધોરણ ઉપર જ સામાન્ય ચૂંટણી સમયે ઉમેદવારોની પસંદગી કરવામાં આવી (સ્થાનિક અને પ્રાદેશિક ધોરણે, રાષ્ટ્રની નજરથી નહિ) એનું પરિણામ એ આવ્યું છે કે, ધારાસભાઓમાં અત્યંત સામાન્ય શક્તિવાળા પ્રતિનીધિઓની જમાવટ થઇ છે; એટલું જ નહિ પણ કેંદ્રિયસંસદમાં પણ પ્રતિનીધિઓનું ધોરણ આ દેશને ગૌરવ આપે એટલું ઉંચું નથી રહ્યું.

પ્રધાનોની પસંદગી કોંગ્રેસપક્ષના સભ્યોમાંથી જેઓ આગળ પડતા હતા. તેમાંથી થઇ, એનું પરિણામ એ આવ્યું છે કે, રાજ્યોના બસો ઉપરની સંખ્યાના પ્રધાનોમાં અનુભવી, કાબેલ અને પોતાના ખાતાના વિષયની માહિતી ધરાવનાર ભાગ્યે જ પચીસ પ્રધાનો હશે.

ગાંધીજીની સમીપમાં જેઓ રહ્યા હતા અને શ્રી નહેરૂ આજે જેમના ઉપર મોટો આધાર રાખી રહ્યા છે, તેવા આગેવાનોને કારોબારી હોદ્દા ઉપર બેસાડી દેવાયા છે, પણ તે માટેની મોટા ભાગે તેમની યોગ્યતા ઘણી ઓછી દેખાઇ આવી છે.

આજે આપણે જિલ્લાવાર સ્થાનિક તેમજ ભાષા-ધોરણે રાજ્યો ઘડી રહ્યા છીએ, એક હિંદી પ્રજા અથવા સમસ્ત ભારતની કોઇને પડી હોય એમ લાગતું નથી. મોટી યોજનાઓ અને રાજનીતિની પાછળ પણ સરકારની નેમ રાષ્ટ્રના ઘડતર માટેની હોવા કરતાં વધારે અમુક સ્થાનિક વ્યક્તિઓને અને જૂથોને સંતોષવાની જ દેખાય છે. ગાંધીજીનો અહિંસાવાદ અને શ્રી નહેરૂની ( યુદ્ધ વિનાની ) તટસ્થતાની નીતિ આ બે વસ્તુઓથી હિંદુસ્તાનનું ગૌરવ દુનિયામાં જરૂર વધ્યું છે, પણ આપણા એલચી ખાતાના અધિકારીઓ, ભારતનો અવાજ રજૂ કરતા મોટા ભાગના પ્રતિનિધિઓ, અને વિદેશોની મુલાકાતે જતા મોટી સંખ્યાના હિંદીઓની કામગીરીથી ભારતની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગી છે. દેશમાં ઉદ્યોગોના રાષ્ટ્રિયકરણની વાતો ઘણા જોરથી કર્યા પછી કેંદ્રિય સત્તાધીશોએ એ તલવાર હજી લટકતી રાખી છે. પ્રજાજનોના ખાનગી સાહસ પ્રત્યે હજુ શકની નજરથી જોવાય છે, રાજ્યને હસ્તક ચાલતા જૂના અને નવા ઉદ્યોગો કારખાનાંઓ અને ખાતાઓ ઘણાં ખરાં લૂલાં-લંગડાં ચાલે છે અને નાણાંની પહોંચી ન શકાય તેવી મોટી જવાબદારીઓ ઉભી કરી રહ્યા છે. બેકારી અને મોંઘવારી ખસેડવાને માટે વધુ ઉદ્યોગો અને વધુ પેદાશ જોઇએ છે. તે ખાનગી સાહસ આપી શકે, તેને નિરતેજ કરવામાં આવ્યું છે, અને તેની જગ્યાએ તેટલું સતેજ રાજ્યનું સાહસ (અ સ્ટેટ એક્ટિવિટી ) ઉભું થયું નથી. રહેવાના ઘરો સંબંધી જો ખાનગી સાહસને ભૂલ ભરેલ કાયદાથી ખોટી રીતે રોકવામાં ન આવ્યું હોત તો અત્યાર સુધીમાં ઘણી વધારે પ્રગતિ થઇ ગઇ હોત.

યોજનાઓ અને આયોજન પંચના અહેવાલ ઉપર એટલો બધો મોટો અને ખોટો મદાર બાંધવામાં આવ્યો છે, કે એમાંથી જો પ્રજાને નિરાશા ઉભી થાય તો પરિણામ ઘણું વિપરીત આવી જશે. દરેક રાજ્ય પોતાની માનીતી યોજનાઓ આયોજનમાં ઘુસાડવાની કોશીષ કરી રહ્યું છે, પણ આ બધી યોજનાઓ પાકી રીતે તપાસાઇ જ નથી. કોલંબો યોજનામાંથી બહારની મદદ મેળવવાને માટે અતિ ઘણી ત્વરાથી જે હાથમાં આવ્યું તેનો સરવાળો કરીને આયોજન બનાવવામાં આવ્યું. આટલું કાચું અને ઉતાવળથી થયેલું આયોજનનું કામ, હવે આપણને કહેવામાં આવે છે, કે કોઇપણ રીતે જરાય ફેરફાર વગર પાર પડવું જ જોઇએ, જે યોજનાઓ વર્ષો સુધી હવા ખાતી હતી તે પુરી કરવા માટે હજી પાંચ વર્ષમાં ગમે તેવા ને ગમે તેટલા કરો નાંખીશું, બની શક્તી બધી રીતે રીતે લોકોની મૂડીમાંથી લોનના આકારમાં અથવા તો એસ્ટેટડયુટી ( મિલ્કત વેરા ) મારફત કે બીજી રીતે પૈસા લઇશું અને તેય છતાં જો ઓછા પડે તો 'ડીફીસીટ ફાઇનન્સ' એટલે કે નોટો છાપીને કામ પુરૂં કરીશું !

પાંચ-પચીસ વર્ષે પરિણામ આપનારી યોજનાનો બોજો ભારે કરોની રીતે આજની પ્રજા પર નાંખવો એ અયોગ્ય છે. નોટો છાપવાની વાત તો અધિકારીઓના મોઢામાં બિલકુલ શોભતી નથી, કારણ કે અત્યારે જ રૂપિયાની ખરીદ શક્તિ ચાર આના જેટલી છે. વધુ નોટો છાપીને તે ખરીદ શકિતને બે આના કે ત્રણ આના જેટલી કરવાથી સામાન્ય પ્રજા અને મધ્યમ વર્ગને ઘણું મોટું દુઃખ થશે, એટલું જ નહિં પણ આ યોજનાઓના પોતાના અડસટ્ટાઓ જે હમણાં પણ વધ્યા જાય છે, તે ખોટા પડશે, ને જ્યાં એક કરોડની ગણત્રી હોય ત્યાં બે કરોડ લાગશે.

આયોજન (અં-પ્લાન )ની બધી યોજનાઓ શું એટલી પવિત્ર, એટલી જરૂરી અને મૃત્યુ-પર્યાય (અં-પેરેમ્પટરી ) સમી છે કે, એને બે કે પાંચ વર્ષ સુધી મુલતવી રાખી ન શકાય ? અત્યાર સુધીની સર-

કારની આર્થિક કામગીરી બહુ આશાભર્યું પરિણામ આપી દે એવું દેખાડતી નથી, અને આ યોજનામાંથી બધું જ આવી જશે એવી ખોટી ધારણામાં કરોડો માણસોને રાખવા એ વાત, પ્રામાણિકપણે થતી હોય તો પણ ઘણી જ અયોગ્ય છે.

અંકુશોના અમલમાં મળેલી સફળતા ઘણી સામાન્ય જ કહેવાય. આમાં પણ ઘણી સુધારણાને અવકાશ છે. સમાજવાદી અને સામ્યવાદીઓ પ્રજાના એક ભાગને બીજા ભાગની સાથે લડાવવાની અને વર્ગવિગ્રહ કરાવવાની કોશિશ કરે, પણ આજે કોંગ્રેસના પ્રધાનો જ્યારે પોતાની રહેણી-કહેણી સારી સ્થિતિવાળા અને તવંગરવર્ગને શોભે તેવી કરી રહ્યા છે, ત્યારે તેઓજ અત્યંત ભાર મૂકીને પ્રજાના મોટા ભાગને પોતાથી વધુ સાધનોવાળા વર્ગોની વિરુદ્ધ ઉશ્કેરી રહ્યા છે. ( દા–ત– કલાસલેસ સોસાયટી ) સો વર્ષ સુધી જેટલા કાયદા નથી પસાર થયા તેટલા છેલ્લા પાંચ વરસમાં પસાર કરવામાં આવ્યા છે. કામ કરનારો વર્ગ પોતાના હક્કો તરફ જ જુએ અને બને તેટલું ઓછું જ કામ આપે ( અં. ગોસ્લો ) એવી વૃત્તિને વધુ પડતું અનુમોદન મળ્યું છે. એક બાજુથી આયોજન અને ઉત્પાદન વધારવું એવી વાતો કરનારાઓ બીજી બાજુથી કામ ઓછું થાય, મોંઘુ થાય, અને દરમાયાઓ એટલા જ રહે અથવા તો વધી જાય તેવી વિરોધી વાત ( દા–ત. વેલફેર સ્ટેટ ) કરી રહ્યા છે. ઉત્પાદન વધારવાનો આ રસ્તો નથી

સામ્યવાદી અને સમાજવાદીઓ ઉપર સરસાઇ કરવાને માટે બહુમતિ મેળવવાની જ નેમ કોંગ્રેસે જાળવી છે. આ રાજકીય ગણતરી અત્યારે તો સફલ થઇ છે, પણ જે સૂત્રો પોકારવામાં આવે છે, અને જેમાંનાં ઘણા માટે ઉતાવળા અર્ધદગ્ધ કાયદાઓ કરી નાંખવામાં આવ્યા છે, તેનાથી અને શિથિલ રાજ્ય વ્યવસ્થાથી પ્રજાના આર્થિક જીવનની ખાનાખરાબી થઇ રહી છે, આ વાત આજે અત્યારે કોઈકને નવી લાગશે ને કોઇકને કડવી લાગશે, પણ બે–ચાર વર્ષ પછી આનું વધારે પરિણામ દેખાશે.

આ બધી મુશ્કેલીઓનું મૂળ તો પ્રાંતિક સ્વતંત્રતા ( અં. પ્રોવિન્શિયલ ઓટોનોમી ) એટલે કે છવીસ પ્રાંતો અથવા રાજ્યો અથવા પ્રદેશોને અમુક વિષય પર કાયદા ઘડવાની અને અમુક જાતના કરો નાખવાની સત્તા ભારતના બંધારણમાં આપવામાં આવી છે, તે છે હિંદુસ્તાન પ્રજાસત્તાક રાજ્ય હોય તો પ્રજાના ચૂંટાયેલા માણસો દિલ્હીમાં બેસીને આખા દેશને માટે ભલે કાયદા ઘડે અને જે કરો નાખવા હોયતે નાંખે; તેમજ તેમનામાંથી ચૂંટાયેલું પ્રધાનમંડળ રાજ્ય કરે, પણ હિંદુસ્તાનમાં ૨૬ ઠેકાણે ડેમોક્રસી એટલે પ્રજારાજ્યનું ફારસ, ખર્ચાળ ચૂંટણીઓ, સામાન્ય કોટીના પ્રધાનો અને સમજ્યા વગર નાખવામાં આવતા કરો શા માટે જોઇએ ? દુનિયામાં જ્યાં જ્યાં કેંદ્ર અને રાજ્યની ધારાસભાઓ જુદી છે, ત્યાં ત્યાં છેવટે હોંસાતુંસી, મતભેદો અને પ્રતિસ્પર્ધા ઊભાં થયાં વિના રહ્યાં નથી. અત્યારે મોટા ભાગનાં રાજ્યોમાં જૂનાં અને હાથમાં રહેલાં નાણાં ખર્ચાઇ ગયાં છે. અંદાજપત્રમાં ગાબડું છે. નવા કરો માટે ગાંડી શોધાશોધ થઇ રહી છે. લોનો ઊભી કરવામાં તકલીફ છે અને ખર્ચાઓ ધૂમ વધતા જાય છે, તેમ છતાં રાજ્યવ્યવસ્થા અને પ્રજાનો સંતોષ આગળ જેવાં નથી. વધુ નાણાં માટે બધાં રાજ્યોનો ધસારો કેંદ્રો ઉપર થયો છે, અને તેમની પૂરી ન થાય તેવી માંગણીઓ સંતોષવાનો કોઇ પણ માર્ગ કેંદ્રને દેખાતો નથી. આવી સ્થિતિ બીજા પાંચ વરસ ચાલુ રહી શકે એવીજ નથી બંધારણ ઘડતી વખતે થયેલી આ ભૂલ સુધારી લેવી જોઇએ, નહીં તો નાણાં અને ગેરવ્યવસ્થાને કારણે તેમાં મોટા ફેરફાર કરવાની ફરજ પડશે.

છેલ્લા પાંચ વર્ષમાં ઘણે ઠેકાણે ને ઘણી રીતે મેં એ વિચાર દર્શાવ્યો છે કે, સમવાયી ( અં. ફેડરલ ) ગોઠવણી ખોટી છે અને એને લીધેજ ભાષાવાર અને સ્થાનિક ખેંચાખેંચી ( જે અટકાવવામાં કોંગ્રેસ નિષ્ફળ નીવડી છે) થઇ રહી છે તેનેજ લીધે લખલુટ ખર્ચા અને બધાને સારા પગારના હોદ્દાઓ પૂરા પાડવાની દોડધામ થઈ રહી છે. રાજ્યના પ્રધાનો રાજ્યવ્યવસ્થામાં રોકાઇ જવાને બદલે રાજકીય પ્રવૃત્તિઓ અને પ્રચાર, પ્રજાનો સંપર્ક વગેરે વાતોમાં પોતાનો સમય અને દેશનો પૈસો વેરી રહ્યા છે. તેમને જ જો કાર્યદક્ષતા અને યોગ્યતા પ્રમાણે પસંદ કરીને દિલ્હીથી નીમવામાં આવે તો કરોડોના ખોટા ખર્ચા ઓછા થઈ જાય, એટલું જ નહિ પણ અનેક જાતની ખોટી ખેંચાખેંચીમાંથી

જ્યાં સુધી આર્થિક વિષયોમાં યુદ્ધની પૂર્વવત્ સ્થિતિ આવે નહિ ત્યાં સુધી બધીજ નવી યોજનાઓ ( કંઇ નહીં તો જે હજુ શરૂ નથી કીધી તેવી તો જરૂર ) અભરાઇ પર મૂકવી જોઇએ. દુરાગ્રહથી તેને પૂરી કરવાનો પ્રયાસ કરવામાં આવશે તો યોજનાઓના પોતાના અડસટ્ટા એટલા બધા વધી જશે કે તે પુરી થઇ શકશે નહીં. ઓછી પેદાશ કરો, ઓછું કામ કરો અને વર્ગવિગ્રહ ઊભો કરો, એ વાત એક બાજુ અને બીજી બાજુ વધુ પેદાશ કરો અને થશે એવી ખોટી આશા સેવવી, એ પરસ્પરવિરોધી વાદ કોંગ્રેસની સંસ્થાનુંજ નહી પણ દેશનું ભાવિ ઘણું ભયંકર દેખાડે છે.

કરોડોના જીવનમાં અત્યંત મહત્ત્વવાળી આ વાતનો બારીકાઇથી ને કુશળતાથી વિચાર થતો હોય એવું દેખાતું નથી. ચૂંટણી જીતવા માટે યોજનાઓ ઘડી અને તે યોજનાઓ પૂરી કરવા માટે ગમે તેવી રીતે ( નોટો છાપીને પણ ) પૈસા ઊભા કરશું એ વાત રાજકીય ધોરણે પણ અયોગ્ય છે. જનસમૂહના હિતની દ્રષ્ટિયે પણ આ વાત ભયાનક લાગે છે.

આપણા રાષ્ટ્રના મર્યાદિત સાધન અને શકિતનો વ્યય થતો અટકે.

યુદ્ધ પહેલાંની વસ્તુની કિંમતનો આંકડો સો હતો તે વધીને આજે ૩૭૫ની સપાટી પર રહ્યો છે. ( એટલે કે રૂપિયો ચારજ આનાનો માલ ખરીદી શકે છે. ) તેમાં કેંદ્ર તરફથી વસ્તુઓની કિંમત ઘટાડવાનું કંઈ પણ પગલું લેવાય ત્યાંતો રાજ્યો આજ વસ્તુઓ ઉપર નવા કર નાંખીને તેની કિંમત વધારી રહ્યાં છે. વનસ્પતિ ઘીની કિંમત કેંદ્ર સરકારે ઓછી કરવાનું બે એક મહિના ઉપર જાહેર કર્યું, તે વખતે મુંબઈમાં બહુમુખી વેચાણવેરો નાખીને જે ઘટાડો મધ્યમ વર્ગની સ્ત્રીઓને રાહત આપી તે ઘટાડો હવામાં જ ઉડાડી દેવામાં આવ્યો છે. મધ્યમવર્ગ માર્યો ગયો છે. તેનો અફસોસ મધ્યમવર્ગમાંથીજ ઉભા થયેલા કોંગ્રેસી રાજપુરુષો કરતા નથી, પણ ઉલટું તેમાં અભિમાન લેતા જણાય છે ! કામદારવર્ગને ઊંચો લાવીએ છીએ એવી તેમની ઘોષણા અને માન્યતા વસ્તુખરીદીનો આંકડો ૩૭૫નો હોઇને એટલે કે રૂપિયાની કિંમત ચાર આના હોઇને સર્વથા ખોટી પડે છે.


# જૈન ભાઈઓને ખુશખબર

## -: ઉપધાનતપના ઉજવણા પ્રસંગે :-

**માળની છાબમાં મૂકવાની દરેક જાતના પવિત્ર વસ્તુઓ ક્યાંથી ખરીદ કરશો !**

કેશર, કસ્તુરી, અંબર, બરાસ કપુર, દશાંગ ધુપ, સોના ચાંદીના વરખ, બાદલું, કટોરી, અગરબતી, સુખડ તથા દરેક જાતના ઉંચા પીપરામુળ, એલચી અને માળ પ્રતિષ્ઠા વિગેરે અનુષ્ઠાનોમાં વપરાતી વસ્તુઓ અમારે ત્યાંથી ખાત્રીપૂર્વક અને વ્યાજબી ભાવે મળશે.

**એક વખત અમારી દુકાને પધારી ખાત્રી કરો**

: આપના સહધર્મી બંધુ :

**શાહ શાંતિલાલ ઓધવજીની કું.**

૩૧૭, જુમા મસ્જીદ, મુંબઇ ૨.



જૈન સમાજમાં એકજ અને અજોડ

# શ્રી લબ્ધિસૂરિજી જૈન સંગીતમંડળ

## પાલીતાણા

અભિનવ નૃત્યો, સુંદર-આધુનિક સ્તવનો, બૌદ્ધિક સંવાદો, અને રાસ ઇત્યાદિ પ્રભુભકિતના સુંદર કાર્યક્રમોથી આપના ધાર્મિક શુભપ્રસંગો તથા અઠ્ઠાઇ મહોત્સવો દીપી ઉઠશે.

સાથે છે વિવિધ વાજીંત્રો યુકત રાગરાગણીથી પૂજાઓ ભણાવનાર સંગીતરત્ન **મા. રાયચંદભાઈ.** એક વખત અવશ્ય આમંત્રણ આપવા જૈનબંધુઓને નમ્ર વિનંતિ છે. બહારગામના આમંત્રણો પણ સ્વીકારાય છે.

**શ્રી લબ્ધિસૂરિજી જૈન સેવા સમાજ**

પાલીતાણા ( સૌરાષ્ટ્ર )

# ભાઈ ! સત્તાનો સદુપયોગ કરજે !

પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર.

સત્તા એ સંસારની મોહક શક્તિ છે. ધન, દોલત, સમૃધ્ધિ કે વૈભવો કરતાંયે સત્તા ખરેખર મહાન છે. એક જ્ઞાની પુરૂષે સત્તાને કલ્પવૃક્ષની ઉપમા આપી છે. સત્તાને પામેલો માનવ, જો ન્યાયપૂર્વક હૃદયની સરળતાથી તેનું પાલન કરે તો કહેવું જોઇએ. કે સત્તા માનવલોકનું સ્વર્ગ બની શકે છે. સત્તાને પામનાર માનવે, પોતે સત્તાનો માલિક છે, એ હંમેશને માટે ભૂલી જવું જોઇએ. ડગલે ને પગલે પોતાની સત્તાનું કડપપૂર્વક ઘમંડથી પ્રદર્શન કરનારો સત્તાધીશ સહુ કોઈને માટે ઉપહાસને પાત્ર બને છે.

પૂર્વની પુણ્યાઇના યોગે આત્માને જે સારી–સારી સામગ્રીઓ પ્રાપ્ત થાય છે, તેમાં બુધ્ધિ, બલ, ધન તેમજ સત્તા, આ ચારને મુખ્ય રીતે ગણી શકાય. બુદ્ધિ એ જરૂર પુણ્યાઈનો પ્રકાર છે, પણ બુધ્ધિમાન માનવ, પોતાની બુધ્ધિ દ્વારા કેવળ જાતના જ સુખ, ભોગ કે સ્વાર્થને જોનારો તથા વિચારનારો જો બને તો તે બુદ્ધિ, સંસારભરના આત્માઓ માટે, તેમજ તેની પોતાની જાતને માટે ભયંકર અહિત કરનારી બને છે. ધન, શરીરબલ તેમજ સત્તા આ ત્રણને માટે પણ ઉપર મુજબ જ કહી શકાય.

તેમાંયે સત્તા માટે કાંઇક વિશિષ્ટતા છે. બુધ્ધિ, સંપત્તિ કે શરીરબલ કેવળ સાપેક્ષ છે, એકાંગી છે. જ્યારે સત્તા સર્વવ્યાપી શકિત છે. સત્તા; ધન, બુદ્ધિ કે બલની સ્હામે ઉભી રહી શકે છે. સત્યને ક્ષણવારમાં અસત્યરૂપે જાહેર કરવામાં જે રીતે સત્તા ફાવી શકે છે, એવી તાકાત અન્ય કોઇ શકિતમાં નથી. પણ આ સત્તા એ શ્રાપ છે અને આશિર્વાદ પણ છે.

નીતિમાન, સેવાભાવી અને સ્વાર્થત્યાગી તેમજ વિવેકી આત્માને પ્રાપ્ત થતી સત્તા ખરેખર સંસારની શોભા બને છે. આજે જ્યાં જૂઓ ત્યાં સત્તા મેળવવા મથતા માનવો આપણી ચોમેર દૃષ્ટિગોચર થાય છે. સત્તાને પામેલાનાં સુખની કલ્પના કરી, તેની ઇર્ષ્યા કરનારા આપણા સંસારમાં આજે કયાં ઓછા છે ? પણ સત્તા એ કાચો પારો છે, એ રખે તેઓ ભૂલે ! જો તેને મારતાં આવડે તો તે જીવી જાય, નહિતર સત્તાને નહિ જીરવી શકનારા અનેક રીતે ખુવાર થયાના દૃષ્ટાંતો ઇતિહાસનાં પાને નોંધાયેલા આપણી સ્હામે છે.

સત્તાના સ્થાને રહેલાઓને માટે પણ કેટકેટલા કસોટીના પ્રસંગો આવે છે. જે વેળા તેનો ન્યાયપ્રિય આત્મા સત્તાનો સદુપયોગ કરી, સંસારને માટે ભવ્ય આદર્શ ખડો કરી જાય છે.

આવો જ એક પ્રસંગ ઇતિહાસના પાનાપર નોંધાયેલો પડયો છે.

કાશીના મહારાણી કરુણાદેવી ગંગાના કિનારાપર શિયાળાની એક સાંજે ફરવા નીકલ્યા છે. ધીરે ધીરે અંધારૂં થતું જાય છે. ઠંડીની અસર વધવા માંડી. મહારાણીના શરીર પર થોડાં મુલાયમ વસ્ત્રો અને શાલ સિવાય કાંઇ નથી. ઠંડી વધતી જોઇ, ધ્રુજતા શરીરે મહારાણીએ પોતાના સેવકોને આદેશ કર્યો; જાઓ ! તપાસ કરો, તાપણું કરવા માટે કાંઇ સાધન હોય તો લઇ આવો !' મહારાણીના હુકમને માથે ચઢાવી, સેવકોએ ત્યાં બાળવાના બળતણની શોધ કરવા માંડી, એટલામાં મહારાણીની નજર ત્યાં નદી કિનારે ઘાસની ન્હાનીશી ઝુંપડીઓ કરીને એને જ પોતાનો

આવાસ માનીને રહેલા ગરીબ માણસો જણાયા. એ ઝુંપડીઓના ઘાસને મહારાણીએ મંગાવ્યું. પેલા નિરાધાર ગરીબોએ જવાબ આપ્યો. 'એ નહિ બને ! આ ઘાસની ઝુંપડીઓ એ તો અમારો આધાર છે, આવી ઠંડીમાં અમે જઇએ ક્યાં ?'

કાશીના મહારાણીને આ વેળા પોતાની સત્તાનો ગર્વ આવ્યો સત્તાના ઘેનમાં એ ભાન-ભૂલા બન્યાં. સેવકોને તેમણે કહ્યું. 'જોઇ શું રહ્યા છો, તમને ખબર નથી કે આ ફૂટી બદામના માણસો મારૂં અપમાન કરી રહ્યા છે ! આ બધી ઝુંપડીઓ હમણાં જ સળગાવી મૂકો, ઠીક થયું ઠંડીમાં તાપણું કરવા આ કામ લાગશે.' સત્તાનો ભાર માથા પર લઈને ફર-નારા મહારાણીની માનવતા અત્યારે મરી પર-વારી. પોતાની સત્તાનું ઘમંડપૂર્વક પ્રદર્શન કરવાનો તેમને આ મોકો મળી ગયો.

હુકમના તાબેદાર સેવકોએ બીજાજથી પેલા ગરીબ લોકોને, બાલ–બચ્ચા સાથે કડકડતી ઠંડીમાં ઢસડી–ઢસડીને બહાર કાઢ્યા. તે લોકોની ઘરવખરી જેમ તેમ ફેંકી દીધી ને ઝુંપડીઓને સળગાવી મૂકી.

મહારાણીને પોતાની સત્તા માટે ક્ષણભર મદ ચઢ્યો. સત્તાનાં સ્વપ્નોમાં રાચતાં મહા-દેવી, તે સાંજે સેવકોની સાથે ગુમાનપૂર્વક પાલખીમાં બેસી રાજમહેલમાં આવ્યાં.

બીજે દિવસે સ્હવારે કાશી શહેરમાં વાત વાયુ વેગે ફેલાઇ. મહારાણીએ ગરીબ, નિરાધાર પ્રજાજનો પર વરસાવેલા અત્યાચારના સમાચાર કાશીનરેશ પાસે આવ્યા. મહારાજા સ્વભાવે ઉદાર તથા ન્યાયનિષ્ઠ છે. તેમણે જાતે તપાસ શરૂ કરી, જે લોકોની ઝુંપડીઓ બાળી નાખવામાં આવી હતી, તેમને ખુદ મહારાજાએ બોલાવ્યા.

તે ગરીબ લોકોને કાશીનરેશે પૂછ્યું; 'તમારી ઝુંપડીઓ કોણે બાળી?' આ લોકો જવાબ ન આપી શકયા. તેઓનાં હૈયામાં વ્યથાનો મહાસાગર હીલોળા મારતો રહ્યો. તેઓ મૂંઝવણમાં મૂકાયા. તે બિચારાઓનું ગજું કેટલું ? કે સાચી વાત હામ ભીડીને તેઓ કહી શકે ? પણ કાશીનરેશને ન્યાય કરવો હતો. પોતાના રાજ્યમાં કોઇના પ્રત્યે પણ સ્હેજ ન્હાનો સરખો અન્યાય થઇ ગયો હોય તો જંપીને બેસવું એ આવા મહારાજાઓને મન શરમ હતી, કલંક હતું. તેઓ બેસી ન રહ્યા. સેવકોને બોલાવી, સાચી વાત પૂછી. અંતે ઝુંપડીઓના માલિક બિચારા ગરીબ લોકો પર થઈ ગયેલા અન્યાયથી તેઓ સમસમી ઉઠ્યા.

મહારાજાએ આદેશ કર્યો, 'જાઓ ! રાણીને અત્યારે ને અત્યારે અહિં બોલાવી લાવો !' મહારાજાનો હુકમ થતાં મહારાણી કરુણા ત્યાં આવ્યાં. તેમણે પૂછ્યું; 'કેમ મારૂં શું કામ પડયું છે ?' મહારાણીનું ખંડિત ગુમાન છેલ્લો દાવ ફેંકવા સજ્જ બન્યું. મહારાજાએ રાણીના અન્યાયનો જવાબ માંગ્યો. રાણીએ તુમાખીભેર કહ્યું, 'મારા સંતોષની ખાતર, આનંદ માટે મેં આમ કર્યું છે. મારા આનંદ કરતાં ઝુંપડીઓની કિંમત કાંઇ વધારે છે ? ઠંડી દૂર કરવા મેં તેમ કર્યું, તેમાં કયો અન્યાય થઈ ગયો ?'

કાશીનરેશ અત્યારે ન્યાય તોળવા બેઠા હતા. ન્યાય એ જ એમને મન જીવનસર્વસ્વ હતું. ન્યાયની ખાતર પોતાના પ્રિયજનનો ભોગ આપવો પડે, તો તેમ કરવાને પણ તેઓ તૈયાર હતા. ન્યાયના આસન પર બિરાજેલા અધિકારીની અદાથી કડક બનીને તેમણે રાણીને કહ્યું, 'વારૂ, કાશીના મહારાણીપદે તમને આ બધું

# આત્માને હિતકર એવા દ્રવ્યાનુયોગની મહત્તા.

પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર.

( દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસનું સારભૂત અવતરણ.)

(ગતાંકથી ચાલુ)

**ઢાળ બીજી:**

**દ્રવ્યનું સ્વરૂપ લક્ષણ**–ગાથા–૧

ગુણ અને પર્યાયનું જે પાત્ર અને ત્રણે કાળમાં એકરૂપ તે દ્રવ્ય કહેવાય છે. પોતપોતાની જાતિની અપેક્ષાએ તે દ્રવ્ય કહેવાય છે. અવસ્થાભેદ થવાથી તેમાં ભિન્નતા આવતી નથી.

આત્મા એ દ્રવ્ય છે. તેમાં જ્ઞાનાદિ ગુણ-પર્યાયો રહે છે. ને તે ત્રણે કાળમાં એકરૂપ છે. ચેતન મટીને જડ થતો નથી.

પુદ્‌ગલ એ દ્રવ્ય છે. તેમાં રૂપાદિ ગુણ-પર્યાયો રહે છે. ત્રણે કાળમાં પુદ્‌ગલ પુદ્‌ગલ-સ્વરૂપ જ રહે છે. તે જડ મટીને ચેતનરૂપ થતા નથી. એ પ્રમાણે ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય ને કાળ માટે પણ સમજવું.

વ્યવહારમાં ઘટપટ વગેરે દ્રવ્યો ગણાય છે. પૃથ્વી પાણી આદિને દ્રવ્યો ગણાવવામાં આવે છે. તે સર્વ આપેક્ષિક દ્રવ્યો છે. વાસ્તવમાં તો તે સર્વ પુદ્‌ગલ દ્રવ્ય છે, પણ આકૃતિ-વિશેષ અને ગુણવિશેષના આધાર હોવાથી દ્રવ્ય કહેવાય છે. તે આપેક્ષિક દ્રવ્યો મૂળ-ભૂત દ્રવ્યના વાસ્તવપણે તો પર્યાયો હોય છે. દેવ–મનુષ્ય–તિર્યંચ આદિ મુળભૂત આત્મ-દ્રવ્યના પર્યાયો હોવા છતાં તેના જુદા જુદા પર્યાયો અને ગુણની અપેક્ષાએ દ્રવ્યરૂપ ગણાય છે.

પરસ્પર સંકળાએલા પદાર્થોનું સ્વરૂપ સમજવાનું હોય ત્યારે એક સ્વરૂપમાં બીજાની અને બીજાના સ્વરૂપમાં પ્રથમની અપેક્ષા લેવી પડે છે. એ સિવાય તે સ્વરૂપ સમજી શકાતું નથી. ગુરુ–શિષ્ય, પિતા–પુત્ર આદિમાં એકની અપેક્ષા જતી કરીએ તો અન્ય પણ સ્થિર નહિં થાય. દ્રવ્યના સ્વરૂપમાં ગુણ–પર્યાયની અને ગુણ–પર્યાયમાં દ્રવ્યની અપેક્ષા રહેવાની જ. એમ કોઇપણ એકની અપેક્ષા છોડી દઇને તેનું સ્વરૂપ વિચારવાનું બની શકશે નહિં.

---

નહિ સમજાય! તમારે એ ભૂલવું જોઇતું નથી કે, જેવું તમારૂં હૃદય છે, જેવો તમારા હૃદયનો આનંદ છે, તે રીતે મારા રાજ્યમાં વસનાર પ્રત્યેક પ્રજાજનોને પણ હૃદય છે, અને એને પણ આનંદ મેળવવાની ઇચ્છા હોય એ સહજ છે. રાણી! તમારા આનંદ ખાતર કોઇના પણ હૃદય કે આનંદને કચડવાનો તમને અધિકાર નથી. આજે તમે અધિકારને ભૂલીને અન્યાય કરવામાં પાછી પાની કરી નથી, માટે જ હું તમને કાશીનરેશ તરીકે આદેશ કરૂં છું કે, આજથી એક વર્ષ પર્યંત તમને કાશીનાં મહારાણી–પદ પરથી મુક્ત કરવામાં આવ્યાં છે. તમે હવે કાશીના મહારાણી નથી, મારા રાજ્યમાં ભીખ માંગી મજૂરી કરી જે પૈસા ભેગા કરો, તેમાંથી આ ગરીબ પ્રજાજનોની ઝુંપડીઓ ફરી બાંધી આપો, ત્યારે જ તમને તમારી સત્તાનો નશો, ઘેન ઉતરી જશે, સ્હમજ્યાને!'

ન્યાયનું મૂલ્ય કેટ–કેટલું મહાન છે! અને ન્યાયની કિંમત ચુકવતી વેળા સત્તાના સ્થાને રહેલા માનવને કેટ–કેટલા કડક રહેવાનું હોય છે. તો જ સત્તા સંસારમાં આશિર્વાદ-રૂપ બની શકે છે, નહિતર અન્યાય, સ્વાર્થ, તેમ જ જાત–ઘમંડના નશામાં ભાન ભૂલા બનેલાઓના હાથમાં રહેલી સત્તા, એ ખરેખર સંસારનું નર્ક બની રહે છે.

બીજા દર્શનકારો પણ જે દ્રવ્યના જુદા જુદા લક્ષણો કરે છે, તેમાં પણ આ સ્થિતિ કાયમ રહે છે. સમવાયિ કારણત્વ જેમાં હોય તે દ્રવ્ય કહેવાય, એમ નૈયાયિક કહે છે. ત્યાં પુછવામાં આવે કે કોનું સમવાયિ કારણ–એટલે ગુણાદિની અપેક્ષા લેવી જ પડે. દ્રવ્યત્વજાતિ જેમાં રહે તે દ્રવ્ય કહેવાય, એમ કહેવામાં પણ દ્રવ્યત્વજાતિના નિર્વચનમાં અનેક વિચારણાઓની અપેક્ષા કરવી પડે છે. આ સર્વ અનિવાર્ય સ્થિતિ છે. એટલે **ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્.** । અ. ૫. સુ. ૩૭ । એ પ્રમાણે શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્રમાં દ્રવ્યનું સ્વરૂપલક્ષણ સર્વાંગસુન્દર છે.

## ગુણપર્યાયનું સ્વરૂપ અને તેની દ્રવ્ય સાથે ભેદાભેદતા. ગાથા. ૨.

દ્રવ્યની સાથે જે સતત ધર્મ રહે છે, તે ગુણ કહેવાય છે. અને ક્રમશઃ ફરતો જે ધર્મ રહે છે તે પર્યાય કહેવાય છે.

દ્રવ્યની જે જાતની કલ્પના કરી હોય તેને આધારે ગુણ–પર્યાયની વિચારણા કરવાની હોય છે. મૂળભૂત દ્રવ્યો જે આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય–આકાશાસ્તિકાય અને કાળ છે. તેમાં અનુક્રમે ઉપયોગગુણ, ગ્રહણગુણ, ગતિકારણતા, સ્થિતિકારણતા, અવગાહનાકારણતા, અને વર્તનાકારણતા એ સતત રહેતાં ગુણો છે. નર–નારકાદિ જીવના પર્યાયો છે. રૂપ–રસાદિના પરાવર્તનો એ પુદ્ગલના પર્યાયો છે. ભિન્ન ભિન્ન જીવ–પુદ્ગલોને સંચરણ દેશવિશેષમાં કરાવવું–સ્થિતિ દેશ વિશેષમાં કરાવવી ને અવગાહના દેવી એ ધર્માધર્મ ને આકાશના પર્યાયો છે. વર્તનાવિશેષ કરાવવી એ કાલના પર્યાયો છે.

આ દ્રવ્ય–ગુણ અને પર્યાય એ ત્રણે પોતપોતાના સ્વરૂપલક્ષણને સ્વતંત્ર ધારણ કરતાં હોવાથી ભિન્ન છે. સમાનસ્થળે અવસ્થિત હોવાથી અભિન્ન છે. એટલે તેનું વાસ્તવસ્વરૂપ તો ભિન્નાભિન્ન છે. એ રીતે દરેકના ત્રણ પ્રકાર છે. દ્રવ્ય–ગુણ અને પર્યાય એ ત્રણના ભિન્ન–અભિન્ન અને ભિન્નાભિન્ન એમ ત્રણ પ્રકાર કલ્પીએ તો એક અપેક્ષાવિશેષે નવ પ્રકાર થાય. આ ત્રણેના આ ત્રણ પ્રકારો સમજવા માટે તેનું સ્વરૂપલક્ષણ–જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય છે, તે બરાબર વિચારવું. એ જેટલું સ્થિરપણે સમજાય તેટલું ઉપરનું સ્વરૂપ દૃઢપણે સમજાય છે ને સ્થિર થાય છે.

## દ્રવ્ય–ગુણ ને પર્યાયની ભિન્નતા ગાથા. ૩

દ્રવ્ય–ગુણ ને પર્યાય એ ત્રણે પરસ્પર ભિન્ન–અભિન્ન અને ભિન્નાભિન્ન છે, એ જાણ્યા પછી ભિન્ન કઇ રીતે છે તે જાણવાની જિજ્ઞાસા પ્રથમ જાગૃત થાય એ સ્વાભાવિક છે.

કોઇપણ પદાર્થની વિચારણા કરવાની હોય ત્યારે તેમાં પ્રથમ બે પ્રકાર પડે છે. એક સામાન્ય અને બીજો વિશેષ. એ બે પ્રકાર સિવાય વસ્તુની વિચારણા થઇ શકતી નથી. સામાન્યની અપેક્ષા વસ્તુમાં દ્રવ્યત્વની સ્થાપના કરે છે અને વિશેષની અપેક્ષા ગુણ–પર્યાયની સ્થાપના કરે છે. વસ્તુમાં એક સામાન્યની અપેક્ષા એવી રહેલી હોય છે કે, જે તે વસ્તુમાં છેલ્લા દ્રવ્યત્વની સ્થાપનાને સ્થિર કરી દે છે ને તે દ્રવ્યત્વને ખસેડીને ગુણ–પર્યાયપણાને સ્થાપના કરી શકાતા નથી. એ સામાન્ય ચરમસામાન્ય અથવા પરમસામાન્ય તરીકે ઓળખાય છે. એજ પ્રમાણે ચરમવિશેષ અને પરમવિશેષનું પણ એવું સામર્થ્ય છે કે, તેના સ્થાપન કરેલા ગુણ–પર્યાય પણ

દૂર કરીને ત્યાં દ્રવ્યત્વની સ્થાપના કરી શકાતી નથી.

જેમ મોતિની માળામાં દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણનો વિચાર આ પ્રમાણે કરી શકાય. મોતિની માળા એ સામાન્ય છે, માટે એ દ્રવ્ય છે, તેમાં તે તે મોતિ એ વિશેષ છે માટે પર્યાય. માળામાં ઉજ્જવલતા એ ગુણ છે, કારણ કે એ પણ વિશેષ છે. અહિં એ વાત ખાસ લક્ષ્યમાં રાખવાની છે કે, ઉપર જણાવ્યા એ દ્રવ્ય–પર્યાય સાપેક્ષભાવે છે. સેંકડો માળાઓમાં આ માળા મોતિની છે, એ પ્રમાણે માળાને વિશેષિત મોતિ કરે છે–માળા તો સામાન્ય રહે છે, માટે મોતિ વિશેષ છે, મોતિ વિશેષ હોવાને કારણે પર્યાય છે, ને માળા સામાન્ય હોવાને કારણે દ્રવ્ય છે. આ અપેક્ષાને બદલે જો મોતિની અનેક વસ્તુઓ હોય–જેમ કે માળા વલય, કર્ણફૂલ, મુદ્રિકા આદિ તો તે સર્વમાં મોતિ–સામાન્ય રહે છે ને તે તે ભૂષણો વિશેષ બને છે એવી અપેક્ષા હોય ત્યારે મોતિ એ દ્રવ્ય ગણાય છે અને માળા–વલય વગેરે પર્યાય ગણાય છે. ગુણ તરીકે ઉજ્જવલતા તો બન્ને અપેક્ષામાં સમાન છે.

આજ પ્રમાણે માટીના ઘડા માટે સમજવું. માટીની અનેક વસ્તુઓમાં માટી સામાન્ય છે અને તે તે વસ્તુઓ વિશેષ છે, એટલે માટી દ્રવ્ય છે અને તે તે વસ્તુઓ પર્યાય છે. પણ ઘણી જાતના ઘડાઓ લઇએ, જેવા કે માટીના–સોનાના–ચાંદીના–તાંબાના–પિત્તળના. તો તેમાં ઘટ એ સામાન્ય છે અને માટી–સોનું–રૂપું–તાંબું–પિત્તળ એ વિશેષ છે. એટલે તે અપેક્ષામાં ઘટ એ દ્રવ્ય છે અને માટી વગેરે પર્યાય છે. ત્યાં પણ રૂપ વગેરે તો ગુણરૂપ રહે છે.

આથી સ્પષ્ટ સમજાય છે કે, સાપેક્ષભાવે દ્રવ્યથી ગુણ-પર્યાય જુદા છે. અરસપરસ સંબંધથી સંકળાએલા છે. આ સ્વરૂપ મનમાં સ્થિર રહે તે માટે નીચેના નિયમો ખાસ અવધારણ કરી રાખવા જરૂરી છે.

**સામાન્ય**—પદાર્થને દ્રવ્યરૂપ સમજાવતું તત્ત્વ.

**વિશેષ**—પદાર્થને ગુણ-પર્યાયરૂપ સમજાવતું તત્ત્વ. તેમાં જે દ્રવ્યમાં વધુ અને વિશેષ સમય સ્થિર રહે તે વિશેષ છે, તે ગુણરૂપ સમજાવે છે, અને અલ્પ દેશ-કાળને અવલંબતો વિશેષ છે, તે પર્યાયરૂપ જણાવે છે.

–ક્રમશઃ

---


# શ્રી શત્રુંજય આદિ તીર્થપટો

## માટે પૂછાવો!

૫૦ વર્ષના અનુભવે બટકે નહિ તેમજ પાણીથી ભીંજાય નહિ તેવું કાપડ બનાવી શાસ્ત્રીય રીતે વિધિ–વિધાન મુજબ પ્રતિમાઓ તેમજ તમામ સુંદર દૃશ્યોની રચનાઓ પાકા-રંગ અને સાચા સોનેરી વરગથી ચમકતા બનાવી આપવામાં આવે છે.

હિંદ અને આફ્રીકા સુધી બહોળો ફેલાવો ધરાવનાર.

પ્રો. ભીખાભાઇ કરણજી

**ગૂર્જર આર્ટ સ્ટુડીઓ**

**પાલીતાણા.** (સૌરાષ્ટ્ર)

# દીવો

પૂ૦ મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજ.

મહાપુર નગરના જૈનધર્મી લક્ષ્મણ નામના શ્રીમંત વણિકને જૈનધર્મના સુસંસ્કારોથી રંગાયેલી રૂપમાં દેવકુમારી સરખી અને શીલગુણે અલંકૃત થયેલી "નંદા"નામે પુત્રી હતી. પુત્રીને ઉંમરલાયક થયેલી જોઇ માતા-પિતા એના યોગ્ય વરની ચિંતા કરતા હોઇ સખી દ્વારા નંદાએ કહેવડાવ્યું કે, જેની પાસે ભયંકર પવનના જોરે પણ કમ્પે નહિ એવો સ્થિર "દીવો" હશે તેને પરણીશ, નહીતર આજીવન બ્રહ્મચારિણી રહીશ. પહાડના જેવી અચળ પ્રતિજ્ઞા પુત્રીની સાંભલી ચિંતામાં વધારો થયો. થોડા દિવસોમાં વાત ગામ-પરગામ પહોંચી ગઇ. શ્રીમંતની રૂપગુણયુક્ત છોકરીને મેળવવા ઉમેદવારોએ પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ ગયા.

શાંત સ્વભાવવાલી નંદાની ઉમર વધવા સાથે પ્રસન્નતા પણ વધવા માંડી અને બીજી બાજુ માતા-પિતાની ચિંતા પણ દિનપ્રતિદિન વધવા લાગી.

એજ નગરમાં રહેતો "નાગિલ" નામે મહાધૂર્ત, રૂપવાન જુગારી વસતો હતો. એણે નગર બહાર "વિરૂપાક્ષ" નામના એક યક્ષના મંદિરમાં જઇ ઊપવાસનાં લાંઘણો કરવા માંડયો. થોડા દિવસોમાં યક્ષ પ્રસન્ન થયો, વર માંગવા કહ્યું. નાગિલે સ્થિર દીપકની માંગણી કરી. યક્ષે કહ્યું, જા તારે ઘેર તે પ્રમાણે તૈયાર છે. ઘરે આવીને જોતાં નાગિલને ખાત્રી થઇ. હર્ષમાં આવેલા તેણે નંદાના પિતાને જણાવ્યું. નંદા માતા-પિતા તથા સ્વજનો સાથે નાગિલને ઘેર જઈ સ્થિર દીવો જોઇ નિરુત્તર બની. મોટા આડંબર સાથે લગ્ન થઇ ગયાં. એકની એક સંસ્કારી શાંત સ્વભાવવાળી પુત્રીને દાયજામાં ઘણું ધન આપ્યું, નાગિલને હર્ષનો પાર નથી, હવે નિરંકુશ બની જુગાર વગેરે અનાચારોમાં વિશેષ પાવરધો બની ઘણીવાર રાત્રિનાં છેક મોડો લથડીયાં ખાતો ઘેર આવે, નંદાને ત્રાસ આપવામાં બાકી રાખે નહિ. જુગારમાં ધન જેમ જેમ ગુમાવે તેમ પુત્રી ઉપરના મોહથી નંદાના પિતા લક્ષ્મણ તેને ધન આપતા રહે છે. કોઇ-કોઈવાર નાગિલ વિચાર પણ કરતો કે મારો ભયંકર દોષ હોવા છતાં પ્રસન્નતાથી મૂંગે મોઢે આ નંદા કેમ સહન કરે છે, મારી સેવા કરે છે, એક શબ્દ પણ મને બોલતી નથી.

આ પ્રમાણે સમય પસાર થાય છે. કર્મના સ્વભાવને તત્વજ્ઞા નંદા જાણનારી હોવાથી એને પતિ ઉપર દ્વેષ, રોષ કાંઇ નથી. પોતાના પૂર્વોપાર્જીત કર્મોનો વિપાકોદય છે એવી જિનેશ્વરદેવની વાણીરૂપી અમૃતના પાનથી સદા તૃપ્ત ( પ્રસન્ન ) રહે છે. એક વખત જુગારમાં ઘણું ધન હારી જવાથી કંટાળી જંગલમાં નાગિલ ચાલી જાય છે. જ્ઞાની મુનિરાજનો મિલાપ થતાં સ્વાભાવિક આનંદમાં આવી પગે લાગે છે. ત્યાગની મૂર્તિને જોઇ તેને સદ્ભાવ થાય છે. ધર્મનો બોધ ટુંકમાં સાંભળે છે અને પૂછે છે કે 'હે પૂજ્યશ્રી ! મારા ખરાબ વર્તનથી પણ નંદા ગુસ્સો કેમ કરતી નથી.' મુનિરાજે કહ્યું કે મહાનુભાવ ! નંદાના "**હૃદયરૂપી કોડીયામાં સમ્યગ્-દર્શનરૂપી દીવેલ અને સમ્યગ્જ્ઞાનરૂપી દીવેટથી વિવેકરૂપી "દીવો" પ્રકાશિત થયેલો છે.**

જેને ક્રોધ અને અભિમાનરૂપી ભયંકર પવન તથા લોભ રૂપી પ્રચંડ મોજાઓ પણ ઓલવવા શક્તિમાન નથી અને એ દીવો સદા માયારૂપી મેશથી રહિત છે. અર્થાત્ એણે ચારે કષાયો ઉપર કાબુ જમાવેલ છે.

તું તો શું પણ આખું જગત પણ કોઇના ચમત્કારથી અંજાઈ જઇ ઝુકી પડે, વાહ વાહ પૂકારે, છતાં એને વીતરાગ દેવ, ત્યાગી સુસાધુ અને વીતરાગે પ્રરૂપેલ ધર્મ ઉપરની શ્રદ્ધાથી કોઇ ડગાવી શકે એમ નથી. આ સાંભળી નાગિલના હર્ષનો પાર નથી. મુનિરાજ પાસે પરસ્ત્રીગમનવિરમણનો નિયમ લીધો. ઘેર આવ્યો. નંદાને બધી વાત કરી જુગાર વગેરે અનાચારનો સર્વથા ત્યાગ અને પરસ્ત્રી-ગમનવિરમણનો નિયમ પતિનો સાંભળી હર્ષમાં આવી જઈ, નંદાએ કહ્યું ' સ્વામી ! આજે મારી વીતરાગદેવ ઉપરની ભક્તિરૂપી અમૃતના સિંચનથી પૂણ્યરૂપી વૃક્ષને ફળ આવ્યું તે બધો ગુરુદેવનો જ પ્રભાવ છે. મારે જે દીવો જોઇતો હતો તે તમારામાં આવી ગયો જોઇ મારા હર્ષનો પાર નથી.' ત્યારબાદ નાગિલ પણ દરરોજ જિનપૂજાદિક ધાર્મિક કાર્યો કરવા લાગ્યો.

સતી નંદા પોતાના પિતાને ત્યાં ઓચ્છવ પ્રસંગે ચાર–આઠ દિવસ માટે ગઇ. એક વખત નાગિલ પોતાના મકાનની અગાસીમાં સુતો હતો ત્યારે આકાશ માર્ગે વિમાનમાં જતી વિદ્યાધરીના જોવામાં આવ્યો. નાગિલના રૂપથી આકર્ષાઇ વિકારી બની નાગિલ પાસે આવી પ્રાર્થના કરતી કહેવા લાગી; ' હે સુંદર ! તું મારો સ્વીકાર કરી મને શાંત કર. હું તને નૃત્ય અને સંગીતથી પ્રસન્ન કરીશ. હું વિદ્યા-ધરપતિ હંસરાજાની સ્ત્રી અને ચંડ નામના વિદ્યાધરની લીલાવતી નામની પુત્રી છું. સ્વામીના વિયોગવાળી એવી મને તારૂં જ શરણુ છે, તારા સંગથી હું ખરેખર લીલાવતી બનીશ, નહિતર મારે અગ્નિનું શરણુ છે. વળી મારા પતિ તથા પિતાના રાજ્યોનાં રહસ્યને હું જાણું છું, તેથી વિદ્યાઓના બળે તે પણ તને જીતાવી આપીશ. વગેરે મોહક અને લાલચનાં વચનો બોલતી નાગિલનો સ્પર્શ કરવા નજીક આવતાં અગ્નિનો સ્પર્શ થવાના ભયે જેમ દૂર ખસી જાય તેમ પરસ્ત્રીના સ્પર્શના ભયથી દૂર ખસી ગયો અને કહેવા લાગ્યો કે, ' ઉભયલોકમાં દુઃખને આપનારૂં એવું પાપકર્મ હું કરનાર નથી.' એવો અડગ નિશ્ચય જોઈ વિદ્યાધરી ગુસ્સે થઇ આકાશમાં જઇ ભયંકર તપેલો લોઢાનો ગોળો વિકુર્વી બોલવા લાગી; ' હજુ માની જા, નહિતર આ ગોળો હમણાં ફેંકી તને બાળી મારી નાખીશ.'

નાગિલ પણ ગભરાયા વગર કહેવા લાગ્યો, 'હે વિદ્યાધરી ! હું મૃત્યુથી ડરતો નથી પણ પરસ્ત્રીના નિયમના ભંગરૂપી પાપથી ડરૂં છું. નિયમભંગ કરી જીવવાની ઇચ્છા નથી, નિયમ પાળતાં મૃત્યુ આવે તેની પરવા નથી, એમ બોલી નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો.

ગોળો ફેંકાયો પણ નિષ્ફલ ગયો, વિદ્યા-ધરી હતાશ થઇ અદૃશ્ય થઈ અને થોડા સમય બાદ નંદાનું રૂપ કરી વિદ્યાધરી નંદાના જેવા સ્વરપૂર્વક અગાસીનું બારણું નાગિલ પાસે ઉઘડાવ્યું. નાગિલે નંદાને જોઇ પૂછયું અત્યારે રાત્રે પિતાને ત્યાંથી કેમ આવી. કૃત્રિમ નંદાએ કહ્યું, 'વિરહાગ્નિ શાંત કરવા'. વગેરે બોલી નજીકમાં આવતાં નાગિલે વિચાર કર્યો કે મારી નંદા આવી વિષયલુબ્ધી હોય નહિ કે જે રાત્રે પીયરથી આવે. છતાં ખાત્રી કરવા એકદમ બોલી ઉઠયો કે, ' ખરી નંદા હોય તો તુરત આવી જાઓ અને બનાવટી હોય તો ત્યાં જ સ્થંભી જાઓ.' બસ એ છેલ્લા વાકયે માયાવી નંદા ત્યાંજ સ્થંભી ગઈ. વિદ્યાધરીએ ખરૂં રૂપ પ્રગટ કરી ક્ષમા માગી, એટલે નાગિલે પણ સમજાવી કહ્યું ' ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલી એવી તારે પરપુરુષના સ્પર્શરૂપી

# શું ઈશ્વર જગતનો કર્તા છે ?

પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી પ્રવીણવિજયજી ગણિવર.

કેટલીક વેળા અજૈન હિંદુસમાજમાં એવો ભ્રમ ફેલાવવામાં આવે છે કે, 'જૈનો ઇશ્વરને માનતા નથી, જૈનો નાસ્તિક છે.' ઈત્યાદિ. પણ જૈનો જે રીતે ઇશ્વરનું શુદ્ધ સ્વરૂપ સ્વીકારે છે, અને ઇશ્વરને માને છે, એ રીતે અન્ય કોઇ સંપ્રદાયમાં ઇશ્વરનું યથાર્થ સ્વરૂપ સ્વીકારાયું નથી. અન્ય લોકો ઇશ્વરને જગતનો કર્તા માને છે, ત્યારે જૈનો જગતના કર્તા તરીકે ઇશ્વરને સ્વીકારતા નથી. જૈન સંપ્રદાયની આ માન્યતાનાં ઉંડાણમાં જે વાસ્તવિકતા રહેલી છે, તે અહિં સુંદર રીતે રજૂ થયેલ છે. આ કારણે સહુ કોઇએ આ લેખ મનનપૂર્વક વાંચવા જેવો છે.

**જયારે** ઘડા જેવી સામાન્ય ચીજને બનાવનાર પણ કુંભાર હોય છે. તો પછી આવા વિશાલ જગતને બનાવનાર કોઇ ન હોય એ કેમ બને ? આ કલ્પનાએ સૌના મગજમાં આ દુનિયાનો ઉત્પન્ન કરનાર ઈશ્વર જ છે, એમ નક્કી કરાવી દીધું છે. પરન્તુ તે કલ્પના બીલ્કુલ વજુદ વિનાની છે. ઘડાને બનાવનાર કુંભાર હોઇ શકે છે, કારણ કે ઘડો એ એક આકારવાલી વસ્તુ છે. અને કુંભાર પણ દેહધારી હોઇ આકારવાલો છે. આકારવાલો આકારવાલી ચીજ બનાવી શકે છે. જ્યારે ઈશ્વર તો નિરંજન નિરાકાર હોય છે. નિરાકારવાલાથી આકારવાલા જગતની ઉત્પત્તિ અસંભવિત છે. માટે ઘડા આદિ વસ્તુનો બનાવનાર હોય છે. તેજ મુજબ આ સૃષ્ટિનો પણ કોઈ સર્જનહાર હોવો જોઇએ એ કલ્પના યુક્તિસંગત નથી. આ કલ્પનાએ આજે જગતકર્તૃત્વ વિષે ઘણા મત–મતાંતરો ખડા કર્યા છે, દુનિયાનો મોટો ભાગ અને ઘણા ધર્મો આ જગતના બનાવનાર તરીકે ઈશ્વરને જ માને છે. જ્યારે જૈનધર્મ ઇશ્વરને બતાવનાર તરીકે માને છે. પરન્તુ બનાવનાર તરીકે માનતો નથી. અને એજ કારણથી કેટલાક અનભિજ્ઞ પુરુષો જૈનોને નાસ્તિક ( અનીશ્વરવાદી ) માને છે. પરન્તુ આ તેમની માન્યતા બીલ્કુલ અણસમજ ભરેલી અને દીર્ઘદૃષ્ટિ વિનાની છે. કારણ કે પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથથી લઈ ચોવીશમા શ્રી મહાવીરસ્વામી સુધીના તીર્થંકરોને ઇશ્વર તરીકે જ માને છે અને પૂજે છે. એટલું જ નહિ પણ

---

પાપ કરવું નહિ'. ઇત્યાદિ બોધકવાકયોથી વિકારરહિત થયેલી નાગિલને ધર્મગુરુ માની પરપુરુષનો નિયમ લેઈ વારંવાર પ્રણામ કરી ચાલી ગઈ.

નાગિલને ઉંઘ આવી નહિ. વિચારમાં ચડયો 'આજે તો પૂણ્યોદયે પાપથી બચ્યો, પરંતુ ભવિષ્યમાં કોઇ છલ કરી પ્રમાદવશ થઇ ભાન ભુલું તો દુર્ગતિ થાય, માટે દીક્ષા સવારમાં લેવી એજ ઠીક છે. નંદાને પીયરથી તેડાવી દીક્ષાની વાત કરી. નંદા તો વિરાગિણી હતી જ. મહોત્સવપૂર્વક દીક્ષા બન્નેએ લીધી, સંયમ પાલી દેવલોકે સુર–ભોગ ભોગવી મહાવિદેહે મનુષ્ય થઇ દીક્ષા લેઇ કેવલ પામી મુક્તિએ ગયા.

વાંચક વિચારે કે, મહાધૂર્ત, અનાચારી એવો પણ નાગિલ, સતી સ્ત્રીના ધૈર્યથી ગુણવાન બની વિવેકરૂપી દીપકથી જ પાપથી બચ્યો, અને વિદ્યાધરી જેવી રૂપવાન સ્ત્રીનો મોહ અને રાજયોની લાલચ પણ એના વિવેકરૂપી દીપકને કમ્પાવી શકયા નહિ, ધન્ય હો, કોડો વંદન હો એવા આત્માઓને.

લાખ્ખો અને ક્રોડો રૂપીયાના ઉદાર ખર્ચે વિશાલ ગગનચુંબી ભવ્ય જિનાલયોમાં તેમને પધરાવી તન, મન અને ધનથી તેમની અપૂર્વ ભક્તિ બજાવે છે, આટલું સગી આંખે દેખવા છતાં જૈનો ઈશ્વરને માનતા નથી એમ બોલવામાં અને લખવામાં શો ઇરાદો હશે ? તે તો જ્ઞાની જાણે.

છતાં પણ આ પ્રપંચી જગતને ઉત્પન્ન કરનાર ઇશ્વર નથી. આ માન્યતા માત્રથી જ જો જૈનોને નાસ્તિક માનવામાં આવતા હોય તો તે નાસ્તિકતાનું ટાઇટલ જૈનોને મુબારક છે. કારણ કે રાગ અને દ્વેષ રહિત પરમ કૃપાળુ પરમાત્માને રાગ અને દ્વેષથી ભરેલી દુનિયાને ઉત્પન્ન કરવાનું જુઠું આળ ચઢાવી તેમને રાગી અને દ્વેષી ઠરાવવાનું સાહસ ખેડવા કરતા નાસ્તિકતાનું બીરૂદ સ્વીકારી લેવું વધુ શ્રેયસ્કર છે.

હવે પ્રથમ ઇશ્વરકર્તૃત્વનો પ્રશ્ન છણવા પહેલાં એ જાણવાની જરૂર છે કે, જ્યારે દુનિયા જ ન હતી, તો પછી ઇશ્વર કોનો ? કારણ કે રાજા હોય તો રૈયત અને રૈયત હોય તો જ રાજા. બન્નેનો પરસ્પર સંબંધ હોય છે.

ઠીક ઘડીભર માની લો કે ઇશ્વર એકલો જ હતો અને દુનિયા હતી જ નહિ, તો પ્રશ્ન એ થશે કે ઇશ્વરને દુનિયા ઉત્પન્ન કરવાનું પ્રયોજન શું ? કારણ કે ઇશ્વર પોતે સ્વયં કૃતકૃત્ય છે. કહ્યું છે કે, **प्रयोजनमनुद्दिश्य मन्दोऽपि न प्रवर्तते,** અર્થાત્ પ્રયોજન સિવાય મન્દ બુદ્ધિવાલો પણ કોઇ પ્રવૃત્તિ કરતો નથી, તો પછી સર્વજ્ઞ સર્વદર્શી, નિરંજન, નિરાકાર એવા પરમાત્માને આવી વિચિત્ર દુનિયા બનાવવાનું કાંઇપણ કારણ તો હોવું જોઈએ ને ?

જો તેમને એકલા રહેવું પસંદ પડતું ન હતું એટલે લીલાના ખાતર જ આ જગત ઉત્પન્ન કર્યું છે, એમ જો કહેતા હો તો એ ઉત્તર ઇશ્વરના સત્ય સ્વરૂપને કલંકિત કરનારો છે. કારણ કે રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન વિનાના ભગવાનને એકલા નહિ ગમવું અને લીલા માટે જ જગત્ ઉત્પન્ન કરવું આદિ બાલચેષ્ટા જેવી ક્રિયાઓ કદિ સંભવતી જ નથી.

ઠીક, એક વખત માની લો કે દુનિયાના સમસ્ત પ્રાણીઓને ઇશ્વરે બનાવ્યા છે, તો એ પ્રશ્ન ઉપસ્થિત થશે કે જ્યારે ઇશ્વરે આત્મા બનાવ્યા, ત્યારે તે આત્માઓ કર્મ સહિત હતા કે કર્મ રહિત હતા ? કર્મ સહિત હતા એમ જો કહેશો તો નવા ઉત્પન્ન થયેલા આત્માઓએ કર્મ ક્યારે કર્યાં ? જો એમ કહેશો કે, આત્માને કર્મ પછી વળગ્યા, અગર પછી કર્મો આત્માએ કર્યા, તો કહેવું પડશે કે શુદ્ધ આત્માને કર્મ શી રીતે વળગે ? શુદ્ધ આત્માને ફરીથી કર્મો કરવાનું કારણ શું ? જો શુદ્ધ આત્માને પણ કર્મ લાગે તો સિદ્ધ પરમાત્માઓ કે જેઓ સમસ્ત કર્મોનો ક્ષય કરી મોક્ષમાં બિરાજ્યા છે, તેમને પણ ફરી કર્મ લાગવાનો પ્રસંગ આવશે, જે કદી સંભવે એવી વસ્તુ નથી. આથી સિદ્ધ થાય છે કે, માટી અને સોનાના સંબંધની માફક આત્મા અને કર્મનો પણ સંબંધ અનાદિ કાળનો જ છે. આ જે આત્માઓની દૃષ્ટિપથમાં આવતી વિચિત્ર અવસ્થાઓ પણ કર્મસત્તાને જ આભારી છે.

પ્રથમ આત્મા કે પ્રથમ કર્મ એ પ્રશ્નનો ઉત્તર આપી શકાય એમ નથી. પ્રથમ કર્મ એમ જો કહેશો તો આત્મા વિના કર્મ કર્યા કોણે ? પ્રથમ આત્મા અને પછી કર્મ એમ જો કહેવામાં આવે તો શુદ્ધ આત્માને કર્મ લાગવાનું પ્રયોજન શું ? જેમ કોઇ તમોને

પૂછે કે, પ્રથમ મરઘી કે પ્રથમ ઈંડુ, જો પ્રથમ મરઘી એમ કહેશો તો ઈંડા વિના મરઘી આવી ક્યાંથી? આ પ્રશ્ન ઉભો થશે. અને પ્રથમ ઈંડુ અને પછી મરઘી એમ કહેશો તો મરઘી વિના ઈંડુ મૂક્યું કોણે? એ પણ પ્રશ્ન ખડો જ છે. ઈંડા અને મરઘીના પ્રશ્નમાં પહેલો કોણ અને પછી કોણ એનો જવાબ મલી શકતો નથી, તેમ આત્મા અને કર્મ માટે પણ સમજી લેવું. ટુંકમાં બન્ને અનાદિના છે એમ માનવું પડશે.

ભલે માની લ્યો કે આ જગત ઈશ્વરે બનાવ્યું, પરન્તુ જગત તો મનુષ્ય, દેવ, નારકી અને તિર્યંચ એમ ચાર વિભાગમાં વહેંચાયેલું છે, તો એ પ્રશ્ન ઉપસ્થિત થશે કે જ્યારે દુનિયા ઈશ્વરે ઉત્પન્ન કરી ત્યારે તો બધા આત્માઓ એક સરખાજ હતા, કોઈએ પણ ગુન્હા તો કર્યાજ ન હતા, તો પછી કયા ન્યાયથી આત્માઓને ચારે ગતિમાં જુદા જુદા સ્થાને મોકલ્યા? પોતાની ઈચ્છા મુજબ ગમે તેને ગમે ત્યાં મોકલવા એ કાંઈ ન્યાયયુક્ત કહેવાય જ નહિ. ધારો કે જેમને દેવગતિમાં અને મનુષ્યગતિમાં મોકલ્યા, તેમને તો સુખી બનાવ્યા. પરન્તુ જેમને નારકી અને તિર્યંચ બનાવ્યા એમને તો ઘોર દુઃખમાં પટકી હડહડતો અન્યાયજ કર્યો કહેવાય ને? આવી રાગ અને દ્વેષવાળી પ્રવૃત્તિ એ ઇશ્વર જેવી મહાન વ્યક્તિ માટે બિલ્કુલ અનુચિત જ ગણાય.

કદાચ ઉપરોક્ત પ્રશ્નના ઉત્તરમાં કોઇ એમ કહે કે, જ્યારે ઈશ્વરે સૌને બનાવ્યા, ત્યારે તો સૌને સુખી જ બનાવ્યા હતા. પરંતુ પાછળથી હિંસા, જૂઠ, ચોરી, જારી આદિ પાપમય પ્રવૃત્તિઓમાં પડી ગયા એટલે તેમને તે ગુન્હાઓની સજા ભોગવવા માટે દુર્ગતિમાં નાંખવા પડ્યા.

તો એ ઉત્તરના સામે પુનઃ એ પ્રશ્ન ઉભો થાય છે કે, તમો ઈશ્વરને સર્વજ્ઞ માનો છો કે અસર્વજ્ઞ? જો ઇશ્વર સર્વજ્ઞ હોય તો અમુક આત્માઓ પાપ કરશે એમ જાણતા હતા. તો પછી એવા પાપી આત્માઓને ઉત્પન્ન કરવાની શી જરૂર હતી? જો તમો કહેશો કે ઈશ્વરને એ સંબંધી કાંઇ જ્ઞાન હતું નહિ. તો પછી ઇશ્વર અસર્વજ્ઞ ઠરશે. અને અસર્વજ્ઞ કદી ઇશ્વર બની શકતો નથી.

ખેર! ભવિતવ્યતાના યોગે ઉત્પન્ન કરી દીધા. પરંતુ ઇશ્વરને તો સૌ કોઇ સર્વશક્તિમાન માને છે. તો પછી પોતાની શક્તિથી તેવા પાપી આત્માઓનો નાશ કેમ કરતો નથી? અથવા તો તેઓ પોતાનાં જીવનમાં કોઈપણ જાતની દુષ્ટ કાર્યવાહી જ ન કરે એવી બુદ્ધિ તેમને કેમ નથી આપતો?

વળી ઇશ્વર સંપૂર્ણ જ્ઞાની હોવાથી કોણ કોણ કયા કયા ગુન્હાઓ કરશે, તે તો જાણતોજ હોય છે, તો પછી તે ગુન્હાઓ કરતા પહેલા જ તેમને રોકતો કેમ નથી? ગુન્હો પહેલા કરવા દેવો, અને ત્યારપછી તેમને તે ગુન્હાઓની સજા આપવી, એ પણ ન્યાયયુક્ત વાત નથી.

રોગને દવાથી દૂર કરવાની ખટપટમાં પડવા કરતા રોગના કારણોને અટકાવી દેવા એ વધુ સારૂં કહેવાય. કહ્યું છે કે, (Prevention is better than cure) એ જ મુજબ ગુન્હા કરવા દેવા અને પછી સજા કરવી, તેના કરતાં ગુન્હાઓને અટકાવી દેવા એ વધુ ડહાપણ ભરેલું કાર્ય ગણાય.

હવે એક પ્રશ્ન એ થાય છે કે, આ જગતને બનાવનાર ઇશ્વર છે, તો તે ઈશ્વરને

કોણ બનાવનાર છે ? તેને બનાવનાર બીજો ઇશ્વર છે, એમ કહેશો તો તે ઇશ્વરને બનાવનાર કોઈ હોવો જોઇએ. એમ પ્રશ્નની પરંપરા ચાલે તો અંત આવે નહિ, અને તેથી અનવસ્થા દોષ ઉભો થશે.

જો તમો એમ કહેશો કે, ઇશ્વરને બનાવનાર કોઇ જ નથી. એ તો સ્વયં છે છે ને છે. તો પછી દુનિયા પણ છે છે ને છે, એમ માનવામાં શી હરકત આવે એમ છે ?

હવે જો તમો એમ કહેશો કે કર્મો પોતે જડ હોવાથી કાંઇપણ ક્રિયા કરતા નથી, માટે સુખ–દુ:ખ આપવા માટે વચમાં ઇશ્વરની જરૂર પડે છે, આ ઉત્તર પણ યોગ્ય નથી. કારણ કે, જડ વસ્તુ સ્વયં કાંઇ જ અસર ઉત્પન્ન કરી શકતી નથી, એમ માનવું ભૂલભરેલું છે. આત્માની માફક જડની પણ અચિંત્ય શક્તિ છે. જૂઓ ! દવા તથા ઝેરી પદાર્થો જડ છે. દવા અગર ઝેર જે કોઇના પેટમાં જાય છે, તેને તે ઓળખતી નથી. મારે આ દર્દીને અમુક જાતની અસર કરવી જોઇએ, એવું તેને જ્ઞાન પણ નથી, છતાં પણ તે તે પદાર્થો માનવીના પેટમાં જઇને પોતાના સ્વભાવ પ્રમાણે તેનાં શરીરમાં સારી અગર નબળી અસર પેદા કર્યા વિના રહેતા નથી. જે કપડા ઉપર તેલ આદિની ચીકાશ હોય છે, તે કપડા ઉપર પવનની પ્રેરણાથી ધૂળના રજકણો સ્વયં ચોંટી જાય છે. તે જ મુજબ કર્મપુદ્ગલો જડ હોવા છતાં રાગ–દ્વેષની ચીકાશવાલા આત્માને માનસિક શુભાશુભ વિચારરૂપ પવનની પ્રેરણાથી તે તે કર્મો તેમને વળગીને સુખ–દુ:ખ આપે છે.

એટલે ગુન્હાઓની સજા ભોગવાવવા માટે વચમાં ઇશ્વરની પ્રેરણાની આવશ્યકતા રહેતી નથી. કહ્યું પણ છે કે—

यथा धेनुसहस्त्रेषु, वत्सो विन्दति मातरम् ।
तथा पूर्वकृतं कर्म, कर्तारमनुगच्छति ॥

**અર્થ:**–જેમ હજારો ગાયોની વચમાં વાછરડું પોતાની માને ઓળખી કાઢે છે. તેમ પૂર્વકૃત કર્મ કરનારાની પાછળ જાય છે.

આ વિષય ઉપર જરા દીર્ઘદૃષ્ટિથી અને નિષ્પક્ષપાતપણે જો વિચાર કરવામાં આવશે તો માલુમ પડશે કે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય મોહનીય, નામ, ગોત્ર, આયુ અને અંતરાય એ આઠ કર્મોએ આ જગતમાં અનેક પ્રકારની વિચિત્ર ઘટનાઓ ઉત્પન્ન કરી છે, એક સુખી એક દુ:ખી, એક ઉચ્ચ એક નીચ. એક રાજા એક રંક, આદિ તમામ ભિન્નતા કર્મસત્તાને આભારી છે. એમાં પરમેશ્વરનો બીલકુલ હસ્તક્ષેપ સંભવી શકતો નથી. સુખ–દુ:ખને આપનાર શુભાશુભ કર્મસત્તા જ છે. કહ્યું પણ છે કે—

सुखस्य दु:खस्य न कोऽपि दाता
परो ददातीति कुबुद्धिरेषा ।
अहं करोमीति मिथ्याभिमान:
स्वकर्मसूत्रग्रथितो हि लोक: ॥

**અર્થ:**–સુખ અને દુ:ખને આપનારો કોઇ નથી. બીજો દુ:ખ આપે છે, એ કુબુધ્ધિ છે. હું કરૂં છું એ મિથ્યા અભિમાન છે. સમસ્ત જગત પોતાના કર્મરૂપી સૂત્રથી ગુંથાએલું છે.

ટુંકમાં પરમેશ્વરને બતાવનાર માનો પણ બનાવનાર નહિ માનો. દૃષ્ટા માનો પણ સૃષ્ટા નહિ માનો. અંતમાં આઠે કર્મોનો નાશ કરી જન્મ–મરણના ફેરા હરી શિવસુખને વરી સૌ કોઇ પરમેશ્વર બની અનંત અને શાશ્વત સુખના ભાગી બનો એજ એક અભિલાષા.

## જૈનાગમનો મહાન ગ્રંથ બહાર પડી ગયો છે.

# શ્રી બૃહત્કલ્પસૂત્ર—છઠ્ઠો (છેલ્લો) ભાગ સંપૂર્ણ.

**આ** પૂજ્ય આગમનો પાંચમો ભાગ પ્રગટ થયા પછી આ છેલ્લો વિભાગ ઘણા વખતે પ્રગટ થાય છે. આ છઠ્ઠો ભાગ સંપૂર્ણ છપાયા બાદ તેની પ્રસ્તાવના માટે પાટણ, લીંબડી, ખંભાત વિગેરે ભંડારો અને છેવટે જેસલમેરના પ્રાચીન જૈનભંડારોની તાડપત્રીય અને હસ્તલિખિત પ્રતો સાથે રાખી, મૂળ ચૂર્ણિ, નિર્યુક્તિ વગેરેના પાઠભેદો, પાઠાંતરો, અશુદ્ધિઓ વગેરે સાથે પૃષ્ઠ, શ્લોકોનો સમન્વય કરી તે સર્વે પ્રતો માંહેની સર્વે નોંધ—માહિતીનું તારણ કરીને આ વિભાગની પ્રસ્તાવનામાં આપવાનું હોવાથી પ્રગટ થતાં વિલંબ થયો છે, એટલું જ નહિ, પરંતુ સંશોધન સાથે મહાન્ પ્રયત્નવડે સાક્ષરશિરોમણિ પૂજ્ય મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે મહામૂલી, પ્રામાણિક, સર્વ માહિતીપૂર્ણ, સુંદર સંકલનાપૂર્વક તૈયાર કરેલ તેની પ્રસ્તાવના-ગ્રંથપરિચય આ ભાગમાં આપવામાં આવેલ છે. સંપૂર્ણ ગ્રંથ છપાઈ જવાથી હાલ તેનું કપડાનું મજબુત બાઈન્ડીંગ તૈયાર કરીને તે પ્રગટ કરવામાં આવેલ છે.

ગ્રંથનું સંશોધનકાર્ય, પ્રસ્તાવના, આમુખ વગરે સર્વ સંપાદનકાર્ય ઘણું વિદ્વત્તાપૂર્ણ કૃપાળુ ગુરુદેવ પુણ્યવિજયજી મહારાજે તૈયાર કરેલ છે, તે જૈન-સમાજ ઉપર જેવો તેવો ઉપકાર નથી. જે પ્રગટ થયા બાદ વિદ્વાન્ પૂજ્ય આગમવેત્તા મુનિરાજો, જૈનેતર વિદ્વાનો આ ગ્રંથની પ્રસંશા કર્યા સિવાય રહેશે નહિ, તેટલું જ નહિ પરંતુ ભાવિમાં પણ સંપાદક કૃપાળુ મુનિરાજ શ્રી પુણ્ય-વિજયજી મહારાજ માટે, તેઓશ્રીની અપૂર્વ વિદ્વત્તા માટે તેના પઠનપાઠન કરનાર વિદ્વાન મુનિરાજો, આગમનું યથાર્થ જ્ઞાન ધરાવનારા પંડિતો પ્રસંશા કરવા સાથે તેઓશ્રી ઉપર પૂજ્યભાવ પ્રગટ કર્યા સિવાય રહેશે નહિ અને તેઓશ્રીની એક ઉત્તમપંક્તિના વિદ્વાન મુનિશ્વર તરીકે પણ ગણના થશે.

**આ** ગ્રંથ ઉંચા ટકાઉ લેઝર પેપર ચોપન રતલી કાગળો ઉપર, સુંદર શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસ મુંબઇમાં છપાયેલ છે. ઘણો જ મ્હોટો ભાગ થયેલ હોવાથી તેમજ સખ્ત મોંઘવારી અને છાપખાનાના દરેક સાહિત્યના ભાવો વધતા જતા હોવાથી આ પૂજ્ય આગમગ્રંથ હોવાથી ગણા વર્ષો સુધી ટકી શકે, સચવાય અને જ્ઞાનભંડારોના શણગારરૂપ બને તે દૃષ્ટિએ જ બધી રીતે મોટો ખર્ચ કરી સુંદરમાં સુંદર તેનું પ્રકાશન કરેલ છે.

**અગાઉથી** ઘણા ગ્રાહકો નોંધાઇ ગયેલ છે. આવા વિદ્વત્તાપૂર્ણ આગમો મોટો ખર્ચ કરી વારંવાર છપાતા નથી, જેથી જલ્દી નામો નોંધાવવા પત્ર લખશો.

કિંમત રૂા. ૧૬) સોળ પોસ્ટેજ જુદું.

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** ઠે૦ ખારગેટ—**ભાવનગર.**

# ❀ આપણી આસપાસ ❀

## શ્રી હિમ્મતલાલ લાલજી ચિનાઈ. મુંબઇ.

સંસાર કેટ-કેટલો વિષમ છે! આત્માની અજ્ઞાનતા એને જંપીને બેસવા દેતી નથી. ત્યાગ-વૈરાગ્યના અદ્દભૂત પ્રતીક સમાં જિનમંદિર તથા ઉપાશ્રયોમાં પણ આવા અજ્ઞાનવશ આત્માઓ ક્ષમા, તપ, ત્યાગનો બોધપાઠ લેવાનું ભૂલી, કેવી બાલચેષ્ટાઓ આચરી રહ્યા છે, તે હકીક્ત લેખકે અહિં કેટલાંક પ્રસંગચિત્રો દ્વારા રજૂ કરી છે.

લેખક અભ્યાસી છે. લખવાની તેમનામાં શક્તિ છે. પૂર્વકાલીન સાહિત્યમાંથી બોધક શબ્દ-ચિત્રો તેઓ પોતાની લેખિની દ્વારા દોરતા રહે, તેમ આપણે જરૂર ઇચ્છીશું. સં.

'શું માણસો આવે છે! તદ્દન જંગલી! અરે ભૈયાજી કોઇને મારા નવા ચંપલ પ્હેરી જતાં ધ્યાન પડયું છે કે? હજી નવા લીધે બે દિ' થયા.'

'ના રે સાહેબ! હું તો છત્રીઓ આપવા લેવામાં હતો! અરે સાહેબ! એમાં ઢીલા શું થાઓ છો, એ તો પનોતી ગઇ.'

'પણ મને રૂા. સાતની પનોતી બેસી ગઈ તેનું શું? મારા આવા ચંપલ હતા. કોઇ આવે તો ધ્યાનમાં રાખજો.'

×

'મેતાજી! ન્હાવા માટે ગરમ પાણી વાપરનારાઓનું કંઇ લવાજમ વસુલ થયું કે નહિ?'

'નહિ સાહેબ! પંચોતેરમાંથી ત્રણ જણાએ આપ્યું છે અને પચીસ જણાનું છેલ્લા ત્રણ મહિનાનું બાકી છે. મહિના દી'થી બોર્ડ મૂક્યું ને કહી કહી થાકયો, પણ મહીના દા'ડે ૦-૧૨-૦ આના ભરતાં જોર પડે છે. હોટલનું દી'નું રૂપીયાનું બીલ ભરાઇ જાય, પણ અહિંનું કાંઇ નહિ. દરરોજ ખદખદતું પાણી ન્હાવા જોઈએ. એકાદ દી' જરા ઓછું ગરમ મલ્યું તો બૂમાબૂમ કરે છે. હવે તો સાહેબ! કંઇક કડક હાથે કામ લ્યો તો આવક થાય.'

×

'કેમ એલા! તારે બીલ્ડીંગ બાંધવી છે? એક આનાના આટલા જ ફુલ! ને ગુલાબ તો એક જ! એલા મૂક હજી'

'શેઠ! એક આનાના કેટલા ફુલ આપું? આ ઉનાળો ને ફુલ ઓછા આવે છે, આ તો મને પરવડતું નથી, પણ પેટ માટે ટકાવી રાખવું પડે છે.!'

'ચાલ ચાલ હવે એક ગુલાબ આપી દે.'

×

'આ સુખડ ઘસવાવાળો કયાં ગયો? કોઇ કે'નાર લાગતું જ નથી. કેસર માટે વાટકી જ ના મળે, ટ્રસ્ટીઓને કહી કહી થાકયા કે થોડી નવી વાટકીઓ વસાવો, પણ સાંભળતાં જ નથી. આ વળી આયંબિલવાળાઓ પણ બબ્બે વાટકી દબાવી બેસે છે. પેલા પૂજા કરી લેતા હોય તો શું જાય?'

×

'ચૈત્યવંદન કરી જરા આ બાજુ આવજો તો........

'કાં શું કામ હતું?'

'અમારા પાડોશીને તમે જાણો છો ને. તેની છોકરીનું વેવીશાળ ઓલા ભાઈને ત્યાં તેની બ્હેનના દીકરા સાથે થયું.'

'ઠીક છે બધું. હા! પણ તમારા ઘેર તબીયત કેમ છે? સાંભળ્યું'તું કે તાવ સખ્ત આવી ગયો ને ઝાડા પણ ખુબ થયા'

'ઠીક છે, હવે કંઇક સારુ છે.'

'તમારે ત્યાં પેલું બંડલ મોકલ્યું તે પ્હોંચ્યુ ને! કોઇને કે'જો મા'

×

'શું સરસ ઉપાશ્રય બંધાવ્યો છે ! માસીબા આવો આલીશાન તો સારાયે મુંબઈમાં નથી. ખરેખર! ધન્યવાદ ઘટે છે તેની પછવાડે જહેમત ઉઠાવનારને. તપસી આત્માઓ માટે અચૂક વિસામા વડલી છે.'

'બ્હેન! જરા ધીરી પડ. સાડી એકદમ સારી હોય પણ પનો ટુંકો હોય તો કામનું શું. ઉપાશ્રય જરૂર અદ્વિતીય છે, પણ પૌષધના દિવસોમાં ઠલે માત્રે જવાની સગવડ ન હોય તો તે અદ્યતનતાની ઉપયોગિતા કેટલી ? પ્લાન થયો ત્યારથી ધ્યાન દોર્યું પણ સારામાં સારો બનાવવાની ધૂનમાં સાંભળે કોણ? અનુપમ મહેનત પછવાડે સત્તાના આંધળીયા હોય તો કામનું શું ?'

અદ્‌ભૂત ચારિત્રબળથી દુન્યવી દ્વંદ્વોને ભૂલાવી આત્માની અદ્વૈતતા પ્રેરકવાણીમાં વર્ણવી ધાર્મિક, સામાજીક, રાજકીય વગેરે ક્ષેત્રોમાં વહી રહેલા પ્રવાહોને ખાળી તેમાં અનેરૂં ચેતનતત્ત્વ મીલાવી અભિનવ આંદોલન વેગવંત કરનાર એવી એક અબધૂત વિભૂતિની મૂર્તિ તેમાં હતી. માનવીઓને સર્વાંગસંપૂર્ણતા મેળવવા તે મૂર્તિ ધ્રુવતારક હતી. કાળા આરસની તે પ્રતિમા ઘડતાં શિલ્પીએ પોતાની સર્વશક્તિ અને અનુભવ ખર્ચી નાખ્યા હતા, એમ સ્હેજે થતું. જેવી અદ્‌ભૂત મૂર્તિ તેવો તેનો ઘડવૈયો હોવો જોઇએ. દર્શન કરતાં પણ કોઇ અનેરી લાગણી જાગતી. દેહનું અસ્તિત્વ ભૂલાતું અને આત્મા પોતાના ચિંતનમાં પડી જતો. એ મૂર્તિ હતી શ્રમણ સંસ્કૃતિના અંતીમ શાસકની–એ અબધૂત વિભૂતિ પ્રભુ મહાવીરની.

એ પ્રેરણાના કલ્પવૃક્ષમાંથી સનાતન આનંદની પ્રાપ્તિ માટે મથનાર મરજીવાઓની સાધના માટે સાધનરૂપે પૂન્યશાળી પૂર્વજોએ તેઓના વખતમાં સારામાં સારું ગણી શકાય તેવું મંદિર બંધાવ્યું હતું. અને તેમના અર્વાચીન અનુજોએ અદ્યતન ઢબનો ઉપાશ્રય બંધાવ્યો હતો.

ક્ષણે ક્ષણે જીવન ઘસાતું જાય છે. આત્માના ઓજસ ઓસરતાં જાય છે. દિ ઉગ્યે ચિંતા અને ઉપાધિનો વડવાનલ વધુ પ્રજ્વલિત થતો જાય છે. આથમતા સૂર્યે ભય અને અશાંતિના વાદળ ઘેરાતા જાય છે. આર્થિક અને આધિભૌકિતક ચક્કરો વચ્ચે માનવી પીલાતો જાય છે. સામ–સામા વિરોધી વાદો ( isms ) વચ્ચે માનવતા વિંધાતી જાય છે. આ વિષમ પરિસ્થિતિમાં શાંતિ મેળવવા અને આત્માને ખોરાક આપવા મંદિર એ અંતિમસાધનાનું બળવાન સાધન છે.

એવા એક પવિત્ર પુણ્યધામ જિનમંદિરમાં સંસારનો બોજ હલકો કરવા હું ગયો. જિનમંદિર જાણી ડગ દેતાં પગલે–પગલે દુનિયાને સાચો રાહ દેખાડનાર મહાનુભાવોના વિચારો આવતાં જિનમંદિરમાં દાખલ થયો. ત્યારથી તે મૂર્તિના ચરણે ઢળ્યો. ત્યાં સુધીમાં અનેક પ્રસંગચિત્રો મારી નજર સ્હામે તરવરતાં જણાયાં.

અનુભવોની હારમાળા મુંગુ સૂચન કરતી ગઇ. પરમશાંતિના ધામમાં આ અશાંતિ કેમ ? ગર્ભગૃહના દ્વાર સિવાય ક્યાંયે મૈત્રી અને કારુણ્ય ભાવનાનો આભાસ ન્હોતો દેખાતો. સહુ પોતામાં મસ્ત હતાં. પણ તે આધ્યાત્મિક મસ્તી નહિ. એમાંની અડધીયે આત્માની મસ્તી હોત તો ? અહિં કોઇ અંગ્રેજ લેખકની પંક્તિઓ યાદ આવે છે.

Had I but served my God with half the zeal I served my king, he would not have left me alone.

# વર્ષની વિદાય વેળાયે: સંપાદકીય નિવેદન.

'કલ્યાણ' આજે નવ વર્ષ પૂરાં કરે છે. સમાજ, સાહિત્ય, ધર્મ તથા સંસ્કારની સેવા કાજે ઉદ્દભવ પામેલું માસિક કલ્યાણ; આજે જૈન સમાજમાં કેવું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી શક્યું છે, એ વિષે અમારે કાંઇ કહેવાનું રહેતું નથી. વર્ષ દરમ્યાન ક્રાઉન ૮ પેજી લગભગ ૮૦ ફરમાઓની મનનીય સાહિત્યસામગ્રી રજૂ કરતું કલ્યાણ, સમસ્ત જૈનસમાજમાં એક જ છે, એની સહુ કોઇ નોંધ લે!

અનેકવિધ વિષયો દ્વારા કલ્યાણમાં વિવિધ પ્રકારનું વાંચન, નિયમીત રીતે આવ્યાજ કરે છે. બાલજગત, પરમાર્થ પત્રમાલા, શંકા–સમાધાન, મધપૂડો, જ્ઞાનગોચરી, એ શું કરે? વગેરે વિભાગો; એ કલ્યાણની મૌલિકતા છે.

---

ક્યાંક એક આનાના પુલ માટે સોદો ઉતરતો હતો, તો બીજે ઠેકાણે જીવનના પાયારૂપ જ્ઞાનની શિસ્તના અભાવે વિડંબના થતી હતી. કોઇ હિંમતથી સુખડની વાટકી ખાતર તપસ્વીઓને પણ ઝપાટે લેતું હતું. સમયની કિંમત જેને તેને ભાંડવામાં થતી હતી. સુખડવાળો વાટકી ભેગી કરી લાવે તેટલા સમયમાં તો પોતાની જાતને વણમાગ્યું વર્ચસ્વ આપી દેવાતું. આ બાજુ બારણામાં ઉત્સાહપૂર્વક કરેલ વેવિશાળની વાત થતી,પરંતુ પ્રભુમંદિરમાં બિરાજમાન અખંડ કરુણાસાગર, ત્યાગ, વૈરાગ્ય, તપ, તથા ક્ષમાના અનંતભંડાર અરિહંતદેવે પ્રબોધેલી આત્મમસ્તિનો આનંદ કેમ નહોતો જણાતો? મને ખરેખર મૂંઝવણ થઇ. પણ જીવમાત્ર કર્માધિન છે, એ વિચાર આવતાં હું મારા આત્મામાં મારી જાતને ભૂલી, પ્રભુના ચરણોમાં મારૂં અર્પણ કરવા દોડી ગયો.

જૈનસમાજમાં આજે લગભગ ૨૫–૩૦ હજાર વાચકોના હાથમાં 'કલ્યાણ' ફરતું રહે છે. આજે સભ્યો, સહાયકો, ગ્રાહકો અને શુભેચ્છકો વગેરે માટે મલી, કુલ ૨૦૦૦ની સંખ્યામાં 'કલ્યાણ'ની નકલો પ્રસિદ્ધ થાય છે.

જ્યારે કાગળ, છાપકામ વગેરેની સખ્ત મોંઘવારીનો કાલ હતો, તે વેળા એક પ્રયોગ તરીકે 'કલ્યાણ'ને પ્રગટ કર્યું હતું. આજે કલ્યાણે જે પ્રગતિ કરી છે, તે જોઇ–જાણી, અમારૂં મન પરમઆનંદ અનુભવે છે. જૈન સમાજનો પ્રત્યેક શાણો વર્ગ 'કલ્યાણ' પ્રત્યે અપૂર્વ મમતા ધરાવે છે, તે અમારે મન કલ્યાણની જીવતી–જાગતી મૂડી છે. 'કલ્યાણ' પ્રત્યેનો સહુનો સદ્દભાવ એજ 'કલ્યાણ' માટેના અમારા શુભ પ્રયત્નોનું મૂર્ત પરિણામ છે, એમ અમે જરૂર માનીએ છીએ.

'કલ્યાણ' માટે હજુ અમને એનું ભાવિ આશાસ્પદ લાગે છે. આટ–આટલા વર્ષો થવા છતાં 'કલ્યાણ' દિન–પ્રતિદિન પ્રગતિ કરતુંજ રહ્યું છે, જે જૈનસમાજના કોઇ પણ અઠવાડિક, પાક્ષિક, માસિક કરતાં યે 'કલ્યાણ' માટે અદ્વિતીય લેખાય. જે સમાજમાં અનેક પક્ષો, મતભેદો, તથા પરસ્પર–સંકુચિત–દૃષ્ટિ રહેલી હોય, તે સમાજમાં 'કલ્યાણ' આજે નવ–નવ વર્ષથી એકધારૂં સતતપણે પ્રગતિ કરતું પ્રસિદ્ધ થયાજ કરે, એ કદાચ અનેકોને મન કોયડારૂપ હશે?

છતાં અમે તો માનીએ છીએ કે, સમાજ જરૂર કદર કરી જાણે છે, પણ સાહિત્યપ્રચાર કરનાર પ્રચારકોએ એક વસ્તુ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે, મતભેદ, સંકુચિતવૃત્તિ કે અસહિષ્ણુભાવ જે હૃદયનાં મલિનતત્ત્વોનો સરવાળો છે, તેને કદિપણ મહત્ત્વ નહિ આપવું.

પત્રને એવા પક્ષો કે અંગત રાગ-દ્વેષ નિભાવવા માટેનું વાહન નહિ બનાવવું. કેવલ ધર્મના સનાતન સિદ્ધાંતો, સમાજના યોગ્ય પ્રશ્નો અને સાહિત્ય તથા સંસ્કારની દ્રષ્ટિએ ઔચિત્ય મુજબ સમાજને માર્ગદર્શન આપવા શક્ય કરવું, આ સિવાય, વાદ-વિવાદ કે અંગત પ્રશ્નોમાં પત્રકાર તરીકે રસ નહિ લેવો. તો જ શિષ્ટ, સંસ્કારી, સાહિત્યવિષયક પત્ર તરીકેની તેની પ્રતિષ્ઠાને સ્હેજ પણ આંચ આવતી નથી.

'કલ્યાણ'ના સંપાદનમાં અમે આજ નીતિ-રીતિ અત્યારસુધી એકસરખી રીતે જાળવી છે, અને એટલી જ મક્કમતાપૂર્વક અમે ભાવિમાં જાળવી રાખવા ઈચ્છીએ છીએ, એ વસ્તુ આ તકે સ્પષ્ટ કરવી અમને જરૂરી લાગે છે. આનો અર્થ એ નથી કે, 'અમે નિર્બલ છીએ. ડરપોક કે કાયર છીએ.' ના, એવું કાંઇ નથી. શ્રી અરિહંતના સનાતન સિધ્ધાંતોનો પ્રચાર કરવામાં અમે એટલા જ મક્કમ છીએ અને એની સ્હામે થનાર સત્તા કે કોઈપણ હોય તો તેનો યોગ્ય પ્રતીકાર કરવામાં અમે જરૂર માનીએ છીએ.

શ્રી જૈન-શાસનની સેવા કાજે સર્વસ્વના ભોગે મથતા અમે પ્રત્યેક શાસનપ્રેમી શુભેચ્છકની પાસે આજે એટલું જરૂર માંગીએ છીએ કે, અમને અમારા પ્રયત્નમાં સાથ આપો, સહકાર આપો, હૃદયપૂર્વકનો તમારો સદ્ભાવ અમારા કાર્યમાં અમને અવશ્ય સફલતા આપશે જ. તમે એટલું તો જરૂર કરી શકો, 'કલ્યાણ'નો પ્રચાર વધે, તેના વાંચકો તથા શુભેચ્છકો વધે, અને તેની ગ્રાહકસંખ્યામાં દિન-પ્રતિદિન વૃદ્ધિ થાય, આટલું તમે અમારા માટે અવશ્ય કરતા રહો!

**નવમા વર્ષની વિદાયવેળાયે અમે 'કલ્યાણ'ના ૫૦૦ નવા ગ્રાહકો, અમારા શુભેચ્છકોની પાસે માંગીએ છીએ.** અમારી આ ટેલને સહુ શુભેચ્છકો અવશ્ય આવકારશો, એવી આશા અમે જરૂર રાખીયે!

અંતે 'કલ્યાણ'ની પ્રગતિમાં જેઓ સતત રસ ધરાવી રહ્યા છે, એવા સહુ કોઇ 'કલ્યાણ'ના શુભેચ્છક પૂ. પાદ આચાર્યદેવાદિ મુનિવરો તેમજ સદ્‌ગૃહસ્થો વગેરેના એ અપૂર્વ આત્મીયભાવ માટે અમારા પુનઃ પુનઃ અભિવાદન.

શાસનદેવ! અમને અમારા કલ્યાણ-માર્ગમાં દરેક રીતે સહાય કરો! એજ એક શુભ અભિલાષા.

---


## નવું પાક્ષિક બહાર પડી ચૂક્યું છે.

જૈનધર્મના તત્ત્વો પર પ્રકાશ પાડતું, પૂ૦ આચાર્યદેવાદિ મુનિવરો તથા વિદ્વાન લેખકોના લેખોને પ્રગટ કરતું, શાસન-પ્રભાવનાના સમાચારોનો ફેલાવો કરતું:

# શ્રી મહાવીર શાસન

સંપાદક: ખેતશી વાઘજી ગુઢકા

પાક્ષિકપત્રઃ વાર્ષિક લવાજમ

**દેશમાં રૂા. ૫-૦-૦ પરદેશમાં રૂા. ૬-૦-૦**

આજે જ ગ્રાહક બની સહકાર આપો.

**શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર.**

વાયા-જામનગર : **લાખાબાવળ** : (સૌરાષ્ટ્ર)

વર્ષ ૯ - અંક ૧ થી ૧૨ | વિ. સં. ૨૦૦૯ ઈ. સ. ૧૯૫૩

# વિષય દર્શન

## અંક ૧-૨


| લેખ | લેખકનું નામ | પાનું નંબર |
|---|---|---|
| સંપાદકીય | સં. | ૧ |
| નવા વર્ષમાં | શ્રી શાંતીલાલ મ. શાહ | ૪ |
| અભિનંદન | શ્રી મણીલાલ વી. શાહ | ૬ |
| બદલો | શ્રી કીશોરકાંત ડી. ગાંધી | ૯ |
| નાસ્તિકવાદ | શ્રી સુંદરલાલ ચુ. કાપડીઆ | ૧૨ |
| ખીસ્સુ | શ્રી દુષ્યંત પંડયા | ૧૩ |
| ઉદારતા | શ્રી મનવંતરાય મ. શાહ | ૧૭ |
| કલિયુગનો પ્રભાવ | શ્રી એન બી. શાહ | ૨૧ |
| મનની પવિત્રતા | ડો. વલ્લભદાસ | ૨૫ |
| અમીઝરણાં | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. | ૨૯ |
| કુરગડુ | શ્રી ભદ્રભાનુ | ૩૩ |
| સુરદત્ત શેઠ | શ્રી કૃષ્ણપ્રસાદ ભટ્ટ | ૩૬ |
| દેહને દાપું | શ્રી જયભિકખુ | ૩૯ |
| સંસાર | શ્રી રમણીકલાલ પી., દોશી | ૪૪ |
| ઈર્ષ્યા | પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર | ૪૯ |
| પાટણથી જેસલમેર | શ્રી જયસુખલાલ પી. | ૫૭ |
| સુમિત્રકુમાર | શ્રી ચંદ્ર | ૬૦ |
| વાર્તાના પ્રકાર | પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. | ૬૪ |
| પરિવર્તન | શ્રી અમૃતલાલ છ શાહ | ૬૬ |
| પશ્ચાત્તાપ | પૂ. મુ શ્રી કીર્તિવિજયજી મ. | ૬૮ |
| આખીએ જીંદગી | પૂ. મુ. શ્રી ચન્દ્રોદયવિજયજી મ. | ૭૦ |
| વગર વિચાર્યું | શ્રી કપુરચંદ આર. વારૈયા | ૭૩ |
| જ્ઞાન-ગોષ્ઠિ | પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી મ. | ૭૬ |
| શ્રદ્ધાનો વિજય | શ્રી પન્નાલાલ જ. મસાલીઆ | ૭૭ |
| નવું વાતાવરણ | શ્રી ચીમનલાલ એલ. | ૮૧ |
| નવનીત | શ્રી કાંતિલાલ મો. ત્રીવેદી | ૮૫ |
| આજનું અમેરિકા | શ્રી જયકીર્તિ | ૮૬ |
| બાલજગત | જુદાજુદા લેખકો | ૯૧ |
| ઝેરનો કટોરો | શ્રી ફુલચંદ દોશી | ૧૦૭ |
| ધર્મ-બુદ્ધિ અને પાપ-બુદ્ધિ | પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિજી મ. | ૧૧૦ |
| રૂપાળો રૂપચંદ | પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. | ૧૧૨ |
| અહિંસા | પૂ. મુ. શ્રી ભાનુવિજયજી મ. | ૧૧૬ |


## અંક ત્રીજો


| | | |
|---|---|---|
| પાપભાવનાના પડછાયા | શ્રી. | ૧૧૭ |
| રંગ છાંટણાં | શ્રી. | ૧૧૮ |
| પરિવર્તન | શ્રી અમૃતલાલ છ. શાહ | ૧૧૯ |
| રામ વનવાસ | પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર | ૧૨૧ |
| વચનામૃતો | પૂ. પં શ્રી પ્રવીણવિજયજી ગણિવર | ૧૨૪ |
| સાચો બ્રાહ્મણ | પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. | ૧૨૫ |
| મનની સાક્ષી | શ્રી નિર્મળ | ૧૨૮ |
| રામાયણના પવિત્ર પાત્રો | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. | ૧૩૧ |
| શ્રી અવંતિસુકુમાર | શ્રી સેવંતિલાલ જૈન | ૧૩૩ |
| તપનો સોદો | પૂ. મુ. શ્રી લલીતવિજયજી મ. | ૧૩૬ |
| સાચો ઉપાય | શ્રી ઉજમશી જુઠાલાલ શાહ | ૧૩૭ |
| શાંતિની શોધમાં | શ્રી કીર્તિકુમાર વોરા | ૧૩૯ |
| રાજપુરુષોને | શ્રી મફતલાલ સંઘવી | ૧૪૧ |
| આજનું અમેરિકા | શ્રી જયકીર્તિ | ૧૪૫ |
| આજની કેળવણી | શ્રી જયચંદ્ર દામજી લોદરીઆ | ૧૪૭ |
| સમયની યાદ | શ્રી પન્નાલાલ જ. મસાલીઆ | ૧૪૯ |
| ત્રણ મુસાફર | પૂ. મુ. શ્રી રૂચકવિજયજી મ. | ૧૫૩ |
| બાલજગત | જુદા જુદા લેખકો | ૧૫૪ |


## અંક ૪ થો


| | | |
|---|---|---|
| લાખ લાખ વંદન | સૂચિત | ૧૬૧ |
| તેજીને ટકોર હોય | શ્રી એન. બી. શાહ | ૧૬૩ |
| વિજયનું પ્રથમ સોપાન | શ્રી નવલચંદ શાહ | ૧૬૪ |
| સાચી ઘટનાઓ | શ્રી જયકીર્તિ | ૧૬૫ |
| વિરાગ અને ત્યાગ | મુ, શ્રી રૂચકવિજયજી મ. | ૧૬૭ |
| સમ્યગ્દર્શન | શ્રી કુંવરજી મુળચંદ દોશી | ૧૬૯ |
| અમીઝરણાં | શ્રી રમણીકલાલ પી. દોશી | ૧૭૨ |
| લક્ષ્મીનું વશીકરણ | શ્રી જયભિક્ખુ | ૧૭૩ |
| રજકણ | શ્રી લલીતાબ્હેન ઉત્તમચંદ શાહ | ૧૭૯ |
| શાલિભદ્ર | શ્રી સુંદરલાલ ચુનીલાલ શાહ | ૧૮૧ |
| રામ વનવાસ | પૂ૦ પં. શ્રી કનકવિજયજી ગણિવર | ૧૮૪ |
| સ્વામિવાત્સલ્ય | શ્રી ઉજમશી જુઠાભાઇ શાહ | ૧૮૬ |
| ભાવનું મૂલ્ય | ડો વલ્લભદાસ નેણશીભાઇ | ૧૮૯ |
| સંસારના પાપે | મુ. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. | ૧૯૦ |
| સાધના | શ્રી અમરચંદ માવજી શાહ | ૧૯૧ |

બાલજગત જુદા જુદા લેખકો ૧૯૩
ડી. ડી. ટી. નો ઉપયોગ શ્રી સેવંતીલાલ શાહ ૨૦૩
ક્રોધ શ્રી કાંતીલાલ મો. ત્રિવેદી ૨૦૪
બાઇ ઇન્દ્રવદનની દીક્ષા સંકલીત ૨૧૦
પાંચ દીક્ષાર્થીઓનો પરિચય
શ્રી લાલજી કેશવજી ચીનાઇ ૨૧૧
મધપૂડો શ્રી મધુકર ૨૧૩

અંક ૫ મો

વાણીનો સંયમ શ્રી ૨૧૫
કાળો ખવીસ શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૨૧૭
અભિનંદન શ્રી હિંમતલાલ ચીનાઇ ૨૧૯
મધપૂડો શ્રી મધુકર ૨૨૧
પ્રતિજ્ઞાપાલન શ્રી બાબુલાલ રતિલાલ દોશી
અને શ્રી ત્રીકમલાલ ચીમનલાલ દોશી ૨૨૩
રામ વનવાસ પૂ૦ પં. શ્રી કનકવિજયજી ગણિવર ૨૨૮
સંસ્કારની અસર શ્રી હસમુખલાલ કે. શાહ ૨૩૦
ગણતર વિનાનું ભણતર
શ્રી કીશોરકાંત ડી. ગાંધી ૨૩૨
સુખ-દુઃખ શ્રી ભદ્રભાનુ ૨૩૫
કરાર કે ગુલામીખત શ્રી સુરેશભાઇ રામભાઇ ૨૩૭
સમ્યગ્દર્શન શ્રી કુંવરજી મુળચંદ દોશી ૨૪૧
આશીર્વાદ મેળવો પૂ૦ પં. શ્રી કનકવિજયજી ગણિ ૨૪૫
ધર્મ દરિદ્રતા
પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર ૧૪૭
ઉર્મિની છોળો શ્રી ચિત્રભાનુ ૨૫૦
જ્ઞાન-ગોચરી ગવેષક ૨૫૧
આર્ય સંસ્કૃતિ શ્રી ઉજમશી જુઠાલાલ શાહ ૨૫૩
મુક્તિનો રાહ શ્રી મફતલાલ સંઘવી ૨૫૫
જગડૂશાહ શ્રી ફુલચંદ હરિચંદ દોશી ૨૫૭
સાચી ઘટના શ્રી અમૃતલાલ એચ. દોશી ૨૬૨

અંક ૬-૭ મો

પધારો પર્વાધિરાજ શ્રી. ૨૬૩
પ્રગતિના પંથે શ્રી શાંતિલાલ મણિલાલ શાહ ૨૬૫
કાયા તારી માયા શ્રી રમણીકલાલ પી. દોશી ૨૬૬
રામ વનવાસ પૂ. પં. શ્રી કનકવિજયજી મ. ૨૬૮
શંકા-સમાધાન
પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૨૭૧
મા-બાપની જવાબદારી શ્રી કુસુમબેન શાહ ૨૭૩
દર્દીના ગુણ-અવગુણ
પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. ૨૭૬
સાચું ભણતર શ્રી કીશોરકાંત ડી. ગાંધી ૨૭૯
મહાસાગરનાં મોતી
પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિજી મ. ૨૮૨
અમીઝરણાં પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. ૨૮૫
કાલ-વૈશીક શ્રી મનવંતરાય મ. શાહ ૨૮૮
હૃદયપલટો શ્રી એન. બી. શાહ ૨૯૨
અનાથ કોણ ? શ્રી કીર્તિકુમાર હાલચંદ વોરા ૨૯૪
ટ્રસ્ટ એક્ટ શ્રી કેશરીચંદ ને. વકીલ ૨૯૬
બાળકોની માવજત શ્રી લાલચંદ સી. શાહ ૨૯૮
આપણી લોકશાહી શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી ૩૦૦
જીવનમાં શ્રદ્ધા
પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. ૩૦૪
અનાથી મુનિ પૂ. મુ. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ૩૦૬
સુવર્ણ વાક્યો શ્રી આગમોદ્ધારક ૩૦૮
સાહિત્યનાં ક્ષીર-નીર શ્રી ચંદ્ર ૩૦૯
સુખ-દુઃખનાં કારણો
પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ. ૩૧૨
ભવજલ તરશું ભાઇ !
શ્રી સુંદરલાલ ચુનીલાલ શાહ M. A. ૩૧૫
પર્યુષણ પર્વ શ્રી મફતલાલ સંઘવી ૩૧૭
જીવન ઝરમર શ્રી સેવંતીલાલ જૈન ૩૨૦
એ શું કરે ? સં૦ પ્રશાંત ૩૨૨
સમજાય તો સારૂં શ્રી ઉજમશી જુઠાલાલ શાહ ૩૨૭
સાચો મિત્ર પૂ. મુ. શ્રી કીર્તિવિજયજી મ. ૩૨૯
નવી નજરે શ્રી સંજય ૩૩૦
જગડૂશાહ શ્રી ફુલચંદભાઇ મહુવાકર ૩૩૩
બાલજગત જુદા જુદા લેખકો ૩૩૬
આપ્તમંડળની યોજના કાર્યાલય તરફથી ૩૪૩
નમ્ર નિવેદન જીર્ણોદ્ધાર કમિટી ૩૫૨
ચાતુર્માસિક સ્થળો સંગૃહિત ૩૬૦

અંક ૮ મો.

જીવનમાં સાદાઇ શ્રી ૩૬૫
સંપત્તિ કે આપત્તિ મુ. શ્રી ભાનુચંદ્રવિજયજી મ. ૩૬૭
વિવેકનું મહત્ત્વ મુ. શ્રી ચંદ્રપ્રભસાગરજી મ. ૩૬૮

દીપોત્સવી પર્વ — શ્રી મનુભાઈ લાલભાઈ શેઠ ૩૭૦
શ્રી આબુ ગિરિરાજ — શ્રી શાંતિલાલ ફુલચંદ શાહ ૩૭૨
જેશીંગ ખોસો — શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૩૭૫
તહોમત-નામું — પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી મ. ૩૭૬
આત્મગૌરવના તેજ — શ્રી અનામી ૩૭૯
આપણું ધ્યેય — શ્રી દલીચંદ ભુદરભાઈ ગાંધી ૩૮૧
રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય — શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી ૩૮૩
મધપૂડો — શ્રી મધુકર ૩૮૫
શંકા-સમાધાન — પૂ આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૩૮૮
સમયનો પ્રમાદ ન કર — પૂ. મુ. શ્રી રોહિતવિજયજી મ. ૩૯૦
અમે અને તમે — શ્રી સંપાદકીય ૩૯૧
જીવનના ભોગે — શ્રી કાંતિલાલ ભુદરદાસ શાહ ૩૯૩
કચરો — મુ. શ્રી લલિતવિજયજી મ. ૩૯૫
હું કોણ ? — ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ ૩૯૬
સત્ત્વની કસોટી — પૂ. પં. શ્રી કનકવિજયજી મ. ૩૯૭
બેટા ! સુખી રહેજે — શ્રી જયકીર્તિ ૪૦૦
મારા મહાન ઉપકારી — શ્રી સોમચંદ શાહ ૪૦૫
બાલજગત — જુદા જુદા લેખકો ૪૦૬
જગડૂશાહ — શ્રી ફુલચંદ હરિચંદ દોશી ૪૧૩
નવા સભ્યો — કાર્યાલય તરફથી ૪૧૫

અંક ૯ મો.

જીવનનાં ધુપ-છાંવ — શ્રી ૪૧૯
એ શું કરે ? — શ્રી પ્રશાંત ૪૨૧
મહાસાગરનાં મોતી — શ્રી વલ્લભજી ભાણજી મહેતા ૪૨૪
ગુમદાન — શ્રી કીશોરકાંત ગાંધી ૪૨૬
અમીઝરણાં — પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. ૪૨૮
શંકા-સમાધાન — પૂ આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૪૨૯
બાળકનો વિકાસ — શ્રી લીલચંદ ચુનીલાલ શાહ ૪૩૨
પગારવધારો — શ્રી પ્રબોધ જોશી ૪૩૪
જ્ઞાનગોચરી — શ્રી ગવેષક ૪૩૮
સુખનો માર્ગ — શ્રી ચીમનલાલ શાહ ૪૪૧
કહી દઉંશ — શ્રી એન. બી. શાહ ૪૪૩
શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં નામો — શ્રી અમૃતલાલ એચ. દોશી ૪૪૪
ભૂતનું તૂત — શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી ૪૪૫
મફાભાઈનું સ્વપ્ન — પૂ. મુ શ્રી લલિતવિજયજી મ. ૪૪૭
શાંતિ કેમ નથી ? — શ્રી રમણલાલ કે. શાહ ૪૪૯
શેઠ અને નોકર — શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી ૪૫૦
મૌનની મહત્તા — શ્રી મનુભાઈ લાલભાઈ શેઠ ૪૫૧
સાહિત્યનો નવો ફાલ — શ્રી ચંદ્ર ૪૫૪
જગડૂશાહ — શ્રી ફુલચંદ હરિચંદ દોશી ૪૫૬
પરમાર્થ પત્રમાલા — શ્રી પ્રકર્ષ ૪૫૮
સત્ત્વની કસોટી — પૂ. પં. શ્રી કનકવિજયજી મ. ૪૬૦
બાલજગત — જુદા જુદા લેખકો ૪૬૪
સમાચાર — કાર્યાલય તરફથી ૪૭૨

અંક ૧૦ મો.

પ્રારબ્ધ અને પુરુષાર્થ — શ્રી ૪૭૩
અમીઝરણાં — પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. ૪૭૫
યુવાનીનો સદુપયોગ — શ્રી એન. બી. શાહ ૪૭૭
મધપૂડો — શ્રી મધુકર ૪૭૯
ચેહરો — શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૪૮૧
આજનાં એ બાળકો ? — પૂ. મુ. શ્રી કીર્તિવિજયજી મ. ૪૮૫
જગડૂશાહ — શ્રી ફુલચંદ હરિચંદ દોશી ૪૮૭
ગૂર્જરેશ્વર કુમારપાળ — પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર ૪૯૦
સંસારની આસપાસ — શ્રી કીશોરકાંત ડી. ગાંધી ૪૯૨
શંકા-સમાધાન — પૂ. આ. વિજયલબ્ધિસૂરિજી મ. ૪૯૫
કોરા-બુદ્ધિવાદની પોકળતા — પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર ૪૯૭
બાલજગત — જુદા જુદા લેખકો ૫૦૧
સ્વચ્છંદી ન બનો — પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. ૫૦૯
જીવનનાં ઉત્થાનને કાજે — શ્રી મફતલાલ સંઘવી ૫૧૧
કર્મબંધનું રહસ્ય — શ્રી ખુબચંદ કેશવલાલ ૫૧૩
અર્થ-કામ — શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી ૫૧૫

અંક ૧૧ મો

જીવનનું ચિરયૌવન — શ્રી ૫૧૯
એ શું કરે ? — શ્રી પ્રશાંત ૫૨૧
મનુ અને કનુ — શ્રી ચંદ્ર ૫૨૩
જ્ઞાનગોચરી — શ્રી ગવેષક ૫૨૬

અમીઝરણાં પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. ૫૩૨
કોના પાપે ! શ્રી એન. બી. શાહ ૫૩૪
ભયને ભૂલી જાઓ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ ૫૩૬
તાત્ત્વિક વિચારણા શ્રી સુંદરલાલ ચુ. શાહ ૫૩૬
વાદ-વિવાદ
પૂ૦ આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. ૫૩૯
શંકા-સમાધાન
પૂ૦ આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૫૪૨
રમુજી ટૂચકાઓ શ્રી જયકીર્તિ ૫૪૩
ભૂતની ભડકમાં શ્રી કાંતિલાલ એમ. શાહ ૫૪૫
શું પૃથ્વી ગોળ છે ? શ્રી કીશોરકાંત ડી. ગાંધી ૫૪૭
બાલજગત જુદા જુદા લેખકો ૫૫૦
પંક્તિભેદ શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૫૫૫
ઓ મારા વીરના પૂ. મુ. શ્રી કીર્તિવિજયજી મ. ૫૫૯
દ્રવ્યાનુયોગની મહત્તા
પૂ૦ પં. શ્રી ધુરંધરવિજયજી મ. ૫૬૧

**૧૨ મા અંકની અનુક્રમણિકા આ અંકના ટાઈટલ પેજ બીજા પર**


## ❋ સજ્ઝાય માળા. ❋

[ સચિત્ર ]

**ભાગ. ૧-૨-૩-૪**

સારા ગ્લેઝ કાગળ, સુંદર મુદ્રણ, અનેક ફોટાઓ, પાકું બાઇન્ડીંગ. આ સજ્ઝાય-માળામાં પ્રાચીન પૂર્વાચાર્યો કૃત અનેક સજ્ઝાયોનો સંગ્રહ છે. થોડા રોજમાં તૈયાર થઈને બહાર પડશે. મૂલ્યની જાહેરાત હવે પછી થશે.

મળવાનું સ્થળ:

**મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ**

ઠે. પતાસાપોળના ઢાળમાં, અમદાવાદ.

જૈન વિધવા બ્હેનોને આશીર્વાદરૂપ આ સંસ્થા પ્રત્યે જૈનસમાજે ઉદાસીનતાને દૂર કરી સહકાર આપવાની જરૂર છે.

## શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ : પાલીતાણા. [સૌરાષ્ટ્ર]

**આ** સંસ્થામાં વિધવા, સધવા અને કુમારિકા બ્હેનોને દાખલ કરવામાં આવે છે અને ધાર્મિક, વ્યવહારિક, હુન્નરઉદ્યોગનું શિક્ષણ આપી અનેક બ્હેનોને તૈયાર કરવામાં આવે છે. આજલગી સેંકડો બ્હેનોએ લાભ ઉઠાવ્યો છે અને ઘણી ધાર્મિક પાઠશાળાઓમાં શિક્ષિકા તરીકે કામ કરે છે અને પોતાનું આજીવન સહેલાઇથી ચલાવે છે.

**સ**ખ્ત મોંઘવારીના સંજોગોને લઈ સંસ્થાને આર્થિક ખોટ ઘણી આવી છે-આવી રહી છે. હવે તો દાનવીરો, શ્રી સંઘો અને પૂ. આચાર્યદેવાદિ મુનિવરોના સદુપદેશથી સહકાર મળે તો જ સંસ્થા પગભર બની શકે એમ છે. 'પુલ નહિ તો પુલની પાંખડી' આપી સંસ્થાને વિકાસને પંથે આગળ ધપાવો એ જ અમારી નમ્ર અભ્યર્થના છે.

મદદ મોકલવાનું સ્થળ.

**શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ**

**પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

લિ૦

**વોરા જયંતિલાલ પાનાચંદ**

ઓ. સેક્રેટરી 'શ્રાવિકાશ્રમ'

# મા ૦ સિ ક ૦ ટૂં ૦ કા ૦ સ ૦ મા ૦ ચા ૦ ર

મહા શુદિ ૧૩ ના રોજ તલાટી પાસેના જૈન સોસાયટીના દહેરાસરની વર્ષગાંઠ હોવાથી પૂજા, આંગી, રોશની અને ધ્વજા–પતાકાથી વિશાળ ચોગાનને શણગારવામાં આવ્યો હતો. રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી, શેઠ શ્રી મુળચંદ ડાહ્યાભાઇ દલાલ, શેઠ શ્રી પરશોતમદાસ સુરચંદ શાહ અને શેઠ શ્રી રતિલાલ જીવણભાઇના ચિ. પ્રવીણચંદ્ર વગેરે એ અંગે પધાર્યા હતા.

શ્રાવિકાશ્રમની કાર્યવાહિ કમિટિ શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઇના અધ્યક્ષસ્થાને મળતાં સંસ્થાની આર્થિક સ્થિતિ અને ઉત્કર્ષ માટે વિચારોની આપ–લે થઇ હતી. શેઠ શ્રી મગનલાલ રણછોડદાસ, ડો. બાવીશી, શ્રી મનસુખલાલ જીવાભાઈ અને માસ્તર માણેકલાલ બગડીઆની કાર્યવાહિ કમિટિમાં નિમણુંક થઇ છે. શેઠ શ્રી પરશોતમદાસ સુરચંદ સંસ્થામાં પધારતાં શેઠ શ્રી જીવાભાઇના આગ્રહથી સંસ્થાના ઉપપ્રમુખ થયા છે અને પેટ્રનના રૂા. ૨૦૦૧) અને એક બ્હેનનો વાર્ષિકખર્ચ આપવાની ઉદારતા બતાવી છે, શેઠ શ્રી જીવાભાઈ તરફથી એક બ્હેનનો વાર્ષિકખર્ચ આપવાનું નક્કી થયું છે.

બેકારીના સમયમાં જૈન વિધવા, સધવા અને કુમારિકાબ્હેનો ગૃહઉદ્યોગદ્વારા પોતાના આજીવનનિર્વાહમાં થોડીઘણી રાહત મેળવે એ આશયથી એક ગૃહઉદ્યોગોનો વર્ગ ખોલવાની શ્રી મનસુખલાલ જીવાભાઈ હિલચાલ કરી રહ્યા છે.

સિદ્ધપુર–પાટણનિવાસી ધર્માનુરાગી શેઠ શ્રી દોલતરામ વેણીચંદ શ્રી શત્રુંજય ગિરિરાજનો ટ્રેઇનદ્વારા ૪૦૦ યાત્રાળુઓનો સંઘ કાઢી તા. ૮–૨–૫૩ ના રોજ પધારેલ છે. સંઘ તથા સંઘવીનું સ્વાગત સુંદર થયું હતું.

ઇલોલનિવાસી અને હાલ મુંબઇ વસતા શેઠ મોહનલાલ લલ્લુભાઇ વાસણવાળા તથા લુણાવાવાળા શેઠ હિંમતમલજી છોગમલજીએ શ્રી ગિરિરાજની ઉપર બે શીખરબંધી દહેરીઓ બંધાવી તા. ૭–૨–૫૩ ના રોજ પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવી છે અને હારિજવાળા શેઠ હઠીચંદભાઇ ગગલચંદે પણ તે બે દહેરીઓની વચ્ચે રહેલા ગોખલામાં પ્રભુજીને પ્રતિષ્ઠિત કર્યા છે.

ડભોઇ ખાતે ન્યાયવિશારદ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ સારસ્વત સત્ર ફાગણ વદિ ૭–૮ ઉજવવાનું નક્કી થયું છે. મહોપાધ્યાયજી અંગેના નિબંધોની માગણી પણ કરાઈ છે.

પૂ. આચાર્ય શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં મુલુંડ (મુંબઇ) ખાતે ફાગણ શુદિમાં પ્રતિષ્ઠામહોત્સવ થવાનો છે.

માંગરોળનિવાસી હાલ મુંબઇ કોટમાં વસતા શેઠ શ્રી હીરાલાલ સોમચંના સુપુત્ર ભાઇ વસંતકુમારે ૧૯ વર્ષની યુવાન વયે પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજ પાસે મહા શુદિ ૧૧ ના પવિત્ર દિને ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. સુખ–સાહ્યબીમાં ઉછરેલા અને મેટ્રિક સુધીનો અભ્યાસ કરી યુવાનવયે દીક્ષા અંગીકાર કરવા બદલ અંતરના અભિનંદન પાઠવીએ છીએ.

પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિજી મ. નાં વ્યાખ્યાનો તેમજ પૂ૦ આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. નાં વ્યાખ્યાનો બે આનાની ટીકીટો બીડવાથી આ સીરનામેથી સાધુ–સાધ્વીઓને ભેટ મળશે. શાહ લખમાજી ધરમચંદ **દાવણગીરી** ( માઇસોર સ્ટેટ )